॥ હરિઃૐ ॥

# જીવતા નર સેવીએ

પૂજ્ય શ્રીમોટા

(ટેપ રેકોર્ડેડ વાણી પરથી)

: સંપાદક :
શ્રી રજનીભાઈ બરમાવાળા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, સુરત-૩૯૫૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.

| **❑ આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૧ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૧ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૨૦ + ૧૦૦ = ૧૨૦

❑ કિંમત : **રૂ. ૧૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭૦૦૧

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ મુદ્રક : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪,
ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના સમાજસેવાનાં કાર્યોથી આકર્ષાઈને
હરિઃૐ આશ્રમ, સુરતની મુલાકાત લેનાર અને
પૂજ્યશ્રીની શાશ્વત ચેતનાના સ્પર્શનો
જીવનમાં અનુભવ પામનાર અને
હરિઃૐ આશ્રમની પ્રવૃત્તિઓમાં સહાયરૂપ બનનાર
સ્વજન દંપતી
**શ્રી કંચનલાલ નારણદાસ રાણા**
અને તેમનાં ધર્મપત્ની
**શ્રીમતી મંજુલાબહેન કંચનલાલ રાણા**
તથા તેમનાં વડીલ માતાપિતા
**સદ્‌ગત શ્રી નારણભાઈ ઝીણાભાઈ રાણા**
અને
**સદ્‌ગત શ્રીમતી ધનકોરબહેન નારણભાઈ રાણાને**
આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ
અત્યંત પ્રેમ અને આદરપૂર્વક
સમર્પણ કરતાં
આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

તા. ૧૫-૦૭-૨૦૧૧ **ટ્રસ્ટીમંડળ**
ગુરુપૂર્ણિમા હરિઃૐ આશ્રમ, સુરત
સં. ૨૦૬૭

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય મોટાના દેહાવસાનના થોડાક દિવસ પહેલાંની જ વાત. હું કુટુંબ સહિત પૂજ્ય શ્રીમોટાનાં દર્શને નડિયાદ આશ્રમે ગયો. બુધવારનો દિવસ હતો. પૂજ્ય મોટાએ મળવાનું બંધ કરેલું, પરંતુ પ્રભુકૃપાથી અમને દસ મિનિટ મળી. પૂજ્ય મોટાની શારીરિક સ્થિતિ ખૂબ ખરાબ. ગળા પર સોજો વધારે. Water logging થઈ ગયેલું. ગળામાં બોલવાથી ઘસારો થાય અને લોહી પણ પડે. એમના દેહને ખૂબ દુઃખ. ત્રીજે દિવસે શુક્રવારે કૉલેજમાં શ્રી અનુપરાય ભટ્ટસાહેબ સંદેશો લઈ આવ્યા કે પ્રો. રમેશ ભટ્ટ મારે ઘરે આવ્યા હતા અને તમને ***મોટા***એ કહેવડાવ્યું છે કે ટેપરેકોર્ડરની વ્યવસ્થા કરી ભટ્ટસાહેબને લઈને રવિવારે આશ્રમે સત્સંગ કરવા આવવાનું છે.

હું ભારે આશ્ચર્યમાં પડી ગયો. પૂજ્ય ***મોટા***ની જે સ્થિતિ હતી, તેમાં એ શક્ય ન હતું. પરંતુ આ તો ‘ગુરુનો હુકમ’ પાળવો જ રહ્યો. મેં ટેપરેકોર્ડરની વ્યવસ્થા કરી. એક ટેપ ‘સોની’ની મેળવી અને અમે તો જઈ પહોંચ્યા નડિયાદ આશ્રમે.

**-ઈન્દુકુમાર દેસાઈ**

તે દિવસે જે સત્સંગ થયેલો તેની ટેપ શ્રી ઇંદુકાકાએ (ઇંદ્રવદન શેરદલાલે) મેળવીને રજનીભાઈ પાસે ઉતરાવીને તે પરથી આ પુસ્તક ‘જીવતા નર સેવીએ’ની પહેલી આવૃત્તિ શ્રી ઇંદુકુમાર દેસાઈના ઉપરોક્ત સંપાદકીય નિવેદનસહ પૂજ્ય શ્રીમોટાના પરમ ભક્ત શ્રી બચુભાઈ (વાડીલાલ આઇસક્રીમવાળા)ની પુણ્યતિથિએ એમને શ્રદ્ધાંજલિરૂપે સંકલ્પ કરી સ્વજનોને પ્રોત્સાહિત કરી સૌના

લાભાર્થે પ્રકાશિત કરાવી હતી. શ્રી ઇંદુકુમાર દેસાઈના સંપાદનમાં અસલ ટેપ-વાણીમાંથી ઘણી બાબતો કાઢી નાખવામાં આવી હતી, તેથી તે બાબતોનો સમાવેશ શ્રી રજનીભાઈના આ બીજી આવૃત્તિના સંપાદનમાં કરી દેવામાં આવ્યો છે.

પ્રથમ આવૃત્તિમાં પૂજ્ય શ્રીમોટાના બહુ જૂના સ્વજન અને પૂજ્ય શ્રીમોટાની આધ્યાત્મિક વિચારધારાને સમજનાર-પચાવનાર સાબરમતી આશ્રમના વર્ષો સુધીના અંતેવાસી સ્વ. શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાયનો 'સમકાલીન સંતોમાં પૂજ્ય શ્રીમોટાનું વિશિષ્ટ પ્રદાન' એ નામનો પ્રશસ્ય વિશ્લેષણાત્મક લેખ (લગભગ સાઠેક પાનાં)નો આ આવૃત્તિમાં સમાવેશ સંજોગાધીન કરેલ નથી. આમ છતાં આની ઝલકરૂપે સદર લખાણનો અમુક-તમુક ભાગ રસ ધરાવનારાઓ તે વાંચવા પ્રોત્સાહિત થાય તેવા ભાવથી સામેલ કરેલ છે.

અત્રે 'હરિઃૐ'થી જાણીતા રજનીભાઈ બરમાવાલા, ટ્રસ્ટીશ્રી હરિઃૐ આશ્રમ, સુરતનાનો આ તથા પૂજ્ય શ્રીમોટાવાણીની સમગ્ર શ્રેણીનું પ્રકાશન ટેપ રેકોર્ડેડ વાણી ઉપરથી ઉપલબ્ધ કરી આપવા માટેના ભાવભર્યા પરિશ્રમનો ઉલ્લેખ ઉચિત ગણાશે.

આ બીજી આવૃત્તિ પૂજ્ય શ્રીમોટાના બીજા એક પરમ ભક્ત બળવંતભાઈ એ. કડીયાની સ્મૃતિમાં ઇંદુકાકાની સમર્પણાંજલિસહ પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ.

**-યશવંત એ. પટેલ (બાપુ)**

# ‘સમકાલીન સંતોમાં પૂજ્ય શ્રીમોટાનું વિશિષ્ટ પ્રદાન’ સ્વ. શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાયના પ્રથમ આવૃત્તિમાં સમાવિષ્ટ કરેલ લેખમાંથી કેટલીક ઝલક....

સદ્‌ગુરુએ જ તેમને સમાજને બેઠો કરવાનો આદેશ આપ્યો અને કેવળ ભગવાનના હેતુ અર્થે જ જીવવાનો આદેશ આપ્યો. તે પ્રમાણે તેમણે જીવનના છેલ્લા શ્વાસ સુધી કર્મો કર્યાં અને શરીર છોડ્યા પછી પણ છેલ્લાં કેટલાંક વર્ષથી હજુ પણ તેનો સંકલ્પ કામ કરી રહેલો છે, તેવું પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ.

સમકાલીન સંતોમાં પૂજ્ય મોટાની દેણ એ હતી કે તેમણે સદ્‌ગુરુની કૃપાથી મળેલી અસાધારણ શક્તિથી સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિમાં જ જીવન અને પ્રાણ રેડી દીધા. આપણે જોઈએ છીએ કે સામાન્ય રીતે પ્રતિષ્ઠા પામેલા સાધુ-સંતોને ચરણે કરોડો રૂપિયાનાં દાનો આવે છે, પરંતુ તેનો ઉપયોગ દેશપરદેશમાં મોટાં મોટાં મંદિરો સ્થાપવામાં અને બીજી રૂઢિગત રીતે થાય છે. સમકાલીન સંત પૂજ્ય રણછોડદાસજી મહારાજ કહેતા કે ભારતમાં કેટલાંયે દેવસ્થાનોમાં અબજો રૂપિયાની સંપત્તિ છે. કેટલાંક મંદિરોને વાર્ષિક આવક જ પંદરથી વીસ કરોડ રૂપિયા સુધીની હોય છે. પરંતુ દેશની અડધી જનતા અડધે પેટે જીવે છે અને મંદિરોમાં અન્નકૂટોના ડુંગરા ખડકાય છે અને તેને પણ પ્રસાદી રૂપે વેચીને પૈસા પેદા કરવામાં આવે છે. કલ્પના કરો કે જ્યારે દેશમાં રામ, કૃષ્ણ, બુદ્ધ કે ગાંધી થવાની સંભવિતતાવાળા કરોડો લોકો ભૂખ્યા મરી જતા હોય, ત્યારે મંદિરોના વૈભવોને ધર્મ શી રીતે કહી શકાય ? પૂજ્ય મોટાને પૂરેપૂરું સમજાઈ ગયું હતું કે

દેશનો સમાજ પ્રાણ ખેંચી રહ્યો છે, પરંતુ તેમાં જીવન રહ્યું નથી. મરણતોલ દશામાં શ્વાસ ખેંચી રહ્યો છે. આપણે સામાન્ય રીતે ગમે તે રીતે પ્રાણ ટકાવી રાખવાને જ જીવન સમજીએ છીએ. સ્વમાન વિનાના હડધૂત જીવનને ટકાવી રાખવામાં આપણને સંકોચ કે શરમ લાગતાં નથી. પૂજ્ય મોટા આવા મરણતોલ સમાજને પ્રાણવાન કરવા, ખમીરવંતો બનાવવા, સાહસ અને પરાક્રમો કરવા માટે બેઠો કરવા માગતા હતા. સમકાલીન સંતોમાં પૂજ્ય મોટાની આ એક વિશેષતા હતી.

સાગર, સરોવર, નદી વગેરે જલરાશિમાંથી સાવ વિખૂટું પડેલું જલબિંદુ એક ક્ષણ પણ ટકી ન શકે. જળપ્રવાહની સાથે હોય તો તેમાં શક્તિ, ગતિ વગેરે હોય પણ જો સમૂહથી છૂટું પડે તો એક ક્ષણમાં વરાળરૂપ બની પોતાનું મૂળ સ્વરૂપ ગુમાવે.

પૂજ્ય મોટા એક મહાયોગી હતા. જે રીતે તેમણે જીવન દરમિયાન સંકલ્પો કરી કાર્યો સિદ્ધ કર્યાં, જે રીતે મૌનમંદિરો સ્થાપી અને આગવી સાધના પ્રણાલી પ્રચલિત કરી. વર્ષોથી જે અવિરતપણે ચાલી રહી છે, જેમાં દેશી અને પરદેશી સાધકોએ પૂજ્ય મોટાની સંચારી ચેતનાનો અનુભવ કર્યો છે અને જે રીતે આખરે તેમણે સ્વેચ્છાએ શરીરનો ત્યાગ કર્યો, એ બધું પૂજ્ય મોટા એક ચેતનારૂઢ યોગી હતા, તે સ્પષ્ટ બતાવે છે. આપણે સંત શબ્દનો પ્રયોગ પણ યથેચ્છ રીતે કરીએ છીએ, તેવી જ રીતે 'યોગી' શબ્દનો પ્રયોગ કરતા હોઈએ છીએ, આવા ઘણા શબ્દો છે, જેના પ્રયોગ પાછળ આપણી સમજ સ્પષ્ટ હોતી નથી.

સહેજ વિચાર કરતાં આપણને જરૂર સમજાશે કે આ અખંડ અને અદ્‌ભુત વિશ્વના આપણે એક અંશ છીએ. We are a part of the whole universe.

અખંડના એક અંશ તરીકે એટલે કે સમગ્ર વિશ્વના એક અંશ તરીકે આપણે સાવ તુચ્છ, નગણ્ય છીએ પણ આવા અદ્‌ભુત વિશ્વના એક અંશ હોવાથી આપણે ખરેખર મહાન પણ છીએ.

રજ પણ સુવર્ણની હોય, એક કણ પણ સાચા હીરાની હોય તો તેની કિંમત ઘણી ગણાય. સાચો યોગી આ જાણે છે અને તેથી તેને સતત એક સાથે simultaneously પોતાની તુચ્છતા અને મહાનતાનું ભાન awareness સહજપણે રહ્યાં કરતું હોય છે. આનું પ્રત્યક્ષ દૃષ્ટાંત શ્રીકૃષ્ણે મહાભારતમાં પૂરું પાડ્યું છે. પાંડવોના રાજસૂયયજ્ઞમાં 'યુગપુરુષ' તરીકે પૂજન પણ સ્વીકાર્યું અને યજ્ઞમાં સૌનાં એઠાં પતરાળાં ઉપાડવાનું ભંગીનું કામ પણ કર્યું હતું.

આથી જ શ્રીકૃષ્ણને યોગેશ્વર કહ્યા છે અને ગીતામાં વારંવાર અર્જુનને યોગી થવા શ્રીકૃષ્ણે ઉપદેશ આપ્યો છે.

આપણે જ્યાં સુધી જીવદશામાં જીવતાં હોઈએ, ત્યાં સુધી આ 'યોગ'ની સ્થિતિ શું છે, તેની કલ્પના આવવી પણ શક્ય નથી. જીવદશામાં જીવમાત્ર પોતાના 'અહં' ઉપર, પોતાની 'મમતા' ઉપર મુસ્તાક હોય છે.

ચેતનને કારણે જ આપણે મન, બુદ્ધિ, અહંકારરૂપ વ્યક્ત થઈએ છીએ. એ ચેતનના અભાવે આપણું અસ્તિત્વ ન હોઈ શકે. આપણને ભાન પ્રકટે છે કે 'હું'. 'હું' એટલે આ ચેતનનું સ્ફુરણ, વ્યક્તવ્ય. 'હું એટલે માત્ર શરીર નહિ, અમુકનો પુત્ર, પિતા, ભાઈ, શેઠ વગેરે માત્ર નહિ.' ગહન તત્ત્વ સમજવું જરૂરી છે.

આપણા લોકોમાં ત્રિવેણીસંગમનું માહાત્મ્ય ઘણું ગણાય છે. ત્રિવેણીસંગમમાં બે નદીઓ પ્રકટ હોય છે અને ત્રીજી નદી ગુપ્ત સરસ્વતી તરીકે ઓળખાય છે. **આ ત્રિવેણીસંગમ તીર્થરૂપ પવિત્ર ગણાય છે. આ એક બહુ ગૂઢ છતાં સુંદર પ્રતીક છે. 'હું' અને 'તું' મળીએ એ બંને પ્રકટ સરિતાઓ છે. જો આપણા બેના મિલનથી આપણા બંનેના અસ્તિત્વનું કારણરૂપ 'તે' એટલે ચેતનરૂપ પ્રભુ પ્રકટે તો સમજવું કે ત્રિવેણીસંગમ પવિત્ર તીર્થ પ્રકટ થયું** પણ આપણે બે—'હું' અને 'તું' મળીને ગાળાગાળી કરીએ, મારામારી કરીએ, છરાબાજી કરીએ તો આપણે તીર્થને બદલે સ્મશાન નિર્માણ કરીએ. સામાન્ય માનવસમાજનું જીવન આવા પ્રકારનું દેખાય છે.

કુરુક્ષેત્રને ધર્મક્ષેત્ર બનાવવા માટે જ શ્રીકૃષ્ણે અર્જુનને યોગી થવાનો ઉપદેશ આપ્યો છે. ઉપર કહ્યું તેમ યોગીને ગુરુકૃપાથી એવું એકસાથે પ્રકટે છે કે પોતે આ વિશ્વના એક ભાગ તરીકે તુચ્છ છે અને આવા અલૌકિક વિશ્વના એક અંશ હોવાથી પોતે પણ અલૌકિક મહાનતા ધરાવે છે. આ એક વાસ્તવિક સ્થિતિ છે. દરેક વ્યક્તિમાં આ ક્ષમતા રહેલી છે પણ સાચું ભાન પ્રકટાવનાર સદ્ગુરુની કૃપા થવી જોઈએ.

સંતભક્તનાં લક્ષણો ગીતામાં જે રીતે વર્ણવેલાં છે, તેમાં અભયને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે 'अभयम् सत्त्वसंशुद्धि' (ગીતા ૧૬/૧)વગેરે. પૂજ્ય મોટા અવારનવાર ભયનાં સ્થાનો એટલે કે જ્યાં ભૂત થાય છે, એવા વહેમો ચાલતા હોય તેવાં સ્થાનોમાં ખાસ રાત રહેતા. અભય કેળવાયા વિના બીજા કોઈ ગુણો માણસમાં પ્રગટી શકતા નથી. માણસ ખરેખર નિર્ભય ક્યારે થાય ? ઉપનિષદ્માં કહ્યું છે द्वयं भयं भवति બેપણાના ખ્યાલમાંથી ભય પેદા થાય છે. જ્યાં સુધી સચરાચરમાં ખરેખર બ્રહ્મતત્ત્વ રહેલું છે એવો જાત અનુભવ ન થાય ત્યાં સુધી માણસમાંથી ભય જતો નથી. ભય એક સંસ્કાર છે અને ભયનો સામનો કર્યા વિના માણસ કદીયે નિર્ભય થતો નથી. આથી જ પૂજ્ય મોટા કેટલાક સાધકોને સ્મશાનમાં સૂવાની ટેવ પડાવતા. આ રીતે ***મોટા***ની સાચી મોટાઈની બાબતમાં અને સંતનાં લક્ષણો વિશે કહેવાયું છે અને પૂજ્ય મોટા એક મોટા આધ્યાત્મિક ક્રાંતિકાર હતા, તેનો ખ્યાલ આપવાનો પ્રયત્ન કર્યો છે.

હવે પૂજ્ય મોટાની સમાજને વિશિષ્ટ દેણની બાબતમાં થોડું જે કંઈ જાણું છું, તે કહેવાનો પ્રયત્ન કરું છું. આપણે જોયું કે અભયનો ગુણ કેળવાયા વિના માણસ સાચી મોટાઈ પામી શકતો નથી. પૂજ્ય મોટાએ સમાજને મૃતઃપ્રાય સ્થિતિમાં જોયો એટલે તેને બેઠો કરવાની સહજવૃત્તિ જાગી. મને ખ્યાલ છે કે કેટલાક કિશોરોને પણ તેઓ અડધી રાત્રે અંધારામાં દૂર સુધી મોકલવાનો આદેશ

આપતા. શ્રી નંદુભાઈનાં પત્નીને એક ઉજ્જડ કૂવાની બખોલમાં બેસાડીને મૌન લેવડાવ્યું હતું. નડિયાદના આશ્રમમાં મોટા વડના ઝાડ પર જ્યાં એક સાપ રહેતો હતો, ત્યાં રાતે બેસવાનું મને સૂચવ્યું હતું. પૂજ્ય મોટાની કૃપાથી ત્યાં આખી રાત બેસીને મેં મોટે મોટેથી સવાર સુધી નામસ્મરણ કર્યું હતું.

**નિર્ભયતા અને સાહસના ગુણો કેળવાયા સિવાય માણસની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ સંભવિત નથી.** એટલે જ્યારે પૂજ્ય મોટાએ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિ હાથ ધરી, ત્યારે સમાજના યુવાનોમાં નિર્ભયતા, સાહસ અને પરાક્રમના ગુણો ખીલે એ માટે તરણ-સ્પર્ધાઓ માટે સ્નાનાગારો બંધાવ્યા. પરાક્રમ કરી બચાવનાર સાહસિકોને ઇનામો આપવાની યોજના કરી. સમાજને બેઠો કરવાની આ જાતની પ્રવૃત્તિઓ પૂજ્ય મોટાનું વિશિષ્ટ પ્રદાન છે. ચીલાચાલુ દાન વિશે—ધર્મશાળાઓ બંધાવે, અન્નક્ષેત્રો ખોલે, મંદિરો બંધાવે તેવો—આપણા દેશમાં રિવાજ છે. પૂજ્ય મોટાએ આ ચીલાચાલુ દાનપ્રવૃત્તિના વહેણને બદલ્યું. પૂજ્ય મોટાના આ વિશિષ્ટ પ્રદાનનું સાચું મૂલ્યાંકન ભવિષ્યમાં થશે.

પૂજ્ય મોટા એમ કહેતા કે **મનુષ્યમાં જે જે વિશેષ ગુણ અને ભાવ છે, તે પરમાત્માનો જ આવિર્ભાવ છે. એટલે વ્યક્તિના ગુણ અને ભાવની યોગ્ય રીતે કદર કરવી, તે પરમાત્માની સાચી ભક્તિનું એક સ્વરૂપ છે.** ગીતામાં કહેલું છે કે જેમાં જેમાં ગુણ અને ભાવ રહેલાં છે, કંઈક ઊંચું વિભૂતિમત્ તત્ત્વ રહેલું છે, તે પરમાત્માનો જ અંશ છે. પરમાત્મા તો આકાશ જેટલા વ્યાપક હોવાથી તેને પકડી શકતા નથી. પરંતુ **પરમાત્માના સર્જનમાં જ્યાં જ્યાં વિશેષ ભાવ ને ગુણ દેખાય તેનું હાર્દિક રીતે અને સક્રિય કદર કરતાં શીખવું જોઈએ તે આધ્યાત્મિક સાધના છે.** આપણે પ્રસંગે પ્રસંગે પૂજ્ય મોટા રચિત આરતી ગાઈએ છીએ જેમાં તેમણે સ્પષ્ટ રીતે કહેલું છે કે —

'જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો-પ્રભુ(૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો-
ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો.'

**આપણે આ ગાઈએ છીએ ખરા પણ તેનો આચાર કરવાની ચીવટ રાખી શકતાં નથી. ઊલટા કોઈના વિશેષ ગુણ અને ભાવ જોતાં આપણામાં તેજોદ્વેષ પ્રગટે છે અને તેમને કેવી રીતે ઉતારી પાડી શકાય તેવી પ્રવૃત્તિમાં આપણું મન ઢળી પડે છે. ગુણ અને ભાવની કદર કરવાનું પૂજ્ય મોટાએ જે શીખવ્યું, તે તેમનું એક વિશિષ્ટ પ્રદાન છે.**

આધ્યાત્મિક સાધનાની દૃષ્ટિએ પૂજ્ય મોટાનું વિશિષ્ટ પ્રદાન એ હતું કે તેઓ પ્રચંડ પુરુષાર્થ ઉપર ભારે ઝોક મુકતા હતા. કૃપાનું ગૂઢ રહસ્ય સમજ્યા વિના કેવળ કૃપા ઉપર જ આધાર રાખનાર સાધક ઉપર પૂજ્ય મોટા ઘણીવાર ખૂબ અકળાઈ જતા. તેઓ તો કહેતા કે 'જે ચાલે છે તેનો માર્ગ કપાય છે.' સાધુ, સંતોના આશીર્વાદ અને કૃપા ઉપર જ આધાર રાખનારા ભ્રમમાં જીવે છે. સાધનાના માર્ગ ઉપર કંટાળ્યા વિના, થાક્યા વિના સતત મથ્યા કરે છે, તે જ કંઈક પામી શકે છે. કૃપાના નામે જે કેવળ સમય વેડફી નાખે છે, તેઓ પોતાને મળેલા જન્મનો અવસર ગુમાવી દે છે. પ્રીતમ કવિએ સાચું કહ્યું છે —

માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેજ જોને,
મહા પદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.
હરિનો મારગ છે શૂરાનો, કાયરનું નહિ કામ જોને.

અનુભવીઓ કહે છે કે હરિની કૃપા તો પર્જન્ય એટલે વરસાદ જેવી છે. તે સતત વરસતી જ રહે છે, પણ જો આપણું પાત્ર જ ઊંધું હોય તો તેમાં એક ટીપું પાણી પણ નહિ ભરાય. હકીકતમાં તો આપણને શરીર મળ્યું છે, આપણે દિવસ-રાત શ્વાસોચ્છ્વાસ ખેંચી રહ્યા છીએ, હૃદય સતત ધડકી રહ્યું છે, એ જ પ્રભુની કૃપાનું પ્રત્યક્ષ નિશાન છે, સાબિતી છે. આપણે આ મળેલા જીવનનો

ઉપયોગ કેવો કરીએ છીએ, મળેલા જીવનનો ખરો હેતુ શું છે, તેનું સાચું ભાન થયા વિના અને ભાન થયા પછી તે હેતુને પ્રગટાવવા ક્ષણે ક્ષણે, શ્વાસે શ્વાસે તે હેતુને માટે પ્રયત્ન કર્યા વિના પાર પાડી શકાય નહિ. પૂજ્ય મા આનંદમયી હંમેશાં કહેતાં, 'જે ક્ષણ જાય છે તે પાછી આવતી નથી, માટે એક ક્ષણ પણ નકામી જવા ન દો. *હરિકથા હી કથા ઔર સબ વૃથા વ્યથા.'* હરિનું નામ એ જ માત્ર સાચો આધાર છે, સત્ય છે, બીજું બધું વ્યર્થ વ્યથા જ છે.

પૂજ્ય મોટાના જીવનમાંથી આપણને આ વાત જ શીખવાની મળે છે. તેમનો પુરુષાર્થ કેટલો પ્રચંડ હતો. કલ્પના કરતાં પણ કંપી જવાય. નર્મદાના ધુંવાધાર ધોધ પાછળની બખોલમાં તેઓએ બેસીને સાધના કરી હતી. કેટલોક વખત મળમૂત્ર ઉપર જીવન ટકાવી સાધના કરી હતી. આ આવા મરજીવાનો માર્ગ છે. મૂળ વાત એ છે કે ભગવાન જ આપણા પ્રધાન રસનું કેન્દ્ર બનવો જોઈએ. આપણે વ્યવહારમાં જે બાબતની લગન લાગે છે, તે પાછળ ખુવાર થઈ જઈએ છીએ. આપણી લગનના વિષય સિવાય આપણે બીજી કોઈ વાતમાં રસ પડતો નથી. આ જ રીતે જ્યારે ભગવાન જ આપણું લક્ષ બને, ત્યાર પછી જ આપણી પ્રવૃત્તિ તે દિશામાં આપોઆપ થાય. પૂજ્ય મોટા આ માટે ગરજ શબ્દનો ઉપયોગ કરતા. કોઈ પણ બાબતની જ્યારે ગરજ પ્રકટે છે, ત્યારે આપણે તે માટે ઊંચાનીચા થઈએ છીએ, આકાશ-પાતાળ એક કરવા પ્રયત્નશીલ બની જઈએ છીએ. ધારો કે કોઈ એક મોટી નોકરી માટે કે બીજા કોઈ લાભ માટે આપણે આજે મુંબઈ જવાનું થાય તો આપણે બીજું બધું કામ એક બાજુ પર રાખી દઈ, બેગ તૈયાર કરી, વખતસર, સ્ટેશને પહોંચી ગાડી પકડી લઈએ છીએ. આ બધું આપોઆપ ટપોટપ કરીએ છીએ, કારણ કે એ માટે ગરજ ઊભી થઈ છે. આ રીતે ભગવાનની ગરજ જાગે, તેના વિના એક ક્ષણ પણ રહી ન શકાય તેવી તીવ્ર ગરજ પ્રકટે, ત્યારે સાધનાને માર્ગે ચઢાય અને ગમે તેવાં કષ્ટો, જોખમો ઉઠાવવાની

તૈયારી થાય. ગરજ, સાચી ગરજ પ્રકટ્યા વિના આ દિશામાં આગળ ન જ વધાય તેમ પૂજ્ય મોટા સતત કહેતા. એચ.જી. વેલ્સે બુદ્ધના ચરિત્ર વિશે લખતાં ખૂબ જ સચોટ ભાષામાં લખ્યું છે—

'Buddha awoke one night like a man who was told that his house was on fire.'

'એક રાતે બુદ્ધ એવી રીતે જાગી ગયા કે જેમ કોઈ માણસને કહેવામાં આવે કે તેના ઘરને આગ લાગી છે.' આવું સાંભળી કોઈ પણ માણસ જીવ બચાવવા, ઘર બચાવવા સફાળો જાગી જાય. આ જ રીતે જીવને લાગવું જોઈએ કે જીવન મળ્યું છે એટલે કે અવસર મળ્યો છે, જીવન કઈ ક્ષણે પૂરું થશે, તેની કોઈ ખાતરી નથી તો જીવનનો હેતુ પાર પાડવા વિના વિલંબે પ્રયત્નશીલ બનવું જોઈએ.

પૂજ્ય મોટાએ આધ્યાત્મિક સાધનાની કસોટી પ્રકૃતિના રૂપાંતરમાં ગણાવી છે અને આ માર્ગે જવા માટે ઊંડી ગરજ જન્મવાની આવશ્યકતા અને અપાર સાહસ અને પરાક્રમવૃત્તિની જરૂર છે એના પર ભાર મૂક્યો છે. કૃપાને બદલે પુરુષાર્થ પર પ્રબળ ભાર મૂક્યો છે, તે આધ્યાત્મિક ક્રાંતિકારી સંત તરીકે પૂજ્ય મોટાનું વિશિષ્ટ પ્રદાન છે. **આ માટે જ મરેલો સમાજ આધ્યાત્મિક સાધનાને માર્ગે વળી શકે તે માટે ખાસ યોજનાઓ કરી છે. અત્યારે સમાજ જેવો દેખાય છે તેવો મોટે ભાગે આધ્યાત્મિક સાધનાને માર્ગે જવાને માટે લાયકાત ધરાવતો નથી તેવું બેધડક રીતે સ્પષ્ટ કહેતાં *મોટા* કદીએ ખચકાયા નથી.** સમાજના ઉત્થાન માટે પૂજ્ય મોટાએ જુદી જુદી યોજનાઓ કરી. એને માટે લોકો પાસે દાનની ભીખ માંગી, ત્યારે પણ તેમનામાં એક યાચકની પામરતા જોવામાં આવતી ન હતી. તેઓ તો સ્પષ્ટપણે મોટે અવાજે પડકાર કરતા, 'ભાઈઓ કપડાં ખંખેરીને ચાલતાં ન થશો. હું આ મારા માટે માગતો નથી, તમારા સૌને માટે, સમાજને માટે ભીખ માગી રહ્યો છું.' આવો પડકાર કરતાં કરતાં પૂજ્ય મોટાની આંખો સજળ બની જતી અને

જો આપણામાં સમજ હોય, દિલ હોય તો સમાજના ઉત્થાન માટે એટલી ઊંડી સંવેદના હતી તેનું આપણને ભાન થાય અને પૂજ્ય મોટાની હાકલને જવાબ આપવાનું દિલ થયા વિના રહે નહિ. આ રીતે તેઓએ સમાજ પાસેથી એક કરોડ રૂપિયાનું દાન મેળવ્યું અને સમાજને જ પાછું વિવિધ રીતે આપ્યું. સંત પુરુષ તરીકે ***મોટા***ની આ વિશેષતા અજોડ હતી.

પૂજ્ય મોટા કહેતા, કે સ્વાર્થ શીખવવો પડતો નથી. સ્વાર્થ તો માણસ સહજ રીતે જ સાધ્યા કરતો હોય છે. પરમાર્થ શીખવો પડે છે. એકલા સ્વાર્થમાં રચ્યાપચ્યા રહી કોઈ આધ્યાત્મિક પંથે આગળ વધી શકે નહિ. **ભગવાનને મેળવવા એ જ સાચો સ્વાર્થ છે અને તે માટે ભગીરથ પુરુષાર્થની આવશ્યકતા છે.** આપણે થાળી ભરીને ભોજન ખાતા હોઈએ, ત્યારે પડોશમાં કોઈ ભૂખ્યું સૂતું હોય તો કોળિયો આપણે ગળે ઊતરવો ન જોઈએ. વ્યક્તિમાત્રમાં ઓછેવત્તે અંશે ઉત્ક્રાંત થયેલો આપણા પ્રાણનો આધાર પરમાત્મા બેઠેલો છે. તેને ભૂખમાં અને દુઃખમાં જોઈ આપણા અંતરમાં આગ સળગવી જોઈએ. આપણા રોટલામાંથી કટકો તે ભૂખ્યા માણસના પેટમાં જવો જોઈએ. સમાજ માટે જો આવી સંવેદનશીલતા અને ભાવ ન જાગે તો આપણને આધ્યાત્મિક સાધનાનું નામ દેવાનો પણ અધિકાર નથી.

પૂજ્ય મોટાનું દિલ પોતાનાં સ્વજનો માટે સતત રડ્યાં કરતું, તે મેં પ્રત્યક્ષ જોયું છે.

**કોઈ પણ સાધનાનો મર્મ પ્રેમનો ઉદય થાય તે છે. ત્યાગ, બલિદાન, નિઃસ્વાર્થતા, નિરઅહંકારપણું વગેરે હૃદયમાં પ્રેમનો ઉદય થયા વિના પ્રગટાવવા શક્ય નથી.**

**- સ્વ. પ્રતાપભાઈ ઉપાધ્યાય**

॥ હરિઃૐ ॥

# નિવેદન (ત્રીજી આવૃત્તિ)

હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા હાલમાં પૂજ્ય શ્રીમોટાની કેસેટ-ટેપ વાણી ઉપરથી સંકલિત થયેલાં પુસ્તકોના પ્રકાશનનું કાર્ય થઈ રહ્યું છે. પૂજ્ય શ્રીમોટાવાણી ભાગ-૧ થી ૧૩ના પ્રકાશન બાદ હવે આ પુસ્તકનું પુનઃમુદ્રણ થઈ રહ્યું છે. પૂજ્ય શ્રીમોટાએ જીવનના અંતિમ દિવસોમાં શારીરિક અસ્વસ્થતા હોવા છતાં સત્સંગ માટે ટેપરેકર્ડર લઈને નડિયાદ આશ્રમે શ્રી અનુપમરાય ભટ્ટ અને શ્રી ઈન્દુકુમાર દેસાઈને બોલાવ્યા હતા. આ અંતિમ વાણીનો સંગ્રહ એટલે 'જીવતા નર સેવીએ' પુસ્તક.

આ સંતવાણીના પ્રથમ પ્રકાશન વેળાએ ટેપવાણી સાંભળીને તેની પુસ્તક રૂપે નોંધ કરનાર તથા પુસ્તકનું સંકલન અને મુદ્રણશુદ્ધિ કરનાર હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી શ્રી રજનીભાઈ બરમાવાળાનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. તે ઉપરાંત અન્ય તમામ સ્વજનો જેઓ પ્રથમ આવૃત્તિના પ્રકાશન કાર્યમાં સહાયરૂપ બન્યા છે તે તમામનો આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાની આ વાણી, તેઓશ્રીના અક્ષરદેહ, તેઓશ્રીએ ચીંધેલા સમાજસેવાનાં કાર્યોને આપણા જીવનમાં વણી લઈએ અને સંત-સમાગમનો અનુભવ પામીને જીવનમાં મહત્તમ લાભ મેળવી શકીએ અને તેમના થકી આપણો આ મનુષ્ય જીવનનો ફેરો સાર્થક કરીએ તેવી શુભેચ્છા સાથે આ પુસ્તક સમાજના ચરણે અર્પણ કરીએ છીએ.

તા. ૧૫-૦૭-૨૦૧૧ **ટ્રસ્ટીમંડળ**
ગુરુપૂર્ણિમા હરિઃૐ આશ્રમ, સુરત
સં. ૨૦૬૭

॥ હરિ:ૐ ॥

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | જીવદશાવાળાની અને અજપાજપવાળાની શ્વાસની પ્રક્રિયા જુદી છે | ૧ |
| ૨. | ઊંઘમાં સભાનતા કેવી હોય ? | ૨ |
| ૩. | ચિત્તનો વિક્ષેપ બંધ થાય પણ શ્વાસ-પ્રશ્વાસની ક્રિયા રહે છે | ૩ |
| ૪. | ચેતનના અનુભવીનો શ્વાસ જુદો હોય છે | ૪ |
| ૫. | જપયજ્ઞ બધા યજ્ઞોમાં શ્રેષ્ઠ | ૪ |
| ૬. | સાપ કરડ્યો એ ભગવાનની કૃપા | ૫ |
| ૭. | મંત્રજપ કેવો હોવો જોઈએ ? | ૭ |
| ૮. | જીવદશાવાળાના અને અનુભવીના શ્વાસમાં ફરક છે | ૮ |
| ૯. | અનુભવીનાં નિમિત્તો સકળ બ્રહ્માંડમાં છે | ૯ |
| ૧૦. | જીવદશાવાળા perforce જાય છે | ૧૦ |
| ૧૧. | અનુભવીનો સંસાર | ૧૧ |
| ૧૨. | ભગવાનનો અવતાર, મુક્તાત્માનો અવતાર જીવન્મુક્તનો અવતાર | ૧૩ |
| ૧૩. | દરેક અવતારનું જુદું જુદું મિશન | ૧૩ |
| ૧૪. | નિમિત્ત | ૧૫ |
| ૧૫. | હઠીલાં નિમિત્ત | ૧૫ |
| ૧૬. | નિમિત્તનું તત્ત્વજ્ઞાન તદ્દન નવું | ૧૬ |
| ૧૭. | મથતા જીવને થતી કૃપા-મદદની જાણ અનુભવીને થાય છે ? | ૧૮ |

| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૮. | સંસારી બાબતમાં મદદ આપોઆપ થાય | ૧૮ |
| ૧૯. | અનુભવીનાં આંદોલનો આપણામાં પ્રસરે છે | ૧૯ |
| ૨૦. | અનુભવીના મિલન જેવું કોઈ તીર્થ નથી | ૨૦ |
| ૨૧. | અનુભવીનાં આંદોલનોની અસર | ૨૧ |
| ૨૨. | મેળવણની ક્રિયા | ૨૩ |
| ૨૩. | સ્વાર્થ જાગવો જોઈએ | ૨૫ |
| ૨૪. | એને જ ધારણ કર્યા કરો | ૨૫ |
| ૨૫. | સત્સંગ, નામસ્મરણ માટે કૃપા કામ કરે ? | ૨૬ |
| ૨૬. | એકાશ્રયનું મહત્ત્વ | ૨૮ |
| ૨૭. | સાધના એટલે પ્રકૃતિથી ઊર્ધ્વ જવાપણું | ૨૯ |
| ૨૮. | ભક્તિનો એક પ્રકાર—આત્મનિવેદન | ૩૨ |
| ૨૯. | જીવદશાનો આધાર શો ? | ૩૩ |
| ૩૦. | લોકકલ્યાણનાં કામોમાં અનુભવીનો વિશિષ્ટ ફાળો | ૩૪ |
| ૩૧. | અનુભવીને નિમિત્ત તો રહેવાનું જ | ૩૪ |
| ૩૨. | નિમિત્ત હોવા છતાં અનુભવી નીરોગી રહી શકશે | ૩૫ |
| ૩૩. | અનુભવીના સંસર્ગમાં આવનાર બધા મહાત્મા કેમ નથી થઈ જતા ? | ૩૬ |
| ૩૪. | અનુભવી સંતોના રોગનું રહસ્ય | ૩૭ |
| ૩૫. | શ્રીઅરવિંદનું supermental | ૩૮ |
| ૩૬. | સ્વપ્નમાં દેવતાનાં દર્શનનું મહત્ત્વ કેટલું ? | ૩૯ |
| ૩૭. | એને પામવો કેવી રીતે ? કર્મનું મહત્ત્વ | ૪૦ |
| ૩૮. | સ્વપ્ન સત્ય છે, સ્વપ્નમાં ભોગવેલું વધુ બંધનકર્તા | ૪૧ |
| ૩૯. | સ્વપ્નમાં સત્કાર્ય થાય તે વધુ સારું | ૪૨ |
| ૪૦. | પતંજલિનું જાત્યંતર પરિવર્તન | ૪૪ |
| ૪૧. | રૂમાંથી ગ્રેનાઈટમાં પરિવર્તન | ૪૫ |

| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૨. | સાર્વત્રિક પરિવર્તન અશક્ય | ૪૬ |
| ૪૩. | દેવો તો જુદા જુદા સમજવા—મૂળ તો એક જ ચેતન | ૪૬ |
| ૪૪. | દેવોનું વિશિષ્ટ સગુણ સ્વરૂપ નથી | ૪૮ |
| ૪૫. | પોતાના મનમાં ધારેલું સ્વરૂપ જ પ્રગટ થાય | ૪૮ |
| ૪૬. | દેવોનાં સ્વરૂપો માત્ર કલ્પિત—real નથી | ૪૯ |
| ૪૭. | અધ્યાત્મના સંસ્કાર પાંગરે કેવી રીતે ? | ૪૯ |
| ૪૮. | વિરોધીઓમાં ભગવાનના સંસ્કાર જોરદાર ખીલે છે એ એક આશ્ચર્ય | ૫૧ |
| ૪૯. | ભગવાનની જેમ અનુભવી જન્મ ધારણ કરે છે | ૫૨ |
| ૫૦. | મારે સ્ત્રીનો અવતાર શા માટે લેવો છે ? | ૫૨ |
| ૫૧. | મારી ઈચ્છા નથી, એ તો સ્વયંસ્ફુલિંગ છે | ૫૩ |
| ૫૨. | ઇંદુકાકાના દીકરાઓનો પ્રસંગ | ૫૪ |
| ૫૩. | મારો સ્ત્રીનો અવતાર કેવો હશે ? | ૫૫ |
| ૫૪. | બધા અનુભવીઓ જન્મ લેતા નથી | ૫૬ |
| ૫૫. | છતાં લય પામેલા અનુભવીઓ ભક્તને દર્શન આપે | ૫૬ |
| ૫૬. | જીવન્મુક્તને પ્રારબ્ધ-કર્મ હોય ખરાં ? | ૫૭ |
| ૫૭. | જીવન્મુક્તને કર્મ ક્યાંથી આવ્યું ? | ૫૯ |
| ૫૮. | જીવન્મુક્તને સ્થળ, કાળ અને સંજોગ નથી તો પ્રારબ્ધ ક્યાંથી હોય ? | ૫૯ |
| ૫૯. | જીવન્મુક્તને પોતાનાં પ્રારબ્ધ-કર્મ નથી પણ એમનાં નિમિત્તોનાં છે | ૬૦ |
| ૬૦. | શ્રીરામના સીતા-વિલાપનું રહસ્ય | ૬૧ |
| ૬૧. | શ્રીરામનો સીતા-વિલાપ તે તો તેના જ્ઞાન માટે | ૬૨ |
| ૬૨. | જીવન્મુક્તનો હેતુ—મળેલાઓને ભગવાનનો સ્પર્શ કરાવવો | ૬૪ |

| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૬૩. | સંત-સમાગમનું મહત્ત્વ | ૬૫ |
| ૬૪. | દીક્ષા જરૂરી નથી | ૬૫ |
| ૬૫. | શ્રીબાળયોગી મહારાજે કરાવેલો અનુભવ | ૬૬ |
| ૬૬. | શ્રીબાળયોગી મહારાજ પાસે રજા લીધી | ૬૮ |
| ૬૭. | અનુભવી અગ્નિસ્વરૂપ છે | ૬૮ |
| ૬૮. | અનુભવીઓને ઓળખવાની માપપટ્ટી સમાજ પાસે નથી | ૬૯ |
| ૬૯. | પ્રારબ્ધ જીવદશામાં જ છે | ૬૯ |
| ૭૦. | અનુભવીના શરીરનાં વર્તનોને ન જોવાય | ૭૦ |
| ૭૧. | અનુભવીની અંદરની વાતને કેવી રીતે જોવી ? | ૭૧ |
| ૭૨. | શ્રીધૂણીવાળા દાદા પાસે દીક્ષા | ૭૨ |
| ૭૩. | ભણાવતાં ભણાવતાં પણ ધ્યાન | ૭૨ |
| ૭૪. | વિઝિટ-બુક | ૭૩ |
| ૭૫. | ભગવાનના માર્ગે બુદ્ધિ સતેજ થાય | ૭૩ |
| ૭૬. | ૐનું રહસ્ય | ૭૪ |
| ૭૭. | શ્રીધૂણીવાળા દાદાનાં દર્શને માને લઈ ગયા | ૭૪ |
| ૭૮. | આધ્યાત્મિક શિબિરો અર્થહીન છે | ૭૫ |
| ૭૯. | ભક્તિમાર્ગ શ્રેષ્ઠ, તેમાંથી જ્ઞાન પણ જન્મે | ૭૫ |
| ૮૦. | ભગવાન યોગ્ય માણસને મોકલે છે | ૭૬ |
| ૮૧. | મળ પાકેલા ક્યારે કહેવાય ? | ૭૭ |
| ૮૨. | ગુરુ મળ મટાડે નહિ, ટટાર કરે | ૭૮ |
| ૮૩. | ભક્તિની પરાકાષ્ઠાએ મળ, વિક્ષેપ આપોઆપ જાય | ૭૮ |
| ૮૪. | અનુભવીનાં નિમિત્ત—બે પ્રકારનાં | ૭૯ |
| ૮૫. | અનુભવીનાં નિમિત્તનાં લક્ષણો | ૮૦ |

| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૮૬. | અનુભવી ગમે ત્યાં હાજર થઈ શકે | ૮૧ |
| ૮૭. | અનુભવી અને સંસારીનાં નિમિત્તના અનુભવોમાં ફરક | ૮૧ |
| ૮૮. | લય પામેલા મુક્તાત્માઓ પ્રેમભક્તિપૂર્વક યાદ કરતાં હાજર થાય છે | ૮૨ |
| ૮૯. | હૃદયનો પોકાર | ૮૩ |
| ૯૦. | ક્રોસ પરથી જિસસ પ્રગટ થયા પણ બાળી દીધા હોય તોય પ્રગટ થાય છે | ૮૩ |
| ૯૧. | ભેદ-અભેદ | ૮૪ |
| ૯૨. | આધ્યાત્મિક પ્રયોગ | ૮૬ |
| ૯૩. | સુરતમાં નાડી ૧૫૦ અને તેના સાક્ષી | ૮૬ |
| ૯૪. | નિમ્નમાં નિમ્ન સ્થિતિમાં પણ ભાવ (પ્રેમ) તૂટતો નથી | ૮૭ |
| ૯૫. | આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રયોગ જરૂરી છે | ૮૭ |
| ૯૬. | ભગવાનનો ભાવ—પ્રયોગસિદ્ધ | ૮૮ |
| ૯૭. | ભગવાનની કૃપા છે | ૮૮ |
| ૯૮. | પાપ અને પુણ્યની સમજૂતી | ૮૯ |
| ૯૯. | છોકરાં અમુકને ત્યાં જન્મવાનું કારણ | ૯૦ |
| ૧૦૦. | વિચારવાનું મહત્ત્વ—ઘરેડ છોડવી | ૯૧ |
| ૧૦૧. | પ્રારબ્ધ-કર્મફળ અને ભોગ | ૯૧ |
| ૧૦૨. | વાંસ-કૂદકામાં વાંસ છૂટે તેમ કર્મ-ઉપાસના છૂટે | ૯૩ |
| ૧૦૩. | ડાકોરનો મગરમચ્છ—મુક્તાત્મા | ૯૪ |
| ૧૦૪. | મગરમચ્છ પાસે જવા પૈસા કેવી રીતે મળ્યા ? | ૯૫ |
| ૧૦૫. | મગરમચ્છની શોધ અને ગુરુમહારાજનું વર્તન | ૯૬ |
| ૧૦૬. | મગરમચ્છને ગુરુમહારાજની ભલામણ | ૯૭ |

॥ હરિઃૐ ॥

## જીવદશાવાળાની અને અજપાજપવાળાની શ્વાસની પ્રક્રિયા જુદી છે

**જિજ્ઞાસુ :** મેં વાંચ્યું છે કે શ્વાસ-પ્રશ્વાસ એ કાળનો ખેલ છે. જે અવિદ્યા નાશ પામે છે. જો સાક્ષાત્કાર થાય તો શ્વાસ-પ્રશ્વાસની ક્રિયા રહેતી નથી. શ્વાસ-પ્રશ્વાસનું કારણ ચિત્તનો વિક્ષેપ છે. અને વિક્ષેપને કારણે ચૈતન્યની પ્રાપ્તિ થતી નથી. મારો પ્રશ્ન એ છે કે શું સાક્ષાત્કાર સંપન્ન વ્યક્તિને શ્વાસ-પ્રશ્વાસની ક્રિયા રહેતી નથી ? વાયુ ઈડા ને પિંગલાના માર્ગમાંથી હઠી જઈને સુષુમ્ણાના માર્ગમાં પ્રવેશ કરે છે, ત્યારે સર્વ વિકલ્પોનું શમન થઈ જાય છે. તો યોગીના પ્રાણની નિરંતર કુંભકની અવસ્થા રહ્યા કરે છે ?

સાધનામાં અંતિમ લક્ષ અજપાજપ સાધન છે. જેને અજપા ગાયત્રી કહે છે. અજપા સાધનના રહસ્ય વિશે આપને પૂછવાની ઈચ્છા થાય છે. આપ આ વિષય પર ઉદ્બોધન કરશો ?

**શ્રીમોટા :** અજપાજપ વિશે હું કહી શકું કે અજપાજપ થાય છે, ત્યારે શ્વાસ આ જે છે, જીવદશામાં આપણી શ્વાસની જે પ્રક્રિયા હોય છે, તેના કરતાં ઊલટી પ્રક્રિયા યમુનાની ગતિ ઊલટી થાય છે, કહ્યું છે ને ? તે રીતે શ્વાસની ગતિ ઊલટી થાય છે. અને એ શ્વાસ જે ચાલે છે એમ કહેવાય આપણને. પણ એ પ્રાણ છે. પછી જીવદશાનો પ્રાણ રહેતો નથી. ચેતનનો પ્રાણ છે. એટલે શ્વાસ આ શ્વાસની પ્રક્રિયા જીવદશા જેવી એમની હોતી નથી. દા.ત. મારું શરીર છે કે અનું શરીર છે એમ કહોને ભાઈ, મારું કહેવું નકામું છે. અનેક રોગોથી પીડિત

હોય તોપણ એનો જે શ્વાસ, એની જે પ્રક્રિયા છે, એ જુદા પ્રકારની છે. ડૉકટર તપાસે, તોપણ એનું અનિયમિતપણું લાગે. દા.ત. હું આજે કહું મારી નાડી અનિયમિત છે. ગમે તે તપાસી લે. ગમે ત્યારે. હવે અમુક સ્થિતિમાં અમુક પ્રકારની હોય. કારણ શું ? એને અનેક પ્રકારનાં નિમિત્ત હોય. અનેક પ્રકારનાં નિમિત્તો મળે. તે તે પ્રકારે શરીરની પ્રક્રિયા બને. એ બુદ્ધિમાં સમજાય એવી વાત છે. અતિશયોક્તિ એમાં છે નહિ. ત્યારે એ જે જુદાં જુદાં પ્રકારનાં નિમિત્તો મળે, તે તે પ્રકારની એની શરીરની સ્થિતિ થાય. તે પ્રકારે, તે પ્રમાણે નાડી Fluctuate થાય છે. તેનું Fluctuating થાય. પછીથી નિશ્ચિતપણું કાંઈ જ કશું નહિ કે આવા જ પ્રકારનું. શરીરને આવા જ પ્રકારનો શ્વાસોશ્વાસ રહેવો એવું બની શકે જ નહિ. અશક્ય. પણ એ ક્યારે કે ભગવાનમય થઈ જાય. નિરંતર એવો અજપાજપ.

## ઊંઘમાં સભાનતા કેવી હોય ?

અજપાજપ એટલે નિરંતર જપ. સભાનતા awarness એની હંમેશને માટે. ઊંઘતો હોય તોપણ એની awarness. ઊંઘતો હોય, શરીર એનું ઊંઘતું હોય પણ એને સભાનતા તૂટે નહિ. એની ભગવાન પરત્વેની સભાનતા ઊંઘતો હોય તોપણ ભગવાન પરત્વે એની સભાનતા જાગ્રત. શરીર ઊંઘે, પણ ઊંઘ એની alert. ઊંઘ એની જીવદશા જેવી નહિ. ઊંઘ એની કૂતરાના જેવી. એકદમ alert. જરાક અવાજ થયો તોપણ જાણે. પણ એ પથરાની જેમ પડ્યો હોય તો પડી પણ રહે. પણ વાતચીત થતી હોય એ ઊંઘતો હોય, નસકોરાં બોલતાં હોય અને વાતચીત પાસેના માણસો કરતાં હોય, જો

એમાં એનું એમાં નિમિત્ત હોય તો શબ્દે શબ્દ તમને કહી બતલાવે. **ઊંઘતો હોવા છતાં, પાસેના બે માણસો વાતચીત કરતાં હોય જો એમાં એનું નિમિત્ત હોય. નિમિત્ત જો ના હોય ને વાત કરતાં હોય, તો કાંઈ ખ્યાલ ના આવે. પણ જો એને કાંઈ ખાસ કારણ જો હોય, એ વાતોમાં એ પોતે સંડોવાયેલો હોય તો એ વાત તમને અક્ષરે અક્ષર કહી સંભળાવે ને નસકોરાં એના બોલતાં હોય. આવી જાતનું બધું એનું પલટાયેલું હોય છે એનું.**

**જિજ્ઞાસુ :** શ્વાસ-પ્રશ્વાસની ક્રિયા ચાલ્યા કરે ખરી ?

**શ્રીમોટા :** ચાલ્યા કરેને ! નહિ તો મહીં મરી જાય. શ્વાસ તો ચાલ્યા કરે. નસકોરાં ચાલે છે. શ્વાસ ચાલે, એનાં ફેફસાં હોય તો શ્વાસ ચાલે જ ને !

## ચિત્તનો વિક્ષેપ બંધ થાય પણ શ્વાસ-પ્રશ્વાસની ક્રિયા રહે છે

**જિજ્ઞાસુ :** મારા વાંચવામાં એમ આવેલું છે કે ચિત્તનો વિક્ષેપ થયા પછી શ્વાસ-પ્રશ્વાસની ક્રિયા રહેતી નથી.

**શ્રીમોટા :** ચિત્તનો વિક્ષેપ થાય. ચિત્તનો વિક્ષેપ થઈ જાય તોપણ શ્વાસ એને તો રહે છે. એ શાસ્ત્રોએ કહ્યું હોય તો શાસ્ત્ર ખોટું. પણ જેને ફેફસાં છે. આ તો બુદ્ધિથી જ વિચારોને. શાસ્ત્રને શું કરવા લેવા જાવ છો ? ફેફસાં છે, ચેતનનાં. ચેતનનો અનુભવ થયેલો છે એનાં એને ફેફસાં છે. ફેફસાં હોય તો શ્વાસ આવે જ. પણ એનો શ્વાસ આપણા કરતાં જુદા પ્રકારનો. આપણાં ફેફસાં, આપણા શ્વાસ લેવાપણામાં કામ, ક્રોધ, લોભ, મોહ આદિ હોય ત્યારે જુદા પ્રકારના; લોભનો વિચાર હોય,

ત્યારે જુદા પ્રકારના; મોહનો વિચાર હોય, ત્યારે જુદા પ્રકારના; વાસનાનો વિચાર હોય, ત્યારે જુદા પ્રકારના. એવી રીતે આપણામાં જીવદશા હોય છે.

### ચેતનના અનુભવીનો શ્વાસ જુદો હોય છે

તો પેલામાં એવું નિમિત્તના પ્રકારે હોય છે. પેલામાંયે શ્વાસ હોય. ફેરફાર થયા કરે. પણ એનો શ્વાસ પછી જીવદશાનો નથી રહેતો. ચેતનનો સંચાર છે એ. એટલે એને એમ કહે છે કે એને શ્વાસ નથી રહેતો. એમ જો શાસ્ત્ર ઉરાડતું હોય તો ભલે ઉરાડે. પણ એનો શ્વાસ રહે છે. એને ફેફસાં છે, હૃદય છે, લોહી ફરે છે. એને શ્વાસ તો પછી રહે છે જ. એને આંખ છે, કાન છે, કાનથી સાંભળે છે. બીજી બધી ઇંદ્રિયો એની નકામી થઈ જતી નથી. **પણ જીવદશાની ઈંદ્રિયોની જેમ એની (અનુભવીની) ઈંદ્રિયો કામ કરતી હોતી નથી.** આ હું સમજ્યો છું, તે મારી આ વાત છે. પણ એમાં flaw હોય, તર્કદોષ હોય તો કહો મને.

### જપયજ્ઞ બધા યજ્ઞોમાં શ્રેષ્ઠ

**જિજ્ઞાસુ :** અજપાજપ જે કહે છે, તે સરળમાં સરળ સાધન છે ?

**શ્રીમોટા :** સરળ સાધન છે. આ બધાં અનેક પ્રકારનાં યે યથા માં પ્રપદ્યન્તે. (ગીતા ૪/૧૧) અહીં યથા એટલે જુદાં જુદાં પ્રકારનાં સાધનો. યથાનો અર્થ એ જ છે. જુદાં જુદાં પ્રકારનાં સાધનોથી જે મને ભજે છે, તે બધાંય સાધનોમાં જપ એ શ્રેષ્ઠ છે. હું નથી કહેતો. ગીતામાતા કહે છે. ગીતા તો ઓથોરીટી છે, આપણી. બધા જ સ્વીકારે. હિંદુ સંસ્કૃતિના બધાં સંપ્રદાયો ગીતાનું પ્રમાણ માને.

બધા યજ્ઞોમાં હું જપયજ્ઞ શ્રેષ્ઠ છું. જપ કરે ત્યારે, જપ નિરંતરનો કરી દેવો જોઈએ. નિરંતરનો થઈ ગયો, પછી તમારી બધી પ્રક્રિયા જુદા પ્રકારની થઈ જવાની. શરીરની, માનસની, બોલવાની. લાગે આપણા જેવો, બોલતો ચાલતો બધો માણસ લાગે. ૧૨-૧૪ કલાક (સુધી સતત જપ) લઈ જાવ. તો પછી ફેરફાર થાય. ત્યાં સુધી નહિ થાય. કારણ કે શરૂઆતમાં તો મન છે. મનનો મૂળ ધર્મ સંકલ્પ-વિકલ્પ. મન સંકલ્પ-વિકલ્પ કરશે. કોઈ કહે ભગવાનનું નામ મનમાં લઉં છું. તો ગપ્પાં. ગપ્પાં મારે છે. ખોટી વાત. પણ એ ૧૨-૧૪ કલાક સુધી લઈ જાવ. ત્યાર પછી ભગવાનની કૃપા હોય તો તમે આગળ જઈ શકો. પંદર કલાક સુધી મહેનત કરીને હું જઈ શક્યો છું. તે સિવાય હું જઈ શક્યો નથી આગળ.

## સાપ કરડ્યો એ ભગવાનની કૃપા

તે પછીથી ભગવાનની કૃપા વિના જઈ શક્યો ન હોત. તો મને સાપ કરડાવ્યો. ને ૭૬ કલાક નોન-સ્ટોપ થઈ ગયું. ૭૬ કલાક. મેં કહ્યું મારે મરવું નથી. ને વેદના તો એવી થાય કે સાહેબ, એ વેદનાની તો કહ્યે કસર નહિ. માથું તો જાણે કચ્ચરઘાણ થઈ જાય. જાણે પિસાતું હોય એવું ને આખા શરીરમાં વેદના થાય. એક બાજુ સાપનું ઝેર બેભાન બનાવી દે અને મરણ નજીક આણી દે. કે જોર-જોરથી નામ બોલ્યાં કરું. જોરથી. ખાધા-પીધા વિના નૉન સ્ટૉપ. જોરથી ૭૬ કલાક સુધી ચાલ્યું. ભગવાનની શક્તિથી. મારાથી નહિ.

ને મારા ગુરુમહારાજ આવીને બેઠેલા ત્યાં આગળ. નોન સ્ટોપ. ૭૬ કલાક. સાપ ઉતારવા મને બે ત્રણ ગામ લઈ

ગયેલા અને છેવટે આણંદમાં ડૉ. કૂકની હૉસ્પિટલમાં લઈ ગયેલા મને ને તપાસ કરી. ઈન્જેક્ષન-દવા-પેથોલોજી કરાવીને ઝેર બધું કાઢ્યું. પણ એ જે નોન-સ્ટોપ ચાલ્યું અખંડ. ત્યારથી મારું ભગવાનનું સ્મરણ અખંડ થયું. તે આપણે મહેનત કરીને આપણા પોતાના પુરુષાર્થથી સતત સોળ કલાક સુધી. પછી તો ભગવાનની કૃપા જ કામ કરે છે. આગળ જતાં એની કૃપા હોય અને કૃપા મળે છે. મથનારને મળે છે. શોધે તેને જડે છે. એમ નહિ કે કૃપા યદ્વાતદ્વા છે. एની કૃપા મળી રહે છે. પછી થાય આગળ ફેરફાર તમારામાં. ૧૨ કલાક થયા પછી થશે.

જપ ૧૨ કલાક થાય રોજના, ત્યાર પછી સમજી લેવાનું કે દિવસના ૨૪ કલાક તેનો અડધો ૧૨ કલાક. એ ૧૨ કલાક થવા માંડે પછી ફેરફાર થવાનો. ફેરફાર થતો આપણને લાગે. ફેરફાર થવા માંડે. એ પ્રક્રિયા શરૂ થાય. ૧૨ કલાક પછી સાહેબ. ૧૨ કલાક સુધી લઈ જવું જોઈએ આપણે. પછી પ્રક્રિયા શરૂ થાય. ને પછી આપણે મૂકી દઈએ તે નહિ ચાલે. ખંત અને ઉદ્યમથી, ધીરજથી, એને પકડી રાખીને ૧૫-૧૬ કલાક સુધી લઈ જાવ. પછી ભગવાન પણ જુએ છે કે ક્યાં સુધી તમે મથો છો ? અને ક્યાં સુધી તમે એને પકડી રાખો છો ? પરીક્ષામાં પણ વાંચ્યું હોયને ત્યારે આપણે આવડત પ્રમાણે ગુણ મળે છે. માર્ક મળે છે. તેવી રીતે તમે ક્યાં સુધી પકડી રાખો છો, ખંતથી, ધીરજથી તે પણ ભગવાન જોતો હોય છે.

તો ૧૫-૧૬ કલાક સુધી લઈ જાવ. આ ૧૫-૧૬ કલાક સુધી તો ભગવાનની કૃપા જ છે. હું તો એમ ચોક્કસ સાહેબ.

મારા જેવાનો તો કોઈ ગજ ન હતો. હું તો માનતો જ ન હતો. મારા જેવાથી શું થાય ભાઈ ? પણ મહાત્મા ગાંધીએ કહ્યું મને. કાગળ લખેલો મેં. તું ભગવાનનું નામ લે. રોગમાત્ર મટી જશે. સાધુએ સારું બતાવ્યું છે મેં કહ્યું. ગાંધીજી તો કરતા. માળા પોતે સાથે રાખતા હતા. ગાંધીજી ભગવાનનું નામસ્મરણ કરતા. મણિબહેનને કાગળમાં લખેલું મરતાં પહેલાં કે ગાંધીજીએ એમ કહ્યું એને—મણિબહેનને કે ભાઈ બધા મહાત્મા મને કહે છે પણ મરતી વખતે જો મારાથી લેવાય તો જાણજે કે હું ખરો મહાત્મા. જો ના લેવાય તો હું જુઠ્ઠો તદ્દન. એમ કહેલું છે. તો મને દંભી ગણજો. જો ભગવાનનું નામ લેવાય તો ખરો મહાત્મા. ગાંધીજી બોલ્યા છે ખરા. હે...રામ, હે... રામ, મરતી વખતે.

## મંત્રજપ કેવો હોવો જોઈએ ?

ભગવાનનું સ્મરણ ગમે તે હોય. ભગવાનનાં હજાર નામ છે. ગમે તે કોઈ નામ હોય. **મેં મારી મેળે ખોળી કાઢ્યું કે શબ્દ ટૂંકામાં ટૂંકો હોવો જોઈએ. એમાં હ્રસ્વ સ્વર હોવા જોઈએ. જોડાક્ષરો ન હોવા જોઈએ. ચોથું કે આપણા શબ્દના ત્રણ સ્થળ. નાભિ, કંઠ ને મૂર્ધન્ય. તે ત્રણેને સ્પર્શે એવો હોવો જોઈએ. તે જપ ઉત્તમ. કોઈ વિદ્વાને, કોઈ સાધુએ, કોઈ શાસ્ત્રની વાત નથી. મેં તો મારી જાતે શોધ્યું છે.** કારણ કે હરિઃૐ બોલતો હતો. તે બોલતાં બોલતાં. હરિઃૐ બોલતો હતો, એના ઉપરથી મને વિચાર આવ્યો અને જપ માટે ઉત્તમમાં ઉત્તમ કયો હોય ? કયો શબ્દ જપને માટે ? રેશનલ. મારા ગુરુમહારાજે મને શિખવાડ્યું છે, મને કે ગમે તેમ બધું

કરવું નહિ. એનું સાયન્સ હોવું જોઈએ. તો એ ઉપરથી મને વિચાર આવ્યો. એટલે એના ઉપરથી મેં જોયું કે જપ ટૂંકામાં ટૂંકું જોઈએ તો હરિઃૐ. એમાં હ્રસ્વ સ્વરો છે. જોડાક્ષરો મળે નહિ અને ત્રણે સ્થળને સ્પર્શે એવો. નાભિ, હૃદય નહિ કંઠ, હૃદય પછી આવે. નિરંતર થાય ત્યાં સુધી નહિ આવે. નાભિ, કંઠ ને મૂર્ધન્યને સ્પર્શે એવો હોવો જોઈએ. પણ એવો તો કોઈ લેતા નથી. પણ હું આ રીતે સમજું છું કે આ ટેકનિક એની. આ એની આ છે ટેકનિક. ટૂંકામાં ટૂંકો શબ્દ કે હ્રસ્વ સ્વરો જેમાં હોય. જેમાં જોડાક્ષરો ના હોય. અને અવાજનાં ત્રણ સ્થળ નાભિ, કંઠ ને મૂર્ધન્ય ત્રણેને સ્પર્શે. આ ઉત્તમ કહેવાય. આવો જે શબ્દ હોય તે.

**જીવદશાવાળા અને અનુભવીના શ્વાસમાં ફરક છે**

**જિજ્ઞાસુ :** અને જે જીવદશામાં હોય છે, તેને ચિત્તનો વિક્ષેપ અને શ્વાસ-પ્રશ્વાસ સાથે સંબંધ છે ખરો ?

**શ્રીમોટા :** બહુ જ સંબંધ. કારણ કે જેમ ચિત્તમાં અમુક પ્રકારનો વિક્ષેપ થયો. એ ગભરાયો તો શ્વાસ જુદી જાતનો. ભય પામ્યો તો જુદી જાતનો. પછી એને ચિંતા થઈ તો જુદી જાતનો. પછી ખુશાલી થઈ તો જુદી જાતનો. ચિત્ત ઉપર જ આધાર છેને.

**જિજ્ઞાસુ :** અને જે અનુભવી થાય એનો જુદા પ્રકારનો ?

**શ્રીમોટા :** એને જુદા પ્રકારનો.

**જિજ્ઞાસુ :** ત્યાં પછી ચિત્તનો વિક્ષેપ રહેતો નથી ?

**શ્રીમોટા :** ના. ત્યાં ચિત્તનો વિક્ષેપ રહેતો હોય તો પછી એ અનુભવી નહિ કહેવાય.

**જિજ્ઞાસુ :** તો શ્વાસ-પ્રશ્વાસની પ્રક્રિયા જુદા પ્રકારની ?

**શ્રીમોટા :** જુદા પ્રકારની. ચેતનના જે શ્વાસ છે. શ્વાસ પ્રાણ સાથે સંકળાયેલા છે. ફેફસાં કહે છે ખરાં. આપણે આમ કહીએ છીએ ફેફસાં. પણ એ સંકળાયેલો છે પ્રાણ સાથે. ત્યારે ચેતનનો જેને અનુભવ થયેલો છે, તે એનો પ્રાણ ચેતન થયેલો છે. એ તો એના જે શ્વાસ છે, તે પ્રાણ જુદી દશાનો છે અને જીવદશાના જે પ્રાણ છે તે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગદ્વેષ, અહમ્ એ પ્રકારના હોય છે. ત્યારે પેલાના એ પ્રકારના નથી. એ તો છે જ નહિ કશું એના મગજમાં.

## અનુભવીનાં નિમિત્તો સકળ બ્રહ્માંડમાં છે

**જિજ્ઞાસુ :** અનુભવીના અજપાજપના શ્વાસ સાથે નિમિત્ત જોડાયેલું હોય ?

**શ્રીમોટા :** માત્ર નિમિત્ત રહે છે ખરું, અનુભવીને નિમિત્ત રહે છે. નિમિત્ત પ્રમાણે એના શ્વાસ બદલાય છે ખરા. અને શ્વાસ ઉપરથી એને ખબર પડી જાય છે કેટલીક વાર. કે આ મારો બેટો આ તો આવી જાતનો. શ્વાસ ઉપરથી ખબર પડી જાય. બોલે, ચાલે કાંઈ જ નહિ. **પણ અહીંથી બેઠો અમેરિકા હોય કે ક્યાં તો મંગળમાં હોય, શુક્રમાં હોય કે શનિમાં હોય કે રવિમાં હોય. અનેક જાતના જીવોની સાથે એને. પાંચ તત્ત્વવાળા શરીરની સાથે જ અનુભવીને નિમિત્ત છે એવું નહિ હોં. અનેક જાતના જીવો સાથે એને સંબંધ છે. પશુ-પક્ષીઓ સાથે સંબંધ. એમ નહિ કે એને નથી સંબંધ. ત્યાં પણ એને સંબંધ છે.** પણ એ જેમ શ્વાસથી સૂંઘીને માણસો જાણે ને એવી રીતે શ્વાસથી સમજણ પડી જાય છે. બીજી કોઈ રીતે નથી સમજણ પડતી. અંદર બુદ્ધિથી સમજણ પડે છે પણ

બુદ્ધિ ને શ્વાસ સાથે સાથે છે. સાથે જ છે. છૂટાં નથી પણ બંને સાથે કામ કરે છે.

## જીવદશાવાળા perforce જાય છે

પણ એને પહેલું સાધન બુદ્ધિને સમજવાનું મળે છે  શ્વાસ. નિમિત્તને સમજવાને. જ્યારે આમાં જીવદશામાં આપણે શ્વાસથી સમજી શકતા નથી. જીવદશામાં શ્વાસથી આપણે  શ્વાસ તો આપણા હૃદયમાં આપણા શરીરને જીવવાને કારણ માટે જ છે. બીજું કારણ નથી. શ્વાસ તો જીવવાને માટે જ છે.

જ્યારે પેલાને જીવવાનું તો છે જ જાણે. એ જીવે છે, એ આપણી પેઠે જીવે છે એમ નથી. એ તો ચેતન જ છે. **એ તો જીવવું હોય તો જીવે. ને ના જીવવું હોય તો ના જીવે. જ્યારે જતા રહેવું હોય ત્યારે જતા રહે એ. આપણે perforce જઈએ છીએ. આપણને જવું હોતું નથી. બળાત્કારે આપણે જઈએ છીએ. પેલો બળાત્કારે નથી જતો. પેલાનો પ્રાણ બળાત્કારે નથી જતો.**

એવી રીતે અનુભવી પુરુષ જે છે, એના શ્વાસ જે છે, તે આપણા જેવા નથી. તે મૂળભૂત સમજી લેવાની જરૂર. આ તો હું પુનરાવર્તન કરું છું.

**જિજ્ઞાસુ :** એ ઘણા ધીમા પડી ગયેલા હોય છે ?

**શ્રીમોટા :** ધીમા.

**જિજ્ઞાસુ :** આ સંસારી છે તે.

**શ્રીમોટા :** ના. ના. ધીમા પણ.

**જિજ્ઞાસુ :** બાર આંગળ શ્વાસ.

**શ્રીમોટા :** મારી વાત સાંભળો. જો તમે એક સમજી લો

વાત. કે સંસારમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગ, દ્વેષ, અહમ્ છે. એવું અનુભવીને નિમિત્ત છે. નિમિત્ત એક ઘડીવાર, પળવાર પણ છોડતું નથી. નિમિત્ત હોવા છતાં એ સાક્ષી છે. નિમિત્તથી એ લેપાતો નથી. આ બધું સ્વીકારાય છેને ? ત્યારે નિમિત્ત એને પળવાર પણ છોડતું નથી. અનુભવીને. તો અસંખ્ય છેને નિમિત્ત ? સુમાર વગરનાં. ત્યારે તે પ્રમાણે એનો શ્વાસ ચાલશે.

**જિજ્ઞાસુ :** નિમિત્ત ના હોય તો...

**શ્રીમોટા :** નિમિત્ત ના હોય તે વખતે દીર્ઘ પણ ખરા. અને બહુ ધીમા. એકધારા. એમાં ફરક ન મળે. એકધારા તે કેવા કે કોની સાથે સરખાવી શકાય એને પણ બહુ ધીમા. ધીમા એટલે આમ લાગે ખરા કે ચાલે છે. પણ દીર્ઘ. દીર્ઘ ખરા. ઘણા દીર્ઘ ચાલે. આપણને પણ લાગે કે આમ ખબર પડે કે દીર્ઘ ચાલે છે. પણ એવો કાળ, એવો સમય બહુ ઓછો હોય. રાત્રિના ગાળે હોય છે. મધ્યરાત્રિએ એને એવો સમય આવે છે ખરો. અનુભવીને. મધ્યરાત્રિએ. પણ એ કાળ બહુ થોડો ટકે છે. કેટલો ? પાંચ-દસ-પંદર મિનિટ ટકે તો ભાગ્યે કહેવાય. કારણ કે આ નિમિત્ત તો ચાલ્યાં જ કરે. એને અનંત નિમિત્તો એને. જેમ જ્ઞાને અનંત છે ને અજ્ઞાને અનંત છે. તેવી રીતે નિમિત્ત એને અનંત છે.

## અનુભવીનો સંસાર

**જિજ્ઞાસુ :** *મોટા,* આ તમે, આ તો ભારે. ચાલે નહિ આવું. ખ્યાલેય નહિ આવો નિમિત્તનો. આ તો સંસાર થઈ ગયો.

**શ્રીમોટા :** ભારે સંસાર. આ બધા સંસારીઓ કરતાં અનુભવીનો તો બહુ મોટો. બહુ મોટો. તે આટલું બધું હોવા છતાં પોતે નોખો.

કોઈ નિમિત્તની સાથે. કોઈ નિમિત્ત એવું આવ્યું. નિમિત્ત એ સત-અસત બેઉ હોય ને ! તમે કહો સતનું જ હોય ને અસતનું નિમિત્ત ના હોય એવું કાંઈ નહિ. નરકમાં રગદોળાતો હોય. નર્યો વાસનામાં હોય, પણ તેમ છતાં નોખો. પણ કોણ માને ? આ જગત માને નહિ કાંઈ. જગત તો સતવાળું બધું હોય, દેખાતું હોય સારી જાતનું તો એને લાગે તો જગત નહિ માને.

**જિજ્ઞાસુ :** પણ નઠારી જાતનું નિમિત્તને કારણે હોય ?

**શ્રીમોટા :** નિમિત્તને કારણે. પુરવાર કરી આપી શકે. પુરવાર કેવી રીતે કરી આપે ? પેલાને હજારો માઈલ દૂર તે તો બતાવી નહિ શકાય એનાથી. પણ પોતે ભઈ જો આવી જાતનું છે. કોઈ માણસ ધારો કે અત્યંત કામવાસનાથી હોય. અત્યંત એની નાડી ઝડપી થઈ જાય. શ્વાસમાં ફરક પડે. બતાવી શકે મારી નાડી જો તું. મારો શ્વાસ જો તું. એ બે તો પ્રત્યક્ષ લક્ષણ એનાં. આંખ બોલી દે. વિકાર થયો હોય તો આંખ બોલી દે. ત્યારે એના બધા આ બહારનાં બાહ્ય ઇંદ્રિયો ને એની ઇંદ્રિયો બધી સ્વસ્થ. એકદમ સ્વસ્થ. એટલું બધું સ્વસ્થ કે તમે તપાસ કરી લો. એવું સ્વસ્થ. એટલે આમાં આમ માની લેવાની વાત નથી. હકીકતમાં પણ આમ બને છે બધું.

ઘણા લોકો કહે કે બધું માનવાની વાત. માની લેવાની વાત નથી. હકીકતમાં realityમાં આમ હોય છે એનું. સ્વસ્થતા પાકી. ઇંદ્રિયોની. બધી બાહ્ય ઇંદ્રિયો એની બધી સ્વસ્થ ત્યારે.

નિમિત્ત ગમે તે પ્રકારનું હોય ને ગમે તે એ જે કર્યાં કરતો હોય પણ એની ઇંદ્રિયો બધી સ્વસ્થ ત્યારે. બિલકુલ.

## ભગવાનનો અવતાર, મુક્તાત્માનો અવતાર અને જીવન્મુક્તનો અવતાર

**જિજ્ઞાસુ :** કે ભગવાન અવતાર લે છે તેમાં, કોઈ મુક્તાત્મા અવતાર ધારણ કરે છે તેમાં અને આ જન્મે સાધના કરી જેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, એવા અનુભવીનાં સામર્થ્ય, ઇચ્છાશક્તિ, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ વગેરેમાં ઓછાવત્તાપણું અથવા કોઈ વૈશિષ્ટ્ય હોય છે ખરું ? દા. ત. નૃસિંહાવતાર, રામાવતાર કે કૃષ્ણાવતાર અને આ જન્મે સાધના કરીને થયેલો અનુભવી તેઓમાં અને કોઈ પૂર્વે મુક્ત થયેલો જ્ઞાની જે લોકાનુગ્રહ માટે જન્મ લે છે, તેમાં કોઈ જુદી જુદી વિશિષ્ટતા હોય છે ખરી ?

## દરેક અવતારનું જુદું જુદું મિશન

**શ્રીમોટા :** વિશિષ્ટતા બિલકુલ હોતી નથી. દરેકને પોત-પોતાનું મિશન થયું ને ? ભગવાન રામ, કૃષ્ણ અવતર્યા. તો રામ. હવે રામ અવતર્યા તો કે એનું રાવણ—અસુરોને સંહાર કરવાનું મિશન. કૃષ્ણ અવતર્યા તો કે એને અમુક જાતનું મિશન. એ તો ખબર પડે. એવી રીતે કોઈક અનુભવી. કોઈક અનુભવી થયેલો કોઈ કારણને માટે ઊતર્યો. એટલે એનું મિશન લઈને ઊતર્યો એ પણ. હવે આ સાધના કરતાં કરતાં કોઈ અનુભવી થયો. અનુભવી થયા પછી પણ એને મિશન છે. નિમિત્તનું કારણ છે. અનેક જાતનાં કામ કરવાનાં. એટલે જે જે પ્રકારનું મિશન હોય, તે તે પ્રકારની શક્તિ વ્યક્ત કરે એ.

**પાંચ હૉર્સપાવર વાપરવા હોય તો પાંચ હૉર્સપાવર વાપરે. પચાસ હૉર્સપાવર વાપરવાના હોય તો પચાસ હૉર્સપાવર વાપરે. મિશન હોય તે પ્રમાણે તે તે કામ કરે.**

**જિજ્ઞાસુ :** તે દરેકની આપણે શક્તિમાં કોઈ જાતનો ?

**શ્રીમોટા :** શક્તિમાં બિલકુલ ફરક નહિ. જરા સરખો પણ નહિ. તો તો ચેતનમાં ફરક થયો.

**જિજ્ઞાસુ :** હા. બરાબર. હાસ્તો.

**શ્રીમોટા :** જો એમ તમે ગણવા જાવ. એમ ગણવા જાવ તો ચેતનમાં ફરક થયો. અવતાર હોય કે ગમે તેવો અનુભવી હોય. ચેતનમાં ફરક નહિ. શક્તિમાં બિલકુલ ફરક નહિ. મિશન જેવું હોય તે પ્રમાણે શકિત વપરાય. આ ખોટું હોય તો કહેજો સાહેબ.

**જિજ્ઞાસુ :** શ્વેતાશ્વતર ઉપનિષદમાં એવા યોગાગ્નિમય શરીરવાળા યોગીનું વર્ણન છે કે જેને રોગ થતો નથી, જે વૃદ્ધ થતો નથી, જેનું મૃત્યુ થતું નથી, આવો મંત્ર છે.

**શ્રીમોટા :** આ શ્રીઅર્જુન કહે છે તે જ આ.

**જિજ્ઞાસુ :** અને આમાં છે...

न तस्य रोगो न जरा न मृत्युः
प्राप्तस्य योगाग्निमयं शरीरम् ॥ (२/१२)

એ મંત્ર જ છે. આનું આવું વર્ણન છે.

**શ્રીમોટા :** તદ્દન સાચો છે.

**જિજ્ઞાસુ :** તો એવી શક્યતા હોવી જોઈએ ?

**શ્રીમોટા :** શક્યતા નહિ. Reality છે સાહેબ.

**જિજ્ઞાસુ :** એવી કોઈ વ્યક્તિ થઈ હશે કે હોવી જોઈએ એવું અનુમાન થાય છે. આપનો શો મત છે ?

**શ્રીમોટા :** મારો મત એમ છે.

**જિજ્ઞાસુ :** કે આ અલંકારિક છે ?

## નિમિત્ત

**શ્રીમોટા :** આ અલંકાર નથી. આ હકીકતની વાત. રામકૃષ્ણ પરમહંસ અવતારી થઈ ગયા. એને કૅન્સર ક્યાંથી ? તો નિમિત્તની વાત... આવે છે ને ? નિમિત્તની સાથે એકરસ થઈ જાય. મારી વાત તો કહેવાતી નથી મારાથી. બોલાય જ નહિ.

નંદુભાઈ પહેલાં જાણે છે. હજુ લખેલા છે. એ બાઈને સુવાવડ થતી હતી. અને કષ્ટાતી હતી. અને હુંય કષ્ટાતો હતો. એ તો પહેલાં લખેલું નહિ. કાગળ આવ્યો ત્યારે ખબર પડી. પહેલાં હું કહેતો હતો. હવે હું કહેતો નથી. પણ એનું નિમિત્ત હોય ને ? અનુભવીને. તો નિમિત્ત પ્રમાણે ત્યારે તે તે પ્રકારનું થાય.

## હઠીલાં નિમિત્તો

**જિજ્ઞાસુ :** એટલે આ નિમિત્તની વાત આવે છે, તે કંડીશન મળી જાય છે.

**શ્રીમોટા :** આનું બીજું એક કારણ કહું. કેટલાંક કેટલાંક કેટલાંક...કેટલાંક નિમિત્ત, **કેટલાંક નિમિત્ત એવાં હઠીલાં હોય, કેટલાક જીવો, અને પેલા અનુભવીને કે એનામાં ભગવાનનો ભાવ એને અભિમુખતા જાગે એટલે એને વધારે વખત રાખે. દયા કરીને. કૃપા કરીને. એનું વધારે ભોગવે કે જેથી કરીને પેલો હઠીલો જીવ છે...જીવ છે. હાલતો નથી. હઠતો નથી. પણ એ છોડે એવો નથી. આવો આ માણસ. તેને વધારે**

**વખત રાખીને. વધારે એનું દુઃખ ભોગવીને પેલામાં અભિમુખતા જગવે છે. એ તો પરમ પુણ્યનું કામ કરતો હોય છે. આ પણ કોઈને ખબર નથી પડતી. કોઈ સમજી શકતું નથી. આ અનુભવીની વાત. તે ભોગવે છે, જે દુઃખ ભોગવે છે શરીરથી. પણ તે તો પેલાને માટે કે એનામાં અભિમુખતા જાગે.**

પણ એ ભોગવતાં ભોગવતાં એની પ્રાર્થના કે એની... એની મનોવાંછના કે મનનો ભાવ. પેલા નિમિત્ત પરત્વેનો હોય છે કે ભગવાન પરત્વેની એનામાં અભિમુખતા જાગે. **એનું અસ્તિત્વ માત્ર એટલા માટે છે કે ભગવાનની અભિમુખતા બધામાં જાગે. નિમિત્તોમાં.** એ નિમિત્તોને એ ખાલી ખાલી ભોગવતો નથી. એટલા માટે ભોગવે... **ભોગવતાં ભોગવતાં તે તે નિમિત્તોમાં ભગવાનની અભિમુખતા જાગ્રત થાય. એ એનું મોટામાં મોટું કર્તવ્ય છે. મિશન છે આ. અનુભવીનું.** જીવદશામાંથી મથતાં મથતાં અનુભવ થયો તો પછી એનું મિશન આ જ છે કે ભગવાનની...નિમિત્તોમાં ભગવાનની અભિમુખતા એને જાગે એ મિશન.

## નિમિત્તનું તત્ત્વજ્ઞાન તદ્દન નવું

**જિજ્ઞાસુ :** આ નિમિત્તોનું તત્ત્વજ્ઞાન એ મૂળ શાસ્ત્રોમાં એટલું સ્પષ્ટ રીતે આપ્યું નથી. એટલે આ એક બહુ નવી વાત કહેવા મળી રહે છે.

**શ્રીમોટા :** નવી વાત ફક્ત નહિ. સમજાય એવી છે.

**જિજ્ઞાસુ :** આજના બહુ સરસ છે. સમજવાને માટે બહુ જ અગત્યનું.

**શ્રીમોટા :** ... પણ બહુ સરળ લાગી. આ જ પ્રમાણે છે. પણ નિમિત્તમાં હજુ મેં બહુ લખ્યું નથી. ઊંડું ઘણું લખી શકાય. એવું. નિમિત્તમાં. એમાં બહુ ઊંડું જવાય એવું છે. પણ મારા મનમાં એમ કે આ લોકો સમજે નહિ ને આપણે મારે વિદ્વત્તા માટે... કોઈ નથી. ને આપે આપ્યું તે લખી નાંખેલું. દોઢ દિવસમાં ને આપને બધાંને વંચાવેલું. એટલે કેમ છે ?

**જિજ્ઞાસુ :** કોઈ વ્યક્તિને અનુભવીની મદદનો સચોટ પરચો મળતો હોય છે, ત્યારે તે ઘટનાની જાણ હંમેશાં અનુભવીને હોય છે ખરી ? કે તેની સર્વત્ર પથરાયેલી અને તે તે વ્યક્તિ સાથે સંકળાયેલી ચેતના અનુભવીના મનને જાણ કર્યા વિના આપોઆપ જ કેટલીકવાર પ્રવર્તતી હોય છે ?

**શ્રીમોટા :** કેટલીકવાર આપોઆપ જ પ્રવર્તતી હોય. કેટલીકવાર જાણ થતી હોય છે.

अ અનુભવી અને ब ને એનો કાંઈક અનુભવ થયો તો અને જાણ થાય છે. ક્યારે થાય છે ? કે જ્યારે પેલા बમાં જે અભિમુખતા જગાડવાની છે તે એને વધારે પ્રમાણમાં આગળ આગળ જેમ વધ્યો હોય છે, એટલે કે અભિમુખતા તરફ, ભગવાનની ભાવના તરફ એનો વિશેષ ને વિશેષ ઝોક થયા કર્યો હોય તો એવી સ્થિતિમાં પેલા અનુભવીને ખબર પડે છે.

સામાન્ય જીવદશાવાળા સંસારી જીવોની સાથે નિમિત્ત હોય છે અનુભવીને અને તેમની સાથેનો એ કે એમનો પ્રસંગ બનેલો હોય તો પસાર થઈ જાય.

**મથતા જીવને થતી કૃપા-મદદની જાણ અનુભવીને થાય છે ?**

**જિજ્ઞાસુ :** પણ એમાં કૃપા-મદદ જે મળતી હોય છે તે, તે પોતાને એનો ખ્યાલ હોય છે ? કે જાણ ?

**શ્રીમોટા :** ના, આવી સ્થિતિ હોય છે, ત્યાં ખ્યાલ ચોક્કસ સ્પષ્ટપણે. કે આ જેમ સૂર્ય ઊગેલો...જે તે ખબર પડે. જીવદશામાં આગળ વધેલો. ભગવાનના માર્ગ તરફ આગળ વધેલો જે જીવ હોય છે, એવો મથતો જીવ struggling soul અને જે આગળ જતો હોય છે એવાનું. એવા પ્રકારના. એનું એને સમજણ બરોબર પાકી સમજણ પડે. જેથી અમે મદદ કરી શકે એટલે. સમજણ પડે છે. એટલા માટે કે એને મદદ કરી શકે.

પછી સામાન્ય જીવોને સામાન્ય જીવોનું એને આવીને પસાર થઈ જાય છે.

**સંસારી બાબતમાં મદદ આપોઆપ થાય**

**જિજ્ઞાસુ :** ને સાંસારિક બાબતમાં જે મદદ કરે છે, તેની જાણ થાય છે ?

**શ્રીમોટા :** સંસારી... સંસારી બાબતમાં મદદ થતી હોય છે. દા.ત. કોઈને લક્ષ્મી મળે, કોઈને કાંઈ મળે, કોઈને કાંઈ મળે, એવી જે મદદ થતી હોય છે, એ થોડા પળના સંબંધો જીવદશાના દા.ત. अ અનુભવી છે. ब, क, ड સંસારી જીવો છે, ब, क, डને જુદા જુદા લાભ થયા. સંસારના, સાંસારિક પ્રકારના. તે હવે જે अ છે, તે જે અને તે તે જીવો સાથેનું તે તે પ્રકારનું, એવાં કર્મ જૂનાં પાછલાં જન્મોનું તે તે પ્રકારનું કર્મ, કર્મનો સંબંધ તે તે પ્રકારનો અને તે તે પ્રકારનું થયાં કર્યું

એમાં એને કાંઈ લેવા દેવા ય નથી. એને કાંઈ ધ્યાનમાંય નથી આવતું. પસાર થઈ જાય.

**જિજ્ઞાસુ :** પણ આપોઆપ જ થયાં કરે ?

**શ્રીમોટા :** આપોઆપ થયાં કરે. થયાં જ જવાનું. થયાં કરે નહિ. થયાં જ જવાનું. એમ જ થવાનું. કારણ કે જે તે બધું પૂર્વજન્મ આગળ અનેક જન્મો છે. અનેક જન્મોનું ઋણ કેટલીવારમાં ખલાસ થઈ જાય છે. બધું થયાં જ જવાનું એનાથી. અનેક જીવોની સાથેના એના જે સંબંધો છે અને અનેક જીવોની સાથે એનાં જે ઋણાનુબંધનો છે. કર્મનો, કર્મના પ્રકારનો, પાછો કોઈને કોઈને લાભ. કોઈને ગેરલાભે થાય. ગેરલાભ ના થાય એમ નહિ પાછું. કોઈને મારેય પડે. Positive અને Negative બંને આવે અંદર. એટલે જેને જેને આવું થાય. લક્ષ્મી મળે. કાંઈ મળે. કશો કોઈ લાભ થાય. કાંઈ ને કાંઈ થયાં કરે ફેરફાર. એ આ પૂર્વજન્મના કર્મ-સંબંધોને કારણે. પણ અનુભવી જે છે, તેના સમાગમથી લાભ અને લાભ જ છે. કલ્યાણ જ છે. તેમાં ફરક નથી.

## અનુભવીનાં આંદોલનો આપણામાં પ્રસરે છે.

ને તમે જે કાંઈ સમજણ વગર આવતા હો તોય તમારું કલ્યાણ છે. કારણ કે એનાં... એનાં...એનાં આંદોલનો છે. એના એમાંથી નીકળતાં શરીરમાંથી આપણે અણુએ અણુમાંથી આંદોલનો નીકળે. કિરણો. અણુયે અણુમાંથી કિરણો નીકળે છે. મેં જાતે જોયું છે. એ પ્રયોગ પણ કરેલો છે. નીકળે ને પેસે. નીકળે ને પેસે. એક પળવારની અંદર અસંખ્યવાર થઈ

જાય. ત્યારે એ બધાં કિરણો છે. એનામાંથી નીકળે છે, તે આપણને સ્પર્શે છે. તે સ્પર્શે છે આપણને ખબર નથી પડતી. પણ તમારામાં ચેતન તો છે જ. અનેક સંસારી જીવો એમને ચેતન તો છે જ. એને આપણે નકારી નહિ શકીએ. ભલે જીવદશાનું છે. તે ચેતન છે, તે જીવદશાનું છે. કબૂલ પણ ચેતન છે ખરું. એટલે એ ચેતન આંદોલનો ગ્રહણ કરી લે છે. પણ એ ગ્રહણ કરી લે છે. ગ્રહણ કરીને એ પરિવર્તન થાય છે જીવદશામાં. આંદોલનો તો ગ્રહણ થઈ જાય છે. એ એમને તાકાત બહારની વાત નથી કે ના નહિ લે. એ તો આપોઆપ જેમ શ્વાસોશ્વાસ લે છે. સૂર્યનાં કિરણો મળે છે. એવી રીતે પેલાનાં આંદોલનો તો પેસી જાય છે અંદર પણ પરિણત થઈ જાય છે જીવદશામાં. એ આપણને સમજણ પડે છે કે નહિ ? કારણ કે પ્રકાર એ છે. જો મથતો soul હોય, struggling soul હોય ને એ બાબતમાં આગળ જતો હોય તો એમાં એને વધારે. આગળ કરે. આમાં જીવદશામાં થઈ જાય છે. પણ જીવદશામાં પણ આ આંદોલનો મળવાથી અને વધારે વખત આવી સોબત રહેવાથી એ આંદોલનોથી એની સદ્‌વૃત્તિ, સદ્‌ભાવના જાગે છે. ભલે ભગવાનનું નામ લેતો નથી. ભગવાનનો ભક્ત ના થયો.

## અનુભવીના મિલન જેવું કોઈ તીર્થ નથી

**જિજ્ઞાસુ :** એટલે એનું રૂપાંતર થવા લાગે ?

**શ્રીમોટા :** રૂપાંતર ધીરેધીરે થાય છે. એને ખબર નથી પડતી. પણ એ સદ્‌ભાવ એનામાં જાગે છે. સદ્‌ભાવના જાગે છે. ઓ...પધારો રાવજીકાકા (હરિઃૐ આશ્રમ, નડિયાદના

પ્રમુખશ્રી)......એના જેવું બીજું કોઈ તીર્થ નથી. સાચી વાત. સાચું કહું છું. તમારા ભાઈ સાહેબ પધારે છે ભટ્ટ સાહેબ, ત્યારે બહુ ઉત્તમ પ્રકારનો સત્સંગ થાય છે. શું આપને કહેતો હતો સાહેબ?

**જિજ્ઞાસુ :** જીવદશામાં પરિણત થઈ જાય છે પેલાં આંદોલનો.

**શ્રીમોટા :** આ પેલા ચેતનના. અનુભવી પુરુષ છે એનાં જે આંદોલનો છે, તે સંસારી જીવોને સ્પર્શી જાય છે. પણ એનું એ છે તે જીવદશાવાળા હોવાથી જીવદશાનાં થઈ જાય છે. પણ બહુ અગત્યનું છે આ. પોતાની મહત્તા વધારવા કહેતા હોય એવો અર્થ નીકળે એટલે હું બહુ વધારીને કહેતો નથી. મારાથી આના પર ઘણું કહેવાય એવું છે આના પર. પણ ઊંધો અર્થ લે એટલે વ્યક્તિગત મારાથી કહેવાય એવું નથી. એટલે હું બહુ નહિ કહું. પણ સાધારણ કહીશ. ને બુદ્ધિ રેશનલી બુદ્ધિ આપણી સમજી શકે એવી રીતે.

## અનુભવીનાં આંદોલનોની અસર

કે અનુભવી છે અને સંસારી જીવોની અંદર એનો સ્પર્શ થાય છે. એટલે એનાં આંદોલનો ત્યાં જાય છે. પણ એ જીવદશાવાળાં થઈ જાય છે. જેમ વરસાદ છે એ રણમાં પડે. કાંઈ ઉત્પન્ન નહિ કરી શકે. કોઈ સરસ જમીનમાં પડે તો ત્યાં પાક ઉત્પન્ન કરી શકે. જેવા જેવા પ્રકારની જમીન તેવા તેવા પ્રકારનો પાક ત્યાં ઉત્પન્ન કરી શકાય. વરસાદ એકનો એક જ. પણ ભૂમિકા એની જે પકડે છે તેવી રીતે પેલા જીવદશાવાળામાં પેલાનાં આંદોલનો જાય છે, તે જીવદશામાં

બની જાય છે. પણ દૂધમાં દૂધનું દહીં બને છે કે નહિ ? મેળવણ નાંખે છે તે. તેવી રીતે પેલામાં મેળવણ થાય છે. એ જાણતો હોતો નથી. પણ એ પ્રક્રિયા ચાલે છે અંદર. અને એવો વધારે વખતમાં કાંઈ પણ અમસ્તું જ સાધના-બાધના કાંઈ ના કરતો હોય. માત્ર સોબત જ. સંસારના માણસોની સોબત હોય એવી રીતે. આ ભાઈ એક સારું કામ કરનાર છે. મને. મારું નામ લોને. કશો વાંધો નહિ. આ ***મોટા***એ એક કરોડનાં કામ કર્યાં. આ સમાજમાં આવો માણસ છે. ઓળખીતો પાળખીતો. કાંઈ મહત્તા નથી. કાંઈ પ્રતિષ્ઠા નથી. કે આ માણસે સમાજનાં સારાં કામ કર્યાં. એને કાંઈ જોઈતું નથી. કોઈ...નથી. કાંઈ રાગ નથી. સામાન્યપણે જીવે છે. હવે એની સોબત કરો. જો સોબત જ કરતા હોય પણ એનાં આંદોલનો જાય એમનામાં. પણ એ જીવદશાવાળા હોવાથી જીવદશાવાળાં થઈ જાય છે. આંદોલનો. પણ મેળવણ છે એ. **પેલા ચેતનવાળાનાં આંદોલનો એ મેળવણ છે એનામાં (જીવદશાવાળામાં). એ મેળવણ છે એ ક્યારે દહીં થશે એ નક્કી કહેવાય એવું નથી.** એ જો સાધારણ મથતા હોયને એ જો મથતા હોય તો જલદી આવે. પણ સામાન્ય રીતે પોતાનો સંસારવહેવાર બધો ચલાવ્યા કરતા હોય તોપણ અમુક ગાળે એને સદ્ભાવ પ્રગટ્યા વિના રહેતો નથી. પેલા (ચેતનપુરુષ) પરત્વે તો પ્રગટે જ. સામાન્ય રોજ આવતાં કરતાં હોય સોબતને અંગે. પછી આપણે ભાઈચારો થઈ જાય. મળ્યાં કરીએ ને એવું કરીએ ને ભાઈચારાને લીધે એકબીજાને મળ્યાં કરીએ. એમાંથી એકબીજા પરત્વે સદ્ભાવ થઈ જાય. અને

એના પોતાનામાં એના પોતાનામાં સદ્ભાવ પ્રગટે છે. બીજા માટે પણ સદ્ભાવ પ્રગટે અને કામક્રોધાદિ પણ થોડા વખતે—થોડો વખત—થોડો કાળ એવો માત્ર એની સોબતથી—માત્ર એના સમાગમમાં રહેવાથી—કાંઈ કશું સાધન ન કરતા હો તમે તોપણ કામક્રોધાદિ એના ઘટે છે. સંસારી જીવના. **એટલે આવું મેળવણ છે એનું. એનાં આંદોલનોનું. અનુભવીનાં આંદોલનોનું. સામાન્ય સંસારી જીવનામાં જે પ્રવેશે છે, તે આવા પ્રકારનું મેળવણ છે. દૂધનું દહીં બનાવી દે છે.**

આ વાત આપને મારે જે કહેવાની હતી તે કહી.

## મેળવણની ક્રિયા

**જિજ્ઞાસુ :** પણ મારું એમ પૂછવાનું હતું એ બાબતમાં કે કોઈ ખૂબ જ તમસપ્રધાન છે. તમસ એનામાં પ્રધાન છે. તોપણ એ 'મેળવણ'થી થશે ?

**શ્રીમોટા :** થાય જ. પણ લાંબા ગાળાથી.

**જિજ્ઞાસુ :** હા, જી. સમજ્યો.

**શ્રીમોટા :** માણસના ૭૦ વર્ષ થયાં હોય અને ૫૫ વર્ષ સુધી એણે સત્સંગ, સોબત કરી હોય, માત્ર સોબત તો સોએ સો ટકા થાય. આ જન્મમાં નહિ, Next Birthમાં સાધના કરે. જબરજસ્ત સાધક થઈ જવાના એ.

**જિજ્ઞાસુ :** અને એનામાં શક્તિ ન હોય તો પ્રગટે ?

**શ્રીમોટા :** શક્તિ છે જ એનામાં...શક્તિ તો છે જ. એ જાણતો નથી. શક્તિ છે જ એનામાં અને પેલાનું 'મેળવણ' આવ્યું છે. તે મેળવણ નાંખે ને એકદમ કાંઈ દહીં થઈ જાય ? વખત લાગે છે ને ? ૨૪ કલાક લાગે છે. મેળવણ નાખ્યા પછી.

આ તો જીવદશામાં 'મેળવણ' નાખવાનું છે. નાખવાનું હોતું નથી. નંખાઈ જ જાય છે. મળ્યા એટલે નંખાઈ જ ગયું... આ જન્મે જો ખરેખરા struggle કરે, મથે, sincerely, honestly અને devotionally તો એનું પરિણામ આવે. ના મળે તો તો પરિણામ છે જ એનું. તે જે મેં કહ્યું. ૭૦ વર્ષમાં ૫૫ વર્ષ સત્સંગ કરે, સોબત કરે તો બીજા જન્મે તો એટલો બધો volcanic aspiration એને જાગે કે આગળ કૂદકે ને ભૂસકે આગળ વધે.

મારા ગુરુમહારાજ ત્યાં સુધી કહેતા હતા (આપણને ખબર નહિ) કે ત્રણ જન્મમાં તો એ અનુભવી થઈ જાય. ખાલી અનુભવીની સોબતથી. કાંઈ એ સાધના-બાધના ના કરે તોપણ. પણ એ સોબત સદ્ભાવવાળી. શંકા-કુશંકાવાળી સોબત કરો તો નહિ ચાલે એમાં. તો એ લાભ નહિ મળે તમને. 'મેળવણ' હશે તોપણ એ લાભ નહિ મળે. સોબત તમારી સદ્ભાવવાળી જોઈએ સાથે. શંકા-કુશંકાવાળી સોબતથી 'મેળવણ' તો પડશે પણ 'મેળવણ' બગડી જશે. બધા ફોદા ફોદા થઈ જતા નથી ?

**જિજ્ઞાસુ :** પાણી થઈ જાય છે.

**શ્રીમોટા :** કેટલીક વખત.

**જિજ્ઞાસુ :** હા, થઈ જાય છે. એ થતું જ નથી.

**શ્રીમોટા :** એનું એવું થઈ જાય છે.

**જિજ્ઞાસુ :** બહુ થોડું.... ત્યારે ?

**શ્રીમોટા :** બહુ Clear થાય. એવું કહે છે કે શંકા-કુશંકાવાળું આવું થશે. તો સદ્ભાવવાળી સોબત જોઈએ.

**જિજ્ઞાસુ :** પણ એ અનુભવીની કૃપાથી અથવા 'મેળવણ'થી શંકા-કુશંકા ટળી જાય એનું ?

## સ્વાર્થ જાગવો જોઈએ

**શ્રીમોટા :** ના. ના. ના ટળી જાય. ના. એ પોતે જ કરી શકે. એ તો એનો સ્વાર્થ જાગ્યો હોય ત્યારે. કોઈ દુષ્ટમાં દુષ્ટ માણસ હોય એની સાથે આપણને સ્વાર્થ જાગ્યો હોય, તો પેલાના અવગુણ ધારણ કરીએ છીએ આપણે ? આપણું કામ સાધી લેવાનું કરીએ છીએ કે નહિ ? એટલા પ્રમાણમાંય પેલા અનુભવીની સાથે તમે સોબત રાખો એવા પ્રકારની. કારણ કે એનું એક પ્રમાણ તો છે નહિ આપણી પાસે કે આ અનુભવી છે ? એ તો આપણે જાણતા નથી. કહેતા-કહેતી કહીએ છીએ આપણે. પણ એની સાથે એવી સદ્ભાવવાળી સોબત રાખો. સોબત રાખો સદ્ભાવવાળી.

## એને જ ધારણ કર્યા કરો

પણ કહે છે આપણે...મળાય ? દરરોજ કેવી રીતે મળીએ ? **શારીરિક શરીરથી તો રોજ મળાય નહિ અને સોબત તો આપણે રાખવી છે ને રોજ રાખવી છે, તો પછી રોજ એના સ્વરૂપને યાદ કરો. ભજન કરો એને સામે રાખીને. એના સ્વરૂપને સામે રાખીને. તમે એક સમય નક્કી કરો. મારા ગુરુને હું સાકારરૂપે એના શરીરને ધારણ કરતો. પછી શરીર જતું રહે છે. પછી શરીર એનું કામ પતી જાય પછી શરીર જતું રહે છે. શરીરરૂપે પછી નહિ રહે.** તમારામાં કામ પતી ગયું એટલે ખલાસ. પણ ત્યાં સુધી શરીરરૂપે એને સત્સંગ કર્યા કરવો. જેટલો વધારે વખત રખાય એટલો વધારે વખત રાખવો.

હું તો જે તે કામ કરતાં કરતાં એને જ ધારણ મારી આંખ સામે એને રાખ્યાં કરું. મારે ગરજ એવી હતી ને !

એવો સ્વાર્થ મને લાગી ગયો હતો એના પરત્વેનો. કોઈ કહેશે એ તો તમને ગુરુમહારાજની કૃપાથી એવું તમને લાગે...એમ નહિ independently હું કહું છું કે મને એવો સ્વાર્થ લાગેલો. કારણ કે મને લાગ્યું કે...આ મને આ નામસ્મરણથી મારું એ (ફેફરું) મટી ગયું મને. એટલે આમાં શક્તિ છે કોઈ જબરજસ્ત. હવે એમાંથી પછી ભગવાનનું સ્મરણ... વધારવા લાગ્યો. પછી મને ગરજ જાગેલી.

કે આ અનુભવ કરવો આપણે. અને એમાંથી મને આ સદ્ગુરુ મળ્યા. હું ખોળવા નહિ ગયેલો. એની મેળે મને મળ્યા. પછી પકડી રાખ્યા બરોબર. સ્વરૂપથી, સાકારથી એને. જવા ના દઉં. છૂટવા ના દઉં. રાત્રે સૂતી વખતે વારંવાર યાદ કરીને એના સ્વરૂપને સામે રાખીને સૂઈ જઉં. ને પ્રાર્થના કરું પાછો તું રાત્રે મારી સામે રહેજે. ને રાત્રે જાગું તો મને તરત જ એ સ્વરૂપ જ દેખાય. દેખાય એટલે મારા મનઃચક્ષુ સામે. એટલે એ રીતે આપણે સોબત કરી શકીએ એની. રોજ આપણે મળી ના શકતા હોઈએ તો આવી રીતે કરી શકાય. અને અવારનવાર આમ તો આપણે પરગામ જઈએ છીએ. કોઈ ને કોઈ વખત. અવારનવાર મળતા રહીએ. સત્સંગ આવી રીતે કરતા રહીએ.

**જિજ્ઞાસુ :** પણ *મોટા*, એક મારો, fundamental સવાલ એ ઊભો.

**શ્રીમોટા :** હા. કહોને, fundamental કહો.

### સત્સંગ, નામસ્મરણ માટે કૃપા કામ કરે ?

**જિજ્ઞાસુ :** કે સત્સંગ થાય છે, નામસ્મરણ વગેરે થાય

છે. એના મૂળમાં એ સત્સંગ થવામાં પણ કૃપા એમાં કાર્ય કરતી હોય છે કે નહિ ?

**શ્રીમોટા :** નહિ. કૃપા કાંઈ કાર્ય નહિ કરે. કૃપા અમુક positionમાં, અમુક ભૂમિકામાં કામ કરે. જ્યારે આપણી ભૂમિકા responsive હોયને ત્યારે એ આપણને લાગે છે. કૃપા નથી એમ નથી. કૃપા તો હોય છે જ. પણ કૃપા કામ કરતી અનુભવવી અને તેને consciously આપણે સમજવી. એ બે... એ આપણે સમજી નહિ શકીએ ને ? કૃપા કામ કરે છે કે નહિ એ કેવી રીતે નક્કી કરવાના ? એ નક્કી કરવાનું તમારી પાસે કોઈ સાધન નથી.

**જિજ્ઞાસુ :** જીવદશાવાળો હોવાથી...

**શ્રીમોટા :** એટલે કૃપા તો છે જ. ને એ કામ કરતી હોય છે. જેની જેની સાથે એને નિમિત્ત છે. જેની જેની સાથે એને સોબત છે, ત્યાં એની કૃપા કામ કરતી હોય છે પણ એ સમજી શકતો હોતો નથી. કારણ કે એ responsive નથી. Responsive ક્યારે કે consciousness આપણને હોય. એની સભાનતા આપણને હોય, ત્યારે આપણે responsive છીએ એમ ગણાય. એનું લક્ષણ આ એક responsiveનું. એની આપણને સભાનતા રહે.

સભાનતા આપણે. આપણે જ્યારે સ્વરૂપની ભક્તિ કરીએ, ત્યારે આ જાતની સભાનતા આપણે રાખ્યાં કરવી જોઈએ. કે આ મારો કે આ મને ઉદ્ધાર કરનાર. આ જ મને લઈ જનાર. કે આ જ મને. એની કૃપા મારી સાથે જ છે. એમ કરીને એવો ભાવ રાખીને આપણે જે સાધન કરતાં

હોઈએ, જપ કરતાં હોઈએ, પ્રાર્થના કરતાં હોઈએ, ભજન કરતાં હોઈએ, પાઠ કરતાં હોઈએ બધી વખતે એને સામે ને સામે જ રાખવો.

## એકાશ્રયનું મહત્ત્વ

**જિજ્ઞાસુ :** *મોટા*, જે સ્વરૂપ ગુરુમહારાજનું ધારણ કર્યું. એ પછી એકનું એક સ્વરૂપનો જ અભ્યાસ રાખવો જોઈએ ? કે સ્વરૂપ બદલાતાં જાય ?

**શ્રીમોટા :** નહિ, નહિ, બીજાનો નહિ. એકનો એક જ. બીજાનો નહિ.

**જિજ્ઞાસુ :** એક સ્વરૂપ જે પહેલાં નક્કી કર્યું, એનો જ અભ્યાસ.

**શ્રીમોટા :** અને ધારો કે બીજાને. એનો અર્થ બીજા પાસે ગયા.

**જિજ્ઞાસુ :** ના. બીજા નહિ.

**શ્રીમોટા :** ના. ના.

**જિજ્ઞાસુ :** ગુરુમહારાજનાં બે ચાર સ્વરૂપો આમ દેખાતાં હોય.

**શ્રીમોટા :** ના. ના. ગુરુમહારાજ છે ને. એકને ગુરુ-મહારાજ કર્યા. હવે કોઈ બીજા પાસે આપણે ગયા. તો એને દા.ત. હું ગંગેશ્વરાનંદ પાસે હું જઉં. એમને હું મારા ગુરુમહારાજ જોઉં. એકાશ્રય તૂટે નહિ આપણો.

**જિજ્ઞાસુ :** એટલે જે કોઈ સંતને તમે જુઓ તેમાં...

**શ્રીમોટા :** હું ત્યાં મારા ગુરુમહારાજનું જ દર્શન કરું. સમજણપૂર્વક, જ્ઞાનપૂર્વક. ઠસાવીને ઠસાવીને. એટલે એકાશ્રય

કાયમ રહે આપણો. અને કૂપમંડુક ના થઈ જઈએ. **જ્યાં જ્ઞાન મળે ત્યાં બધે જઈએ. પણ ત્યાં આપણે ગુરુમહારાજનું પ્રસ્થાપન કરવું.**

**જિજ્ઞાસુ :** હા, હા, સમજ્યો. *મોટા*, મારું પૂછવું એમ કે દા.ત. તો ગુરુમહારાજનું. એક જ ગુરુમહારાજ હોય ને એ ગુરુમહારાજનાં જુદાં જુદાં સ્વરૂપો આમ ઘણીવાર વ્યક્ત થતાં હોય તેમાંનું એક જ સ્વરૂપ પકડી રાખવું જોઈએ ?

**શ્રીમોટા :** ના. ના. ના. જુદાં જુદાં હોય તોય વાંધો નહિ. વ્યક્તિ એક ને એક જ હોવી જોઈએ.

**જિજ્ઞાસુ :** ફેંટાવાળા કે ફેંટા વગરના પણ.

**શ્રીમોટા :** હા, ગમે તે હોય તો ચાલે. વ્યક્તિ એની એ જ રહેવી જોઈએ.

**જિજ્ઞાસુ :** આના જ અનુષંગમાં આ સવાલ છે કે સાધના કરવાની બાબતમાં મનુષ્ય સ્વતંત્ર છે ? કે તે ઈશ્વરની ઇચ્છા ને કૃપાને આધીન છે ?

**શ્રીમોટા :** ના. સ્વતંત્ર છે.

**જિજ્ઞાસુ :** તો જો એ બાબતમાં સ્વતંત્ર હોય તો સર્વાંશે સ્વતંત્ર છે કે અમુક અંશે સ્વતંત્ર છે ?

**શ્રીમોટા :** ના. સર્વાંશે સ્વતંત્ર નથી. કારણ કે પ્રકૃતિ છે એનામાં. તે પ્રકૃતિના ગુણધર્મ તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર. તો પ્રકૃતિ તો રહે ને ? ને આપણે પ્રકૃતિથી ઊર્ધ્વ જવાનું છે.

### સાધના એટલે પ્રકૃતિથી ઊર્ધ્વ જવાપણું

**જિજ્ઞાસુ :** પ્રકૃતિથી પર જવાપણું.

**શ્રીમોટા :** પ્રકૃતિ એમાં સંમત નહિ થાય. એટલે

આપણામાં પડેલા આ પ્રકારના સંસ્કારો છે. ઊર્ધ્વ પ્રકારના સંસ્કારો છે તે આપણને મથાવશે. પણ એમાં પ્રકૃતિની બાધા આવ્યા કરે. તેનાથી ઉપર જવાને માટે આપણે જબરજસ્ત મથવું પડશે. એ મથાશે ક્યારે કે એવો volcanic aspiration આપણને થાય તો. તો મથાય. તે આવો ચેતનનો આપણને સ્વાર્થ લાગી જાય તો મથાય. ત્યારે એ સ્વાર્થ લાગવાને માટે દિવસના ૨૪ કલાકમાંથી ૧૨ કલાક, ૧૪ કલાક, ૧૫ કલાક સુધી આ જ પ્રકારની પ્રક્રિયામાં રહીએ તો એ થાય છે. નહિ તો નહિ થાય.

**જિજ્ઞાસુ :** તો એક સવાલ એ થાય છે ઈશ્વરની કૃપા મનુષ્યે કરેલાં સાધન ઉપર અવલંબે છે કે સ્વતંત્ર છે ?

**શ્રીમોટા :** સ્વતંત્ર છે.

**જિજ્ઞાસુ :** જો તે કૃપા સાધના પર અવલંબન રાખતી હોય તો ઈશ્વરની કૃપા પર.

**શ્રીમોટા :** સાધના પર એ અવલંબન નથી રાખતી. ને કશા પર એ. સ્વતંત્ર છે. અને એ કેવી રીતે કામ કરે છે, એ પોતે એકલી જ જાણે છે.

**જિજ્ઞાસુ :** હા. હા. સમજ્યો.

**શ્રીમોટા :** એ...એ તમે... આપણે પોતે બુદ્ધિથી કંઈ કશાથી એને સમજી નહિ શકીએ. સ્વતંત્રપણે એ કામ કરે છે. એની કામ કરવાની રીત આગવી છે. તદ્દન આગવી છે. અને આપણે મનુષ્ય બહુ બહુ તો એને સ્વચ્છંદી કહીએ. એને સ્વચ્છંદી કહી દઈએ. પણ એ સ્વચ્છંદી નથી.

**જિજ્ઞાસુ :** તો આપે એમ લખ્યું છે.

**શ્રીમોટા :** મેં લખ્યું છે. એમાં 'કૃપા'માં બધું લખ્યું છે.

**જિજ્ઞાસુ :** કે શ્રદ્ધા જન્મવાનું કારણ કૃપા છે. હવે જેના પર કૃપા થાય છે. તેમાં કયું તત્ત્વ સંતપુરુષો લક્ષમાં લેતાં હોય છે કે જેને આધારે તે તે જીવમાં શ્રદ્ધાનો આવિર્ભાવ થાય છે?

**શ્રીમોટા :** સંતપુરુષોમાં, સંતપુરુષો જે લે છે એના આખા beingને લે છે. તે કોઈ એના ગુણ-અવગુણ નથી જોતો. એના આખા beingને એ જુએ છે. એના આખા beingને એ ખ્યાલમાં રાખીને વર્તતો હોય છે. સંતપુરુષની વાત તમે કરી એટલે આ બોલ્યો. બીજા શું કરતા હશે, તે હું જાણતો નથી. મારી પોતાની આ જાતની જાણકારી છે. એટલે beingને ખ્યાલમાં રાખે એટલે બધું જ આવી જાય ને ?

**જિજ્ઞાસુ :** બધું જ આવી જાય.

**શ્રીમોટા :** એટલે સંસ્કાર નાંખવાની બાબતેય અંદર આવી જાય. બધું જ અંદર આવી જાય.

**જિજ્ઞાસુ :** હવે સંતપુરુષો જે જીવનો કૃપાપૂર્વક હાથ ઝાલે છે, તે જીવ તેની ઘણી અનિચ્છા હોવા છતાં કોઈ વિચિત્ર સંસ્કારોને વશ વર્તી અઘટિત વિચાર કે વર્તન કરે તો સંતપુરુષ એને છોડી દે ? અથવા અસહ્ય શિક્ષા કરે એવું બને ખરું ?

**શ્રીમોટા :** ના. છોડી ય ના દે અને અસહ્ય શિક્ષા ય ના કરે. કારણ કે એ સમજે છે એની પ્રકૃતિ છે. આ સંસ્કાર છે એનામાં, એટલે આ રીતે જ વર્તે. બાળક છે તે ગમે ત્યાં હગી દે છે તો, આપણે એને મારીએ છીએ આપણે કાંઈ ? એવી રીતે સંતપુરુષ કાંઈ એને કોઈ જાતનો છોડી પણ ના દે. અને

કંઈ કશું અઘટિત શિક્ષા પણ ન કરે. એ જાણે છે કે આની પ્રકૃતિ છે ને આ પ્રમાણે જ એ વર્તી શકે.

### ભક્તિનો એક પ્રકાર—આત્મનિવેદન

**જિજ્ઞાસુ :** અને જે જીવ પોતાની પ્રકૃતિ પર નિયંત્રણ રાખી શકવા અસમર્થ બને છે અને સંતપુરુષને અંતરથી પોતાની અશક્તિનું નિવેદન કરે છે, તેવા અશક્ત જીવની શી ગતિ થાય ?

**શ્રીમોટા :** એની સારી ગતિ થાય છે. જ્યારે દા.ત. કે મારાથી સ્ખલન થયું તો સ્ખલન થતાંની સાથે જ હું મારું નિવેદન કરી દઉં. મારા સદ્‌ગુરુને કે આ મારાથી ભયંકર ખોટું થઈ ગયું છે. જ્યારે જ્યારે એવા એકરારમાં sincerity, honesty અને devotion હોય છે, ખરેખરાં sincerity, honesty and devotion જો હોય તો ફરીવાર આવાં સ્ખલનો થવાં એને ઓછામાં ઓછાં થતાં હોય છે. તે પછી એવી એક સ્થિતિ આવશે કે સ્ખલન થશે જ નહિ, પછી એને.

**જિજ્ઞાસુ :** એ પોતાની પ્રકૃતિનું અતિક્રમણ કરી શકતો નથી.

**શ્રીમોટા :** પછી એ નિવેદન કર્યાં કરે. પણ એ નિવેદનમાં sincerity, honesty અને devotion આ ત્રણે પૂરેપૂરાં પરિપક્વ દશાનાં એનાં હોવાં જોઈએ એનાં ખરેખરાં.

**જિજ્ઞાસુ :** તો એવા હોય તો....

**શ્રીમોટા :** ચોક્કસ થાય. Hundred percent થાય. એ નથી થતું. કારણ કે એ હોતાં નથી એવા. આત્મનિવેદનની તો એક પદ્ધતિ. ભક્તિમાં નવ પ્રકાર કહ્યા છે, એમાં આત્મ-નિવેદન તો ભક્તિનો એક પ્રકાર છે. એ આત્મનિવેદન મેં તો બહુ કરેલું છે.

**જિજ્ઞાસુ :** *મોટા,* પણ ભટ્ટ સાહેબ એવું કહેતાં હતા કે સંતો એમ કે આપણે જે સમર્પણ કરીએ.

**શ્રીમોટા :** હા.

**જિજ્ઞાસુ :** તે અનેકગણું કરીને પાછું આવે અને એમાં સારું ને નરસું બધું જ સમર્પણ કરવાનું હોય તો નરસું પણ પાછું અનેકગણું કરીને આવે ખરું ?

**શ્રીમોટા :** ના. ના. ના. સારુંય ના આવે અનેકગણું અને નરસુંય ના આવે એને. અનેકગણું જે આવે તે એનાં પોતાનાં જે ચેતનના પ્રકારનાં જે આંદોલનો તે અનેક પ્રકારનાં આવે આપણામાં. મૂળ હેતુ સમર્પણ કર્યાં કરો.

પ્રેમભક્તિપૂર્વક અને With a consciousness. હેતુપૂર્વક કે મારામાં ભગવાનની અભિમુખતા જાગે. એ હેતુપૂર્વક. એ હેતુની સમજણ સાથે સમર્પણ કર્યાં કરો. તો સારું કે નરસું. તો સારું કરીએ તો આપણામાં સારું પેલાથી આવશે એ ખોટી વાત.

## જીવદશાનો આધાર શો ?

**જિજ્ઞાસુ :** તે જે જીવદશાનો છે, એનો જે આધાર આપ કહો છો તે આધાર એટલે ચિત્ત ?

**શ્રીમોટા :** આધાર એને ચિત્ત નહિ કહેવાય. આધાર તો આખી એની સમગ્ર પ્રકૃતિ આધાર.

**જિજ્ઞાસુ :** તો એ રૂપાંતર થવામાં એને આધાર પણ ?

**શ્રીમોટા :** એની પ્રકૃતિ છે. જીવદશામાં તો પ્રકૃતિ આધાર. હવે પ્રકૃતિ જુદા જુદા પ્રકારની. કોઈની હળવા પ્રકારની, કોઈની મોળા પ્રકારની, કોઈની densityવાળી,

કોઈની જડ, કોઈની સાત્ત્વિક પ્રકારની, કોઈની રજસ પ્રકારની, કોઈની તમસ પ્રકારની એમ અનેક પ્રકાર એના પાડી શકાય. પ્રકૃતિના. સાત્ત્વિક પ્રકારની હોય તો જલદી ઉઠાવ એનો થાય. સાત્ત્વિક પ્રકારની હોય. કોઈ જીવની હોય તો એનાથી ઉઠાવ થાય. એકદમ ઉઠાવ. તો ભક્તિ જાગી જાય એની. વાર ના લાગે એને.

### લોક-કલ્યાણનાં કામોમાં અનુભવીનો વિશિષ્ટ ફાળો

**જિજ્ઞાસુ :** હવે બીજો પ્રશ્ન એ છે કે આધિ, વ્યાધિ અને ઉપાધિ તેમ જ સારાં કે નરસાં સંકલ્પો, ઈચ્છાઓ, સતકર્મ અને અસત કર્મ એ બધાં જ એક યા બીજા પ્રકારે પ્રકૃતિનાં જ સ્વરૂપો છે. અનુભવી પ્રકૃતિનો સ્વામી છે તો પોતાનો વ્યાધિ તેમ જ અન્યના આધિ, વ્યાધિ ને ઉપાધિનું નિવારણ કરી જ શકે એમ તર્કની દૃષ્ટિએ સુસંગત લાગે છે.

**શ્રીમોટા :** બરાબર છે.

**જિજ્ઞાસુ :** આ રીતે વિચારતાં એમ જણાય છે કે અનુભવી લોક-કલ્યાણનાં કાર્યમાં જે ફાળો આપી શકે તેવો ફાળો બીજી કોઈ પણ વ્યક્તિ આપી શકે નહિ.

**શ્રીમોટા :** એ વાત ચોક્કસ.

### અનુભવીને નિમિત્ત તો રહેવાનું જ

**જિજ્ઞાસુ :** હવે જગતમાં અનુભવીઓ તો છે જ. છતાં હજારો વર્ષ વહ્યાં અસંખ્ય લોકો દુઃખ અને અજ્ઞાનમાં કેમ સબડે છે ? અને કોઈ પણ અનુભવી પંચભૂતાત્મક શરીર પર એવો કાબૂ કેમ લાવી શક્યો નથી કે જેથી કરીને એને રોગ વગેરે ન થાય તથા તેના શરીરનું પોતે જ્યાં સુધી ન ધારે ત્યાં સુધી મૃત્યુ જ ન થાય ?

**શ્રીમોટા :** એ...એ છે તે એક એવા પ્રકારનો પ્રશ્ન છે આ કે આ processમાં જ છે. તમે કહો છો તે જાતના processમાં ચેતન છે. ચેતન જે અવતરે છે. ચેતન આધાર લે છે ને શરીરનો ? શરીર...શરીર.. શરીર એવાં પ્રકારનાં થવાં જોઈએ. કે એ processમાં જ છે. એવાં પ્રકારનાં શરીર જ્યારે થશે ત્યારે આવાં પ્રકારનું શરીર થશે. પણ ત્યારે પણ એને નિમિત્ત નહિ હોય એમ નહિ.

**નિમિત્ત હોવા છતાં અનુભવી નીરોગી રહી શકશે**

અત્યારે અનુભવી માણસ છે. નીરોગી છે. **એને રોગ નથી. દેખાય છે રોગ. એ નિમિત્તનાં છે. લોકોને લાગે છે રોગ. એના રોગ લાગે છે પણ રોગ એના નથી. એનું શરીર સંપૂર્ણ નીરોગી છે પણ એને નિમિત્તનું છે.** જે તે બધું. જુઓ, બુદ્ધિથી સમજીએ તો એ માની શકાય એવી વાત છે. કોઈ કહેશે કે ભાઈ એ તમારાં ગપ્પાં છે. પણ એ માની શકાય એવું. માનવું પડે એવું. પણ એક કાળ એવો આવશે કે નિમિત્તનું લેવા છતાં પણ શરીર તદ્દન નીરોગી રહે. એક કાળ એવો આવશે. શરીર એ processમાં જ છે. આ શરીર... શરીર આવાં develope થવાને...processમાં જ છે અત્યારે.

**જિજ્ઞાસુ :** એ જગતના ઉત્કર્ષમાં પણ ઘણો મોટો ફાળો.

**શ્રીમોટા :** એનું અસ્તિત્વમાત્ર જગતનો ઉત્કર્ષ છે. એનું અસ્તિત્વ એ...એ તે વખતે એને એવો ખ્યાલ નથી. હું જગતનો ઉત્કર્ષ કરું છું. એ તો ભગવાન કરશે. તું કરવાવાળો.. કોણ છે ? એ તો ભગવાનનું કર્તવ્ય છે. તે ભગવાનનું કર્તવ્ય અનુભવીને મળી જાય છે. એ કહેતો હોતો નથી. એનામાં

એવા પ્રકારનું અહમ્ હોતું નથી. પણ **એનું જગત પરનું અસ્તિત્વ એ જ જગતના ઉદ્ધારનું કારણ છે.**

**જિજ્ઞાસુ :** હવે અનુભવી એ સર્વવ્યાપક થાય છે.

**શ્રીમોટા :** હા.

**જિજ્ઞાસુ :** એ સર્વ સાથે identify થઈ જાય છે.

**શ્રીમોટા :** Identify.

## અનુભવીના સંસર્ગમાં આવનાર બધા મહાત્મા કેમ નથી થઈ જતા ?

**જિજ્ઞાસુ :** તો એના ઉત્કર્ષની સાથે બીજા જે સાથે identification થયું છે, એનો પણ સ્વાભાવિક ઉત્કર્ષ થવો જોઈએ.

**શ્રીમોટા :** નથી થતો.

**જિજ્ઞાસુ :** એવું તર્કસંગત.

**શ્રીમોટા :** નથી થતો સંગત. તર્કસંગત નથી.

**જિજ્ઞાસુ :** કેમ નથી ?

**શ્રીમોટા :** કારણ કે એની સાથે identify થયો તો એ જે પેલો એ પ્રકારે receive નથી કરતો. Identify થાય એટલે અનેક પ્રકારનાં નિમિત્તો છે ને એને ? પણ તેની સાથે એ તો તાદાત્મ્ય થઈ જાય છે. પણ તાદાત્મ્ય થઈ જાય છે. મેં હમણાં કહ્યું ને કે અનેક સંસારી જીવોની સાથે ભળે છે, હળે છે તે વિશે. એનાં આંદોલનો જાય છે એમાં પણ એ જીવદશાનાં થઈ જાય છે પાછાં. એટલે પેલાં બધાં જીવદશાનાં થઈ જાય છે. કે અનેક અનુભવીઓ હોય તો અનુભવીઓ હોય ને એના બધા સંસર્ગમાં આવે માટે...બધા મહાત્મા થઈ જાય ? એ તો તમારી બુદ્ધિનું દેવાળું છે એમ તમે જો માનો તો.

## અનુભવી સંતોના રોગનું રહસ્ય

એ તો બધા જીવદશાના. એ બધા સંસ્કાર એનામાં ગયા. એનાં આંદોલનો ગયાં, તે જીવદશામાં જ થઈ ગયાં એનાં. પણ લાંબા ગાળા-લાંબે ગાળે થતાં થતાં એનામાં સદ્ભાવ જાગે. એનાં આંદોલનો આવું કામ કરી શકે...કે બધાં જ... બધાં જ ભગવાનના. એકદમ ભગવાનને ભજતાં થઈ જાય એવું નહિ બને. એટલે આજે અનુભવી છે બધા ખરા. તેથી જગતમાં કેમ બધું આવું જ રહ્યું છે ? તે પ્રકૃતિ છે આ તો જગતની. પ્રકૃતિના ગુણધર્મ કાંઈ નાશ પામવાના નથી. એ તો અનંતકાળ સુધી રહેશે અને જ્યારે થશે. આ શરીરનું એવું નીરોગીપણું કે આવીને ચાલ્યું જાય. બધાના નિમિત્તના રોગ લે કરે બધું ખરું. પણ શરીર એને ફેંકી દે. શરીરમાં આ લોકો રાખે છે. **અનુભવી લોકો શરીરના રોગ રાખે છે. એનું કારણ પેલાનામાં પેલા હઠીલા જે જીવો છે તે એમ ને એમ નહિ. એને નિમિત્ત એની સાથેનું મિશન છે. કે અમુક અમુક જીવોને તો અભિમુખતા જગાડવી જ જોઈએ. જાગવી જ જોઈએ. એનામાં. એનું નિમિત્ત છે. એ નિમિત્ત એને આ રીતે કરે છે. કે વધારે વખત રહે. એની consciousnessમાં તે વખતે એ રહે છે. અમુક અમુક જાતના રોગ હોય. અમુકના છે. તે એને consciousnessમાં તે હોય છે. તે વખતે. તે ભોગવતી વખતે. એટલે એનાં આંદોલનો પેલામાં પડ્યાં જ કરે છે. વધારે ને વધારે વાર. ઘણીવાર સુધી. એટલે એમાંથી ભગવાનની કૃપાથી અભિમુખતા ભગવાન તરફ જાગે. એટલા માટે એ રોગ પણ ભોગવતા હોય છે અને રોગ એમનામાં લેતા.**

## શ્રીઅરવિંદનું supramental

**જિજ્ઞાસુ :** આપે જે કહ્યું process ચાલી રહ્યો છે.

**શ્રીમોટા :** Process ચાલી રહ્યો છે.

**જિજ્ઞાસુ :** હવે શ્રીઅરવિંદે પણ એવો એક પ્રયત્ન કર્યો કે આપણે supramentalની વાત કરી.

**શ્રીમોટા :** એ વાત કરી સાચી છે. એ તો એક આદર્શની વાત કરી. પણ એ પોતે થયા ન હતા. મારું એવું માનવું છે. પણ એમને પ્રોસ્ટેટનું દર્દ હતું. માતાજીને પણ છેવટે ઘારાં પડી ગયેલાં. એ કહેતાં હતાં કે એમને supramental મળી ગયું છે, તો શરીર એવા પ્રકારનું નહિ થાય. Supramental હોય તો શરીર સંપૂર્ણ તંદુરસ્ત સ્થિતિનું હોય.

**જિજ્ઞાસુ :** તો supramentalની શક્યતા.

**શ્રીમોટા :** શક્યતા સોએ સો ટકાની. શક્યતા નહિ. reality હું તો કહું છું. શ્રીઅરવિંદે કહ્યું છે તે સોએ સો ટકા સાચું છે અને એ process...going on. અત્યારે ચાલી જ રહેલો છે એ process. બહુ ઓછા માણસ એની કિંમત આંકે છે. પણ બહુ મોટી વાત એણે કરી દીધી છે. ખુલ્લી જાહેર કરી દીધી શ્રીઅરવિંદે કે આ જાતનું થવાનું શરીર આપણું.

**જિજ્ઞાસુ :** ત્યારે દુનિયામાં પણ લોકોમાં પણ કેટલુંક એવું રૂપાંતર થશે.

**શ્રીમોટા :** ચોક્કસ થશે. લોકોનું રૂપાંતર થશે. પણ જે મથતાં હશે. conscious હશે તેમનું.

**જિજ્ઞાસુ :** Struggling souls.

**શ્રીમોટા :** Conscious નહિ હોય ને struggling નહિ હોય તેને નહિ થાય. તે તો એવા ને એવા જ જડ રહેશે. Supramental આવી જશે. પણ ધારો કે supramental થશે તો વ્યક્તિઓ થશે. સમાજ આખો નહિ થાય. Impossible. એમાં વ્યક્તિઓ કોક થવાની. થોડીક વ્યક્તિઓ થશે એવી. આવી વ્યક્તિઓને...વ્યક્તિઓના પ્રભાવથી. અસરથી કેટલાંક આગળ વધવાના processમાં આવશે. તે જુદી વાત છે. પણ આ એ શરીર આવી જાતનું થાય એ જાતનો process ચાલી રહેલો છે અત્યારે.

## સ્વપ્નમાં દેવતાનાં દર્શનનું મહત્ત્વ કેટલું ?

**જિજ્ઞાસુ :** સ્વપ્નમાં કોઈ દેવનાં દર્શન થાય કે સંતનાં દર્શન થાય જે આશીર્વાદ આપે. હાથ કે પગ માથા પર મૂકે. કોઈવાર કોઈ આદેશ પણ આપે તેનું કશું મહત્ત્વ છે ખરું ? અને હોય તો કેટલા અંશે ?

**શ્રીમોટા :** મહત્ત્વ છે એનું. મહત્ત્વ એટલા માટે છે કે એના sub-consciousમાં બધું આવી ગયેલું છે. તે સ્પષ્ટપણે જેમ આપણને અગ્નિ અડકે ને ગરમી લાગે તેવી રીતે આ સાબિત કરી બતાવે છે કે એના sub-conscious mindમાં આ બધું છે. ભરાયેલું છે. એ સાબિત કરી બતાવે છે. તે એક મુખ્ય વાત.

હવે તે આશીર્વાદ આપે છે કે કાંઈ કશું કરે છે તે જાતની consciousness પછી એને જે જાગ્યા પછી રહેતી નથી. એને ભાન થાય છે આવું સ્વપ્ન આવ્યું હતું. પણ પછી એ પ્રમાણે કરીને એનો ભાવ એનામાં જે જાગવો જોઈએ, તે

માણસને જાગતો નથી. ને પછીથી જાગ્યા પછીથી પણ જો એવો ભાવ જાગે અને એ ભાવમાં જો રહે તો એને પાછો લાભ થાય. દા.ત. મને સ્વપ્ન આવ્યું. મારા ગુરુમહારાજનું કે મને માથે હાથ મૂક્યો ને મારી પીઠ થાબડી કે તારા પર હું રાજી છું, એવું સ્વપ્ન આવ્યું ને સવારમાં હું જાગ્યો ત્યારે મને આવું સ્વપ્ન આવ્યું ખલાસ. પણ એનાથી મને એવો અહોભાવ જાગે, મારા શરીરનાં રોમાંચ ખડાં થઈ જાય, એ ભાવ મારો કાયમ રહે તો મને લાભ. આ તો સ્વપ્નથી... સ્વપ્ન તમને આટલું બતાવશે કે તમારા sub-conscious-mindમાં બધું છે. તે બતાવે છે. પણ એના પછીથી તમને તો કશું થતું નથી. જેવા હતા તેવા ને તેવા. કોરાં ને કોરાં. તો કશું નહિ થાય. એનો તફાવત સમજ્યાને આપ ?

### એને પામવો કેવી રીતે ? કર્મનું મહત્ત્વ

**જિજ્ઞાસુ :** કે મોક્ષની પ્રાપ્તિમાં કર્મ કે ઉપાસના શો ભાગ ભજવે છે ? જ્ઞાનથી જ મોક્ષ થાય છે એવો સિદ્ધાંત છે તો પછી આપે જ લખ્યું છે —

*આખરી સત્ય ના કર્મ, સત્ય છે પર કર્મથી,*
*પ્રીછવા સત્યને કર્મ, કર્મ સર્વોપરી નથી.*

વળી આપ જ લખો છો કે :-

કર્મ ના સર્વ કાંઈ એને, કર્મથી પર તે રહ્યો,
કર્મથી પામવા જે કો એને જાય, પમાય ના.

આમ છે તો એને પામવો કેવી રીતે ? જપ અને ધ્યાન એ પણ ક્રિયા જ છે. માટે આ પ્રશ્ન પૂછ્યો છે.

**શ્રીમોટા :** જુઓને. એકદમ કર્મ ઊડી ના જાય. ધીરે,

ધીરે, ધીરે, કરતાં, કરતાં, કરતાં ભગવાનનું સ્મરણનું કર્મ લીધું એ સ્મરણનું કર્મ લેતાં, લેતાં, લેતાં નિરંતરનું થઈ જાય પછી ઊડી જાય છે જપ. જપ ઊડી જાય. પછી જપ રહેતો નથી. એની સભાનતા રહે છે. એની માત્ર consciousness રહે છે. કાયમ. શ્વાસોશ્વાસ કરતાંય વધારે. વધારે જલદ પ્રમાણમાં એ સભાનતા છે એની. શ્વાસોશ્વાસ છે એના કરતાંય વધારે જલદ પ્રમાણમાં એ સભાનતા છે, પણ ત્યારે હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ એમ નથી રહેતું. શબ્દ નથી રહેતો. એટલે મૌખિક શબ્દ નથી રહેતો.

**જિજ્ઞાસુ :** એટલે કર્મ રહેતું નથી.

**શ્રીમોટા :** કર્મ પછી નથી એને. કર્મ કરવાનું ખરું. શરૂઆતમાં કર્મ નહિ કરે તો નહિ ચાલે. કર્મ કરતાં કરતાં એવી હદે પહોંચી જાવ. પછી કર્મ જ ઊડી જાય. પછી એને કર્મ રહેતું નથી.

**જિજ્ઞાસુ :** તો awarness એટલે.

**શ્રીમોટા :** Awarness જ બસ.

**જિજ્ઞાસુ :** Consciousness કહેવાય ?

**શ્રીમોટા :** Consciousness.

**જિજ્ઞાસુ :** બીજું એ કે શ્રીરામાનુજાચાર્ય કોઈ પણ જ્ઞાનને મિથ્યા ગણતા નથી.

**શ્રીમોટા :** બરાબર છે.

## સ્વપ્ન સત્ય છે સ્વપ્નમાં ભોગવેલું વધુ બંધનકર્તા

**જિજ્ઞાસુ :** દોરડીમાં સર્પ દેખાય છે કે છીપમાં રૂપાની

પ્રતીતિ થાય છે તે સાચી જ છે એમ તે કહે છે. તેનું કારણ તે એમ દર્શાવે છે કે બધું જ બધાંમાં રહેલું છે. કારણ કે પંચીકરણ થયેલું છે. માટે સર્વં સર્વત્ર વર્તતે એવું લખે છે. સ્વપ્નને પણ તે સત્ય માને છે અને કહે છે કે ઘણીવાર ઈશ્વર કેટલાંક સારાં કે નરસાં કર્મનાં ફળના સ્વપ્નમાં અનુભવ કરાવી દે છે. આપ આ વિશે શું જાણો છો ?

**શ્રીમોટા :** જીવદશામાં તો આ વાત જાણે સાચી છે. જીવદશામાં આપણાં કેટલાંક કર્મ આપણે ભોગવીએ છીએ. મારી માન્યતા—સમજણ એવા પ્રકારની છે કે સ્વપ્નમાં ભોગવ્યું અને જીવદશામાં તમે ભોગવો પણ સ્વપ્નમાં ભોગવ્યું જે, તે સૂક્ષ્મ કરણોથી ભોગવો છો. એટલે એ વધારે બંધનકારક છે. જીવદશામાં તમે અત્યારે જીવતાંજાગતાં ભોગવો અને તમે સ્વપ્નમાં કશુંક ભોગવો, તે સ્વપ્નમાં ભોગવો એમાં પણ આપણાં કરણો સૂક્ષ્મ છે. સૂક્ષ્મ કરણો દ્વારા ભોગવો છો એ વધારે બંધનકારક છે. આ જીવદશામાં ભોગવો છો તેના કરતાં. એટલે સ્વપ્ન real છે. સ્વપ્ન ખોટું નથી. ખોટું આવે ક્યાંથી આપણામાં ? જે છે તે જ આવે છે. એટલે સ્વપ્ન real છે. એટલું જ નહિ પણ આપણે—તમારી જાતને ખોળવાને માટે તમને એ મદદરૂપ છે. કે મારામાં આ પડેલું છે. આવું આવું છે. આમ છે. તેમ છે. એમ સમજી શકાય.

**જિજ્ઞાસુ :** સ્વપ્નમાં કોઈ સત્કાર્ય થાય.

**શ્રીમોટા :** સત્કર્મ થાય તો લાભ થાય.

### સ્વપ્નમાં સત્કાર્ય થાય તે વધુ સારું

**જિજ્ઞાસુ :** તો.

**શ્રીમોટા :** સત્કર્મ થાય. ધારો કે જીવનમાં કોઈને સત્કર્મ થયું. સારું કામ કર્યું. સત્કર્મ કર્યું. તો એનાથી એને લાભ છે ને ઘણો લાભ છે. જીવદશામાં. મેં જેમ કહ્યું કે સ્વપ્નમાં કર્મ વધારે બંધનકારક છે. જીવતાંજાગતાં હાલ આપણે છીએ, તે જે ભોગવીએ છીએ, તે સ્થૂળ ઇંદ્રિયો દ્વારા ભોગવીએ. પેલી સૂક્ષ્મ ઇંદ્રિયો છે ને સૂક્ષ્મ ઇંદ્રિયો દ્વારા તમે સત્કર્મ કર્યું, એ વધારે કલ્યાણકારક છે. આ સ્થૂળ કરતાં વધારે કલ્યાણકારક છે. એટલે જો સ્વપ્નમાંય પણ ભગવાનનું નામ લેવાય તો ઉત્તમ છે. બહુ વધારે ઉત્તમ છે. જીવતાંજાગતાં કરતાં. આ તો મારી સમજણ. સાચું ખોટું ભગવાન જાણે. પણ હું સમજ્યો છું, તે રીતે કહું છું તમને.

એટલે આ જે રામાનુજે કહ્યું છે કે સ્વપ્ન પણ સત્ય છે એ સત્ય છે. એ મારા મનથી ફરક નથી.

**જિજ્ઞાસુ :** છીપમાં રૂપું દેખાય છે, એનું કારણ એમાં રૂપાનો અંશ છે જ એમ કહે છે.

**શ્રીમોટા :** રૂપાનો અંશ છે. રૂપા જેવું દેખાય છે.

**જિજ્ઞાસુ :** છતાં અંશ છે માટે દેખાય છે.

**શ્રીમોટા :** જેમ રૂપા, ચાંદી કે રૂપું કહીએ એના જેવા રંગ છે. એ રંગ ત્યાં છે, એટલે પેલાનું સામ્ય ત્યાં છે. પણ તે રૂપાનો અંશ છે. રૂપું જ છે એમ નહિ કહેવાય.

**જિજ્ઞાસુ :** એવું સ્પષ્ટપણે એ કહે છે.

**શ્રીમોટા :** એ કહેતા હોય તો ભલે કહેતા હોય. મારા માન્યામાં નથી આવતું. મારી બુદ્ધિ ના કહે છે.

**જિજ્ઞાસુ :** અને પતંજલિ પણ એ વસ્તુ કહે છે.

**શ્રીમોટા :** એમ સામ્ય છે. સામ્ય કહેવાય. કારણ કે બરાબર રૂપાના જેવો જ રંગ છે. એમાં ફરક નથી. એટલે સામ્ય છે—રૂપાનું. પણ એ રૂપું જ છે એમ નહિ કહેવાય. મારી બુદ્ધિ સ્વીકારતી નથી.

## પતંજલિનું જાત્યંતર પરિવર્તન

**જિજ્ઞાસુ :** પતંજલિ એક વાત કરે છે. જાત્યંતર પરિવર્તનની. એક વસ્તુનું ગમે તેમાં એનું પરિવર્તન થઈ શકે છે.

**શ્રીમોટા :** એ થઈ શકે છે.

**જિજ્ઞાસુ :** એ હવે કહે છે થાય છે એનું કારણ એ છે કે તેમાં તે સમાયેલું છે માટે થાય છે. એ કહે છે પંચીકરણ થયેલું છે તો આપણે જળ, પૃથ્વી, તેજ, વાયુ, આકાશ એ બધામાં રહેલાં છે. હવે કોઈ પણ પદાર્થ દા.ત. લોખંડ છે એનું સુવર્ણમાં રૂપાંતર કરવું હોય તો એ છે માટે થાય છે. જે નથી તે કદી પ્રગટ થતું જ નથી. એમ એનો આખો argument છે.

**શ્રીમોટા : હા. પણ જે વાત એણે કરી પણ આપણે સમજતા નથી. કે લોખંડ સોનું કદી નહિ થાય. કદી નહિ થાય. પતંજલિ શું પતંજલિનો બાપ કરે તોય નહિ થાય. પારામાંથી સોનું થશે.** કારણ કે એમાં જે-એના જે-એના જે-એની રચના છે. બંનેની. લોખંડની રચના અને સોનાની રચના. આ બેની રચનામાં જ ફરક છે. જ્યારે પારો અને સોનું એ બેના પરમાણુઓ અને અણુઓ જરાક જ ફેર છે. એટલે એકબીજાના બંધારણની નજીક છે. એટલે એમાંથી સોનું થઈ શકે. પણ તમે કહો કે લોઢાને—લોઢામાંથી સોનું થાય એમ

પતંજલિ કહે છે તો પતંજલિ કહેતો હોય તો એને નમસ્કાર. પણ મારી બુદ્ધિમાં નથી આવતું.

## રૂમાંથી ગ્રેનાઈટમાં પરિવર્તન

**જિજ્ઞાસુ :** હવે આપને કહું કે બનારસમાં એક મોટા પ્રોફેસર હતા. physicsના. એ વિશુદ્ધાનંદ સરસ્વતી કરીને એક વ્યક્તિ હતી. તેમની પાસે આ જાત્યંતર પરિવર્તનની વાત ચાલતી હતી ને મળ્યા. પછી એમણે કહ્યું કે કોઈ પણ વસ્તુનું કશામાં પણ રૂપાંતર થઈ શકે છે. ધારો તેમાં. પછી એમણે એક રૂ આપ્યું અને એમણે કહ્યું કે ગ્રેનાઈટમાં એનું પરિવર્તન કરો. તો એમણે એક લેન્સ ધરી સૂર્યનાં કિરણોમાં અને થોડી જ વારમાં એનું રૂપાંતર થઈ ગયું. હવે એમણે કહ્યું કે આ સૂર્યવિજ્ઞાનનો process છે. આમાં યોગની પણ પ્રક્રિયા નથી. એમણે કહ્યું આ સૂર્યવિજ્ઞાન એવું છે કે એ ક્રીસ્ટલ ધરવાથી એ અમુક પ્રકારનું concentration કરવાથી વસ્તુનું ગમે તેમાં રૂપાંતર થાય છે અને એનું કારણ એ જ છે. દરેકમાં દરેક સમાયેલું છે અને મૂળભૂત સિદ્ધાંત એ મુદ્દો સર્વં સર્વત્ર વર્તતે. બધું જ બધાંમાં રહેલું છે. એમ કરી એમણે એનું રૂપાંતર કર્યું.

**શ્રીમોટા :** એક સિદ્ધાંત તરીકે બધું મનાય પણ actual એવું થવું હજુ મારા માન્યામાં નથી આવતું. એણે કરી બતાવ્યું હોય તો ભલે કરી બતાવ્યું હોય પણ મારા માન્યામાં નથી આવતું. કે આ સૂર્ય-ક્યાં તો એ જે કાચ બતાવ્યો હોય કે કાચ કોઈ અમુક પ્રકારનો હોય. તેજ જે આવે એ તેજનું જુદા જાતનો હોય એમાંથી એવું કાંઈક...

**જિજ્ઞાસુ :** પછી એમણે એમ પણ કહ્યું કે આ પ્રકારની

લૅબોરેટરી કાઢીએ તો ? એમણે કહ્યું કે કાઢી શકાય. પછી એને માટે સ્થળ પણ નક્કી કર્યું.

**શ્રીમોટા :** તો કાઢને ભાઈ. આવું હોય તો બતાડને. હું જઉં. હું શીખવા તૈયાર છું. હું તો આ બધું સોનું કરી દઉં. અમારો દેશ બહુ ગરીબ છે બિચારો. બિચારા ગરીબોનો ઉદ્ધાર થઈ જાય. મારે તો સારાં કામ કરવાને બહુ પૈસા જોઈએ છે. તો કોઈની પાસે જવું ના પડે. માગવું ના પડે. મને કોઈ શિખવવા તૈયાર હોય તો આજે આવા શરીરે જવા તૈયાર છું.

## સાર્વત્રિક પરિવર્તન અશક્ય

**જિજ્ઞાસુ :** પછી એમણે એમના ગુરુને પુછાવ્યું તો એ લૅબોરેટરી કાઢવાની ના પાડી.

**શ્રીમોટા :** અરે પણ કોઈ કહે જ નહિ. કોઈ કહે નહિ. આવું બધું થાય જ નહિ. આ સાર્વત્રિક રીતે કોઈ આવું કશું બની શકે જ નહિ. કોઈ અનુભવી હોય તોપણ સાર્વત્રિક રીતે કરી શકે નહિ. એ થઈ ન શકે. એના મગજમાં—ભેજામાં આ આવે જ નહિ. એ તો નિમિત્ત પ્રમાણે જ થવાનું.

**જિજ્ઞાસુ :** યોગની કોઈ પ્રક્રિયા નથી. કહે છે કે ફીઝિક્સના જેવું સૂર્યવિજ્ઞાન છે. ચંદ્રવિજ્ઞાન છે. એવાં અનેક પ્રકારનાં વિજ્ઞાનો છે.

**શ્રીમોટા :** તે હશે ભાઈ. આપણને એની કાંઈ ખબર નહિ.

## દેવો તો જુદા જુદા સમજવા મૂળ તો એક જ ચેતન

**જિજ્ઞાસુ :** ભગવાનના સગુણ સ્વરૂપના જેવાં કે ગણેશ, શિવ વગેરે અનંત પ્રકારો છે કે એક જ પ્રકાર હોય છે ? અને

રૂપ નામને આધીન હોવાથી, જ્યારે સાધકના હૃદયમાં પ્રકાશી ઊઠે છે, ત્યારે જુદા જુદા સાધકને જુદા જુદા પ્રકારે ભાસે છે કે એક જ પ્રકારે ? તાત્પર્ય કે શિવ, વિષ્ણુ વગેરે સગુણ રૂપનાં પણ અનંત પ્રકારો છે કે એક જ પ્રકાર હોય છે ?

કોઈ સાક્ષાત્કાર સંપન્ન ગુરુનું નિરંતર નામસ્મરણ કર્યાં કરે તો તે ગુરુ પોતાના શરીરની જે આકૃતિ હોય છે, તે જ રૂપે દેખાય છે ? કે અન્ય કોઈ સ્વરૂપે પણ દેખાય છે ? અને જે પોતાની આકૃતિથી ભિન્ન સ્વરૂપે દર્શન દે તો તેમાં કોઈ રહસ્ય હોય છે ?

ભગવાનના નિર્ગુણ સ્વરૂપનો સાક્ષાત્કાર નામસ્મરણથી સંભવે છે ?

**શ્રીમોટા :** હા. એક જ ચેતન એક જ માત્ર છે. જુદા જુદા દેવો કલ્પ્યા તે તો શાસ્ત્રકારોએ, અનુભવીઓએ કે આ આને ચેતનને સ્વીકારી ના શકે. નિરાકારને સ્વીકારી ન શકે અને નાનામાં નાનું જેમ બાળક શીખવા જાય છે તો એકડો પડાવે છે. મીંડું પડાવડાવે. લીટી દોરાવડાવે એમ કરીને શિખવાડે. એવી રીતે જુદાં જુદાં સાધનો દ્વારા, માણસ દ્વારા માણસોને એ ગ્રહણ કરી શકે એટલા માટે જુદા જુદા દેવોની આપણા લોકોએ, અનુભવી લોકોએ વાત કરી. એ એક જ ચેતન. બીજા કોઈ છે જ નહિ. અને ગણપતિ કે ગણેશનો અર્થ કરવા જાવ તો ગણાનામ ઈશઃ વૃત્તિઓનો સ્વામી તો ભગવાન જ છે. એ તો ગણેશનું નામ દઈએ માટે ગણેશને તમે દેવ બનાવી દીધો એક.

## દેવોનું વિશિષ્ટ સગુણ સ્વરૂપ નથી

**જિજ્ઞાસુ :** પણ એનું કોઈ વિશિષ્ટ સગુણ સ્વરૂપ હોય ખરું ?

**શ્રીમોટા :** વિશિષ્ટ સગુણ સ્વરૂપ નથી. આ બધા દેવોના. આ તો ફલાણા દેવ. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ તો ત્રણ ફેકલ્ટી. એક ચેતન છે. એનાં ત્રણ function. એક સર્જન, એક રક્ષણ-પોષણ અને એક લય. આ ત્રણ કર્મો ચેતનનાં. એ ત્રણ કર્મોના ત્રણ દેવતા બનાવ્યા. લોકોની સમજણમાં આવે એટલા માટે બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ. કોઈ બ્રહ્માયે નથી, વિષ્ણુયે નથી, નથી મહેશ. એક જ ચેતન જ છે. આ જુદા જુદા દેવો છે, એ હું માનતો નથી. પણ આ કર્યા છે એટલા માટે કે એવા લોકો જંગલોના ભીલ લોકોમાં હું ફરતો હતો, ત્યાં આગળ એ લોકો આ ગણપતિ રાખે, ચીતરે. ઝાડ પર ચીતરે. એને લઈ શકે. ગ્રહણ કરી શકે. વધારે ઊંચું ચેતનની વાત કરો તો નહિ લઈ શકે.

**જિજ્ઞાસુ :** તો ગણેશના નામનું સ્મરણ કર્યાં કરે તો ?

**શ્રીમોટા :** તો કરે.

## પોતાના મનમાં ધારેલું સ્વરૂપ જ પ્રગટ થાય

**જિજ્ઞાસુ :** તો જે રૂપનું દર્શન થાય એ અમુક પ્રકારનું હોય એવુંને ?

**શ્રીમોટા :** એ તો એના મનમાં ધારેલું હોય તે થાય. કાંઈ આકાશમાંથી અવતરતું નથી. પોતાના મનમાં જે ચિંતવન હોય, જેનું જે પ્રકારનું તે પ્રકારનું અને આ ગણેશનું રૂપ દેખાય છે તે પણ symbolic છે આખું, સૂંઢ અને મોટું પેટ. ને આ

બધું બતાવે આ બધું symbolic છે. પણ બધું અત્યારે ક્યાં કહું? મને દમ છે એક તો ને બોલાય થોડું. ગળું મારું બેસી ગયેલું છે. રોગવાળું છે. ખોખરો અવાજ થઈ ગયેલો છે. બોલતો નથી આ તો હું. પણ તમારા આવે છે, સત્સંગની વાત આવે છે, એટલે મને આનંદ થાય છે. એટલે મને એનું દરદ કાંઈ એનું થતું નથી. પણ જુદા જુદા પ્રકારના લોકોને સમાજમાં એક જ પ્રકારનો સમાજ નથી. કે ઉત્તમમાં ઉત્તમ ગ્રહણ કરી શકે. એ દરેકને અનુકૂળ આવે એવા આપણા ઋષિમુનિઓએ તે તે પ્રકારના દેવો સ્થાપ્યા. એ લોકોને વિચાર આવ્યો.

## દેવોનાં સ્વરૂપો માત્ર કલ્પિત, real નથી

**જિજ્ઞાસુ :** એ કલ્પિત કે ?

**શ્રીમોટા :** કલ્પિત. Reality કશું નહિ. Reality એક ચેતન એકલું જ. પછી કોઈ ગણપતિનો ભક્ત હોય, તેને ગણપતિ જેવા આકારનું દર્શન થાય. ગણપતિનું દર્શન થાય એ વાત ચોક્કસ. એમાં મારી ના નથી. એ એને reality થઈ જાય છે પણ એ એક મર્યાદામાં બંધાઈ જાય છે. હમેશાં આદર્શ રાખવો તો ઉચ્ચમાં ઉચ્ચ આદર્શ રાખવો. ગણપતિની સ્તુતિ કરતો હોઉં કે પાઠ કરતો હોઉં તોપણ મારા મનમાં મારી બુદ્ધિથી એમ જ સમજું કે આ ચેતન જ છે. એમ કરીને કરવું હિતાવહ છે. સાધકને માટે અથવા કોઈ કરનારને માટે.

## અધ્યાત્મના સંસ્કાર પાંગરે કેવી રીતે ?

**જિજ્ઞાસુ :** એ વ્યક્તિ જેને સંસ્કાર પડ્યા, નિર્દોષ ભૂમિકામાં થોડા પાંગર્યા અને પછી પાછો સંસારી જીવ જેવો

થઈ ગયો. પછી બીજો જન્મ ધારણ કર્યો. ત્યારે એ વખતે રીડબલ ફોર્સથી પાછા એ કાર્ય કરે છે. કાળ પણ લંબાય. તો તે વખતે બીજા જન્મમાં પણ તે અનુભવીની સાથે પાછો એને સંબંધ સ્થાપિત થાય છે ખરો ?

**શ્રીમોટા :** ના. અનુભવીની સાથે કાંઈ નિસબત નહિ. અનુભવી સાથે કોઈ સંબંધ એને જન્મ પછી દા.ત. આ ફલાણા અનુભવીથી આ થયું એવું રહેતું નથી. એને એક આ સ્વયંસ્ફુરિત પેલા જે સંસ્કારો અનુભવીના પડેલા છે પહેલાંના, તે સ્વયંસ્ફુરિત જ્ઞાનથી તે તે વખતે વર્ત્યા કરતો હોય છે. જીવદશાવાળો હોવા છતાં. જેમ જીવદશાવાળા હોવાથી આકાશમાં વિમાનમાં નથી જતાં ? આકાશમાં ! તેવી રીતે આ જીવદશાવાળા હોવા છતાં નાનપણમાં એની નિર્દોષ ભૂમિકા હોઈ આ સંસ્કારો તે વખતે કામ કરતા હોય છે. તે વખતે એની સભાનતા હોય છે ખરી, પણ સભાનતા હજી એવી પરિપક્વ દશાની નથી હોતી. કે આ કર્મ હું કરું છું ખરો એ એની પ્રેરણા ક્યાં છે ? ક્યાં છે ? કોનાથી થઈ છે ? કેમ થઈ છે ? એનું કારણ શું ? એ બધામાં હું ઊંડો ઊતરતો નથી. એ તરફ.

પેલો જે બાળક થયું બીજી વખતે, ત્રીજી વખતે એ થતું નથી. એ ઓછામાં ઓછું દસ-બાર જન્મે થવા લાગે છે. દશ-બાર જન્મ પછી. પણ અનંત જન્મોમાં દશ-બાર જન્મનો શો હિસાબ ? **આવા માણસો-અનુભવી માણસનાં કર્મ જે થયાં કરે છે, એ કર્મની સાથે જે જે વ્યક્તિઓ સંકળાય છે, એ ભલે અભિરુચિવાળી હોય જ ના. ભગવાન માટેની બિલકુલ અભિરુચિવાળી ના હોય તોપણ એનો સ્ફુલિંગ એનામાં અડ્યો.**

એનો સંસ્કાર પેલામાં ગયો. એ તો સર્વ કોઈના જાય. એવો કોઈ ચમત્કાર જેવું નથી. પેલા અનુભવીના સંસ્કાર પેલા સામો જે કર્મ, એનું જે કર્મ થયાં કરતું હોય એ કર્મ ફલિત થવાને જે જે વ્યક્તિઓ મળી તે બધી જ વ્યક્તિઓમાં પેલા સંસ્કાર જાય. હવે એની ભૂમિકા તો બિલકુલ નથી. બિલકુલ વહેવારિક. અને કોક તો વિરોધમાં પણ હોય. તદ્દન વિરોધમાં હોય. તોપણ એનામાં સંસ્કાર જાય ને જાય.

## વિરોધીઓમાં ભગવાનના સંસ્કાર જોરદાર ખીલે છે એ એક આશ્ચર્ય

કેટલીકવાર એવું બને છે પણ આ બુદ્ધિમાં હું બેસાડી નથી શકતો પણ જે કેટલાક જે વિરોધી માણસો છે ને એનામાં સંસ્કાર સ્ફુરેલા તે બીજે જન્મે એનામાં વધારે સારી રીતે ખીલે છે અને વધારે સારી રીતે કામ કરતા આ બાબતનો થઈ જાય છે. વિરોધી માણસોને કેટલીકવાર વધારે ફાયદો થાય છે આ માર્ગમાં. આ પેલા અનુભવીને-અનુભવી જે કર્મ કરતો હોય છે એ કર્મ કરતાં જે જે વ્યક્તિઓ એને મળી અને એમાં એ વ્યક્તિઓ કોઈક ભારેમાં ભારે વિરોધી હોય તો એ વિરોધીમાં જે સંસ્કાર પડ્યા એના એ બીજા પેલા XYZ બીજા જે કોઈને પડ્યા છે, એના કરતાં વિરોધીઓમાં પડેલા સંસ્કારો વધારે સારી રીતે કામ કરતા હોય છે. એવો મારો અનુભવ છે. અને એનું explanation આપી શકતો નથી. કે કેમ આમ આ વિરોધીઓને કેમ આમ થાય છે ? વિરોધ એનો આ પરત્વેનો, ભગવાન પરત્વેનો કેમ શમી ગયો ને આમાં આ ગયો, એ મને હજુ નથી બેઠું. મારા મગજમાં બેઠું નથી. પણ આ હકીકત મેં જાણી છે.

## ભગવાનની જેમ અનુભવી જન્મ ધારણ કરે છે

**જિજ્ઞાસુ :** અનુભવી પુનર્જન્મ ધારણ કરે છે એનો હેતુ શો હોય છે ? એ જન્મ શી રીતે ધારણ કરી શકે ? કારણ કે એની અંતઃકરણરૂપી ઉપાધિઓ તો વિલય થઈ જાય છે.

**શ્રીમોટા :** અનુભવીને જેમ ભગવાન જન્મ લે છે એ તો આપણે કબૂલ કરીએ ? હેં ? એને તો કશું હોતું નથી. આશા, ઇચ્છા, શરીર, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ કંઈ કશું નથી. એક એવું abstract being છે. એક. તે પણ કાળે કરીને અમુક સંજોગોમાં જન્મ લે છે. એ આપણાં શાસ્ત્રો કહે છે. જો એ માનીએ તો પછી અનુભવી એવા જ પ્રકારનો થઈ ગયો હોય છે. ભગવાનનું જે being છે. માત્ર એનું શરીર છે એટલું જ. શરીર છે એટલા કારણે જ પેલાની (ભગવાનની) સાથે નહિ આવી શકે. તોલે નહિ આવી શકે. બાકી તો અંદરનું ને એનાં બધાં મનાદિકરણ ને અંદરનાં બધાં તો એના (ભગવાનના) જેવાં જ થઈ ગયાં હોય છે. એમાં કાંઈ ફરક હોતો નથી.

## મારે સ્ત્રીનો અવતાર શા માટે લેવો છે ?

હવે એને આ જન્મમાં સંસારમાં રહ્યો છે, ત્યારે એને દા.ત. મારી વાત કહું કે મેં મારા મનથી દૃઢ કર્યું કે મારે સ્ત્રીનો જ અવતાર લેવો છે. હવે એમાં મારી પાસે એક કારણ છે કે અમારા દેશનો જો ઉદ્ધાર કરવો હોય કે પેલાની મને હું જ્યારે ભણતો હતો, ત્યારથી મારામાં ઘણી કે આને સમૃદ્ધ થયા વગર આપણા દેશને કોઈ ગણકારશે નહિ. ત્યારે અત્યારે પણ જ્યાં સમૃદ્ધ થઈ શકે એવું કોઈ વાતાવરણ નથી

તોપણ હું એવી જ જાતનાં કામ કરું છું કે જે જેના વડે કરીને દેશની સમૃદ્ધિ થાય એવાં કામ કરું છું.

અને બુદ્ધિથી મને એટલું બધું સાચું સમજાયું છે કે આ મારા દેશની સ્ત્રીઓ જ્યારે બહાદુર, પરાક્રમી, શૌર્યવાળી, ધીરજવાળી, સાહસવાળી, હિંમતવાળી, મર્દાનગીવાળી થશે ત્યારે અમારી પ્રજા એવી થશે. આ શક્ય નથી કોઈ પણ ઉપાયે. અને અત્યારે એ સ્થિતિ નથી. એવી સ્થિતિ થવાને માટે મારે સ્ત્રી થવું છે કે જેથી એમની સાથે હળી-મળી શકું. બધું કરી શકું. તે એમ કોઈક અનુભવીને આ જન્મમાં સંસારમાં રહેતાં રહેતાં કશુંક એવું સ્ફુરી જાય તો એ એ જાતનો જન્મ લે છે. પછી સામાન્ય જે અનુભવીને આવું કાંઈ હોતું નથી. બિલકુલ. કે આ થવું છે. જન્મ લેવો છે એ પણ હોતું નથી.

મને તો આ ઈચ્છા કહેવાય ખરી પણ એ સહજ ઈચ્છા છે. એમાં બીજું કશું નથી.

## મારી ઈચ્છા નથી એ તો સ્વયંસ્ફુલિંગ છે

**જિજ્ઞાસુ :** એને સ્ફુરણ કહી શકાય ?

**શ્રીમોટા :** એને સ્ફુરણ સ્ફુરણથી બીજું એને કહું. એ જે છે. જેમ ભગવાન અવતરે છે કે હું મારા ભક્તોના રક્ષણ કરવાને માટે અવતરું છું. ધર્મનું રક્ષણ કરવાને માટે અવતરું છું. એ જેમ છે. એ કારણ છે ત્યારે એમાં એ કારણમાં કોઈ મનાદિકરણ નથી. કોઈ હૃદય નથી. કોઈ વિચાર નહિ. પ્રક્રિયા નથી. એક સ્વયં સ્ફુલિંગ છે. સ્વયં એનામાં જાગેલું કે આમ થવું છે. આમ કરવું છે. તે રીતે પેલાને પણ એમ થાય છે કે આમ કરવાનું છે. માટે આ કરવું છે. એવો એમાં કોઈ...કોઈ

જાતનો સાંસારિક, વ્યાવહારિક, મનાદિકરણનો કોઈ વિષય એને ત્યાં સ્પર્શતો નથી. કારણ જેમ ભગવાન અવતાર લેવાનું કરે છે, તેવી રીતે અનુભવી માણસ અવતાર લેવાનું કરતો હોય છે. એમાં કોઈ જાતનું એને એના મનમાં કે એના મનાદિકરણમાં કે અથવા તો એના અંતરના ભાગમાં કે અંતઃકરણમાં અથવા તો એના અત્યંત આત્માના સૂક્ષ્મ ભાગમાં પણ કોઈ જાતનો વિચાર સરખો હોતો નથી.

## ઈંદુકાકાના દીકરાઓનો પ્રસંગ

એક માણસ રસ્તામાં જતો હોય અને એવું બનેલું. મારો ઈંદુકાકો (શ્રી ઈંદ્રવદનભાઈ શૅરદલાલ, ગુરુકૃપા ગેસ્ટ હાઉસ ટાઉન હોલ પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ) છે તે ને એના બે છોકરાઓ એક ભાઈને લઈને—પારસી છોકરો—કાંઈ ખરીદવા ગયા. ભઈ, આની શી કિંમત છે ? તો ૪૫ રૂપિયા છે ભઈ. તો જોયું તો પૈસા તો ૧૫ રૂપિયા નીકળ્યા. તે પછી એટલામાં તો પેલો નાનો છોકરો (ટીનુ) કહે અરે ! હરિ, હરિ, જો, તારા ચંપલ તળે રૂપિયા છે. તારા ચંપલ તળે. તારા ચંપલ તળે રૂપિયા છે. જોયું ઉપાડીને, તો ખસેડીને જોયું તો રૂ.૩૦/- કોઈના પડી ગયા હશે. ગમે તેમ પણ રૂ.૩૦/- એને મળી ગયા. અને ૧૫ રૂપિયા હતા. એમ પેલા ૪૫ રૂપિયા દઈ દીધા. હવે આને અકસ્માત્ કહો. ગમે તે કહો. પણ જેમ મળી ગયું. તેવી રીતે પેલા લોકોને કોઈક એવા કારણ. કોઈક એવું striking એવું કાંઈક બની જાય છે. પ્રસંગ. જીવનમાં—સંસારમાં તો પ્રસંગ બન્યા વગર રહે જ નહિ. ત્યારે બની જ જાય છે. ત્યારે એવા પ્રસંગો કેટલાક જોયા.

બહેનોના કે આ ઘણી અવહેલના થઈ રહી છે. આમાંથી ઉત્તમ પ્રજા કેવી રીતે પાકી શકે ? એવું પછી જોયાથી જ નક્કી થઈ ગયું. મને મનમાં કે આપણે આ (સ્ત્રીનો) જ જન્મ લેવો. બાકી મારે કાંઈ જન્મ લેવાની જરૂર નહિ.

## મારો સ્ત્રીનો અવતાર કેવો હશે ?

**પણ જન્મ લેવો સ્ત્રીનો. પણ છોકરાં જણે એવી નહિ. છોકરાં જણે એવી સ્ત્રી નહિ થઉં હું. અને વૈભવ-વિલાસનો પાર નહિ. પૈસા-બૈસા મારે કાંઈ માગવા જવા પડશે નહિ. રૂપ પણ બહુ સુંદર કે એક લટકું બસ થાય. એક જ લટકું. વધારે જરૂર નહિ. એને...એને વશ કરી દેવામાં એક જ લટકું બસ થાય. એવું સુંદર રૂપ ભગવાન આપશે મને.** એટલા માટે કે આ બધાને ત્યારે એ સ્થિતિમાં આ પુરુષોને સાચી રીતે સમજાવી શકાય. તો તો એ માન્યા વગર રહેશે નહિ. જેટલા જેટલા સંબંધમાં આવશે એનો છૂટકો નહિ થાય. હું જે કરીશ તે વખતે, તે બોલની પાછળની વીજળી જે નીકળતી હશે એને force (ફોર્સ) કરતી હશે બોલવાને તે કોઈ જુદા પ્રકારની હશે. આજના જેવું નહિ હોય ત્યારે. એટલે...એટલે મેં આ બધું સંસારમાં કે સમૃદ્ધિ થવાને માટે આ બહેનો જ્યાં સુધી એમનું જીવન આવું નહિ થાય, ત્યાં સુધી સમૃદ્ધિ થવાની નથી. **સમૃદ્ધિ કાંઈ લક્ષ્મી વડે થાય છે એ હું માનતો નથી. એ બહુ નજીવો ભાગ ભજવે છે. પણ માણસોને લીધે એના ખુમારી ને ખમીર, એની સંસ્કૃતિ, એના ગુણ એ બધા વડે કરીને સંસ્કૃતિ તો સમૃદ્ધ થાય છે. એ મને બહુ ચોક્કસ લાગેલું છે.**

## બધા અનુભવીઓ જન્મ લેતા નથી

એટલે એવી રીતે કેટલાક માણસો—અનુભવી પુરુષો કાંઈક એવા પ્રસંગોને લીધે આપમેળે નક્કી થઈ જાય છે. એમનામાં. અને ભગવાન પણ જેમ કાળે કરીને અવતરે છે કોઈ કારણને માટે તેવી રીતે આ લોકો પણ કોઈક કારણને માટે અવતાર લેતા હોય છે. પણ બધાય નથી લેતા હોતા. પણ **એ બધા અવકાશમાં છે ખરા. એટલે લય પામી ગયા છે નહિ. કાંઈ કશું છે નહિ એમ નથી. આ પૃથ્વી પર બધા આખા બ્રહ્માંડમાં એ બધાય છે. છે પોત પોતાને સ્થળે. પોતપોતાની મેળે અમુક રીતે ત્યાં જ રહેતા હોય છે. એ લય પામી ગયા છે. લય પામી ગયા છે ચેતનામાં...ચેતન સકળ બ્રહ્માંડમાં પ્રવર્તેલું છે. કોઈ એક જ ઠેકાણે છે એવું નથી. ચેતન કોઈ એક જ ઠેકાણે છે એવું નથી. એ જેમ બધે છે તેવી રીતે આવા લોકો જે અનુભવી લોકો છે. જેને જન્મ લેવાનો છે જ નહિ. એવા લોકો અદશ્ય નથી. લય પામી ગયેલા હોય છે એની (ચેતનની) સાથે એટલે ચેતન જેમ સર્વત્ર છે. તેમ એઓ પણ આ લોકો (અનુભવીઓ) પણ સર્વત્ર છે.**

## છતાં લય પામેલા અનુભવીઓ ભક્તને દર્શન આપે

પણ એનો કોઈ ખરેખરો ભક્ત હોય તો એને એવો અનુભવ થાય છે. જ્યાં ગયો હોય ત્યાં એને એના સદ્‌ગુરુનાં દર્શન થાય એને. અથવા તો કામ હોય ત્યારે એને એવી પ્રેરણા એના તરફથી મળે. એટલે એની હાજરી શરીર ગયા પછી પણ વધારે સ્પષ્ટ. પેલા શરીરની હાજરી કરતાંયે પેલી હાજરી બહુ-બહુ કામયાબી. અને એનો સ્પર્શ-અવાજ. એની

સાથેનો એક થોડાક કાળનો પણ સંબંધ એટલો બધો આપણને જીવનમાં એક સ્ફુરણા અને તેજ આપી દે. એવી હિંમત ને ટકવાની શક્તિ આપે. અશક્યમાં અશક્ય કામ આપણે ત્યારે કરી શકીએ. એની સાથેની થોડાક કાળની આપણી હાજરી આવી હોય છે.

### જીવન્મુક્તને પ્રારબ્ધ-કર્મ હોય ખરાં ?

**જિજ્ઞાસુ :** આપણે ઉપનિષદોમાં એમ કહ્યું......

**तस्य तावद एव चिरम्**

**यावन्न विमोक्ष्यऽव सम्पत्स्य**

એ છાંદોગ્ય ઉપનિષદ્(૬/૧૪/૨)નું વાક્ય છે કે અનુભવીને વિદેહ મુક્ત થવામાં એટલી જ વાર લાગે છે કે જ્યાં સુધી એનાં પ્રારબ્ધ-કર્મો ક્ષીણ થઈ જતાં નથી. પ્રારબ્ધકર્મો ક્ષીણ થઈ જાય એનો ફલોપભોગ થઈ ગયા પછી એ વિદેહમુક્ત થઈ જાય છે. એટલે ઘટાકાશ જેમ મહાકાશમાં લીન થઈ જાય છે, તે પ્રમાણે એની સ્થિતિ થાય છે, એવું છાંદોગ્ય ઉપનિષદ્ વગેરેમાં શંકરાચાર્ય વગેરે પણ એમ કહ્યું છે. સાંખ્યદર્શનમાં પણ આ વાત કરેલી છે.

**શ્રીમોટા :** હવે આ તમે જ બોલ્યા છો સાહેબ તેમાં જ કહે છે પછી એને કાંઈ કર્મ રહેતાં નથી.

**જિજ્ઞાસુ :** પ્રારબ્ધકર્મ ક્ષીણ થઈ ગયાં પછી.

**શ્રીમોટા :** પ્રારબ્ધકર્મ ક્ષીણ થઈ ગયાં ને ? હા, પણ પ્રારબ્ધકર્મ ક્ષીણ થઈ ગયાં એમ કહે છે ને ?

**જિજ્ઞાસુ :** ભોગવવાં જ પડે છે અનુભવીને એવું શાસ્ત્ર કહે છે.

**શ્રીમોટા : તો એ વાત બરાબર નહિ. ત્યાં એનો વિરોધ છે. ઘણા લોકો કહે છે કે અનુભવીને પણ પ્રારબ્ધનાં કર્મો છે તે કરવાનાં હોય છે. એને હું એમ કહું છું કે એ અનુભવી જ નહિ. અનુભવીને કાળ નથી. અનુભવીને ભૂતકાળ, વર્તમાનકાળ કે ભવિષ્યકાળ છે નહિ ભાઈ. અનુભવમાં કાળ નથી, સ્થળ પણ નથી. કોઈ સ્થળ, કાળ ને સંજોગ એ અનુભવીને નથી. સ્થળ, કાળ ને સંજોગ એ અનુભવીને નથી. એ વાત મારા મનથી સો ટકા ખાતરી અનુભવથી મને થયેલી છે. ત્યારે એ જો હોય જ નહિ તો પછી પેલો પ્રશ્ન રહેતો નથી. એ પ્રશ્ન એટલે કર્મનો પ્રશ્ન કે એના ભૂતકાળનાં કર્મો છે, તે એને કરવાં પડે છે.** જેમ કે કર્મની માન્યતા છે એ માન્યતા હું માનતો નથી. કારણ કે કર્મ તો કરવાં પડે. કર્મ એને કરવાં પડે છે. એ તો એક ચોક્કસ આપણે દેખીએ છીએ. ત્યારે એ કર્મ કરવાં પડે છે એને એવી રીતે...એનું એને જ્ઞાન હતું. એના સંબંધિત એને જ્ઞાન થયું, ત્યારે સંબંધ હતો. ત્યારે એ કર્મ દ્વારા. એ પણ અનુભવી માણસ એવો હોય છે, તે સત્કર્મ થયું. બીજાને ઉદ્ધારવાનો—બીજાને એને ઊંચે આણવાનો એ પોતાનો ધર્મ સમજે છે. પણ ખરી રીતે એ ધર્મ નથી. એ તો આપમેળે એનામાં આવેલું—સૂર્ય કદી એમ નથી ધારતો કે હું પ્રકાશ આપું છું. એવી રીતે અનુભવી પુરુષ હું બીજાઓને મારાથી કરીને ઉદ્ધાર કરું છું કે જ્ઞાની બનાવું છું એવું એને હોતું નથી. કદી કાળ એના મનમાં હોતું નથી. એ કદી સ્ફુરે જ નહિ એને. પણ એના existanceથી, એના કર્મથી આવું બને છે.

## જીવનમુક્તને કર્મ ક્યાંથી આવ્યું ?

ત્યારે એ કર્મ આવ્યું ક્યાંથી ? આમ વિચારીએ તો એને તો કર્મ જ નથી. કર્મ ક્યાંથી આવ્યું ? કર્મ તો કરે છે એમ આપણને થાય. વાજબી પ્રશ્ન છે.

ત્યારે જે જીવનમાં જીવતો હોય છે, ત્યારે જીવતાં, જીવતાં, જીવતાં એને કાંઈક ને કાંઈક કોઈક કારણથી કર્મ આવી ચડે છે આપમેળે. એ એના પ્રારબ્ધને લીધે કે વર્તમાનને લીધે હોય તો કાંઈ કર્મથી બંધાયેલો માણસ હું કહું એને. એ (અનુભવી) કર્મથી બંધાયેલો નથી. આપમેળે કોઈ વસ્તુ એનામાં આવી ચડે. એ જો અનુભવી પછી એ જેમ જેવો વળગી રહે તેવો બીજો કોઈ વળગી ના રહી શકે. પણ એ પાછો તદ્દન નિઃસ્પૃહી, સાક્ષીભાવે. એની સાથે ઓતપ્રોત થઈ ગયો હોય પાછો. કર્મને મારી તમારી જેમ નહિ કરે એ. કર્મને એટલી બધી એકનિષ્ઠાથી, એકભાવથી તે સંપૂર્ણ યોગ્યતાથી કર્મ કરશે. એ ગમે તેમ યદ્વાતદ્વા એ કર્મ નહિ કરે. એ કર્મ. અને જેટલી જેટલી વ્યક્તિઓને સ્પર્શ્યો તેનામાં એનો સ્ફુલિંગ પડ્યો. એ વાત તો હું બધી કરી ગયો. પણ અનુભવીને પ્રારબ્ધ નથી. વર્તમાને નથી અને ભવિષ્યે નથી. અનુભવીને કાળ નથી. અનુભવમાં કાળ નથી. એનું જો એ સ્વીકારી લઈએ આપણે તો પછી એને પ્રારબ્ધ ને આ વર્તમાન ને ભવિષ્ય આ ક્યાંથી આવી શકે ?

## જીવન્મુક્તને સ્થળ, કાળ અને સંજોગ નથી તો પ્રારબ્ધ ક્યાંથી હોય ?

**જિજ્ઞાસુ :** સાંખ્યદર્શન પણ એ પ્રમાણે જ કહે છે. શંકર

પણ એ પ્રમાણે કહે છે. એના quotations આ પ્રમાણે છે.

**प्रारब्ध यस्तु ईदं भूज्यताम्**

**अथ पर बह्मात्मनाम श्रूयताम्**

એ પ્રારબ્ધ પહેલાં ભોગવીને પછી તે પરબ્રહ્મ સ્વરૂપે એ થાય છે. તે તેમાં લીન થઈ જાય છે.

**શ્રીમોટા :** એક વખત ધારો કે એક માણસ મથે છે. ધારો કે સાધના કરે છે. સાધના કરતાં કરતાં પોતે આ બધું ભોગવે છે. એમ કરતાં કરતાં એને અનુભવ થયો. એ જો અનુભવમાં સ્થળ, સંજોગ અને કાળ નથી. એ આપ સ્વીકારો ? હેં ?

**જિજ્ઞાસુ :** હા.

**શ્રીમોટા :** સ્વીકારો ખરા ?

**જિજ્ઞાસુ :** એમાં શંકા જ નથી. તદ્દન સ્વીકાર્યું જ છે.

**શ્રીમોટા :** તો તો પછી એને પ્રારબ્ધ ક્યાં રહ્યું ? જો સ્થળ, કાળ ને સંજોગ એને નથી. એ જો વાત સાચી હોય તો એને પ્રારબ્ધકર્મ રહે જ નહિ.

બીજું ત્યારે કે આવા મોટા મોટા પુરુષોને આપણાથી ખોટા કેમ પડાય? એનું કાંઈ rational ખોળવું જોઈએ.

**જિજ્ઞાસુ :** મને એ જ વિચાર આવેલો.

**જીવન્મુક્તને પોતાનાં પ્રારબ્ધકર્મ નથી**

**પણ એમનાં નિમિત્તોનાં છે**

**શ્રીમોટા :** તે વિચારીએ. આપણે જો એ જીવતા હતા. શરીર હતું ત્યારે એમને પ્રારબ્ધ ન હતું. પણ જેમની જેમની સાથે વળગેલા હતા. કોઈ ને કોઈ કારણથી. x, એમને (અનુભવીને) કોઈ પ્રારબ્ધ કે વર્તમાન કે ભવિષ્ય કાંઈ ન

હતું. પણ એ સંસારમાં જીવતા હતા. અને બધા સંસારીઓની સાથે કામ પડેલું હતું. ત્યારે એ લોકોને તો એમની સાથે પ્રારબ્ધ વગેરે હતું. આમને (અનુભવીને) નથી, એ વાત બરાબર. પણ પેલા બધાંને તો હતું. એ તો કબૂલ કરવું જ પડે. કહો.

**જિજ્ઞાસુ :** હા, જી. એમાં શંકા નથી.

**શ્રીમોટા :** અને સાથે સાથે રહેવાનું છે. એટલે પેલાનું પ્રારબ્ધ છે, તે આપણી સાથે સંકળાયેલું છે એટલે કોઈ X, Y અનુભવીની સાથે એ સંકળાયેલું છે. એનું (અનુભવીનું) તો કશું નથી. સુપૂચું નથી. પણ બીજાનું પ્રારબ્ધકર્મ પેલા અનુભવીની સાથે સંકળાયેલુ છે. કારણ કે એ તો અનંત જન્મ લઈને આવ્યો છે. હવે ભલે અનુભવી થઈ ગયો. ભલે. પણ એની સાથેના જે બધા જીવો હતા, પહેલાંના ને આજના તે બધાને એની સાથે પ્રારબ્ધકર્મ છે. બીજાને. પેલાને (અનુભવીને) ભલે ન હોય પણ પેલાને (અનુભવીની સાથે સંકળાયેલા જીવોને) છે. બીજાં બધાંને છે.

## શ્રીરામના સીતા-વિલાપનું રહસ્ય

એ પાછો એવો છે અનુભવી કે તદ્દન સાંસારિક. પણ એમની પરમ પરાકાષ્ઠાએ તે પહોંચે છે ને તે રીતે વ્યક્ત થતો હોય. શ્રીરામચંદ્ર ભગવાન હતા. કે સીતામાતાને જોયાં નહિ. ત્યારે જે કલ્પાંત કરે છે, તે કલ્પાંત જો આપણે વાંચીએ તો આપણું હૈયું પણ દ્રવી જાય સાહેબ. તો આટલો મોટો જ્ઞાની પુરુષ આ કામ—રડે છે તો કોઈને સમજવામાં આવે નહિ. પણ એ રડે છે તો એને (સીતામાતા) માટે સાંસારિક રીતે રડે

છે, મોહની રીતે રડે છે એવું નથી હોતું. એ પ્રેમની કોઈ પરાકાષ્ઠા છે. **પણ એ રડવાની પાછળ એવો જ્ઞાનનો હેતુ છે એ બહુ ઓછા સમજે છે. કે શ્રીરામચંદ્ર ભગવાન રડ્યા. રડ્યા એટલે એક પ્રકાશ થયો. એમાંથી પ્રકાશ નીકળ્યો. અને એ પ્રકાશને લીધે સીતામાતાને કેમ ઝટ મેળવી લેવાય તે એમને નક્કી થયું.** કે ભઈ ફલાણે ઠેકાણે આપણે ચાલો. કિષ્કિંધા કે કાંઈક નગરી એવી હતી. પેલા ભીલ રાજાની કે કાંઈક ત્યાં જઈને મુકામ કરે છે. **તે એમનું રડવું એ પણ જ્ઞાનપ્રેરક. બીજા કોઈને ખ્યાલમાં નહિ આવે. બીજા કોઈ નહિ સમજી શકે એને.** મેં તો ઘણાને પૂછેલું કે આ માણસ. આવો માણસ રડે એ તો સંસારીના જેવું રડે જ નહિ. એ તો આપણી બુદ્ધિ એકદમ કબૂલ કરી દે. ત્યારે એ રડે છે, એની પાછળનો હેતુ ને જ્ઞાન શું ? તે કહો તો કોઈએ મને જવાબ આપેલો નહિ.

### શ્રીરામનો સીતા-વિલાપ તે તો તેના જ્ઞાન માટે

પણ એનો હેતુ એ છે કે જે કર્મને માટે રડ્યા છે, તે કર્મનું જ્ઞાન એને એના આગળ-પાછળનાં પાસાંઓની સમજણ પડી જાય છે તે કાળે. કારણ કે કર્મમાં એ ઓતપ્રોત થયો છે તે વખતે. તે સિવાય તો એટલા બધા એકાગ્ર થઈ ગયેલા અને પાછા એને લાગણી કહો, ભાવ કહો, ગમે તેવા એવી રીતે એકાગ્ર થઈ ગયેલા. એમ ને એમ નહિ. કોરી રીતે નહિ. એટલે એને એનાં પાસાંઓ, એના ઉકેલના રસ્તા એને આપમેળે અંદર આવી જાય છે ખરાં.

તો એમનું કોણ વિચારે છે ? **જ્ઞાનીનું પ્રત્યેક કર્મ જ્ઞાનપૂર્વકનું છે. પણ એ કોઈ સમાજ સ્વીકારી નહિ શકે.**

બિલકુલ નહિ સમજી શકે. એટલે અનુભવીનાં કર્મ એ જેમ પોતાને એકલાને માટે હોય છે, તે માન્યતા જ હું તો સ્વીકારતો નથી. **એને પોતાને માટે તો કોઈ કર્મ જ નથી. કોઈ કર્મ એને પોતાને માટે છે નહિ. જે કર્મ છે તે સકળ સંસારને માટે જ. સકળ માનવીના કલ્યાણને માટે જ છે. પણ કોઈ માનવી સ્વીકારી શકે એવું હોતું નથી.**

**જિજ્ઞાસુ :** અનુભવી જ્યારે જીવદશામાં હોય છે, ત્યાર પછી જીવન્મુક્ત બને છે અને જીવન્મુક્ત થયા પછી વિદેહમુક્ત થાય છે, ત્યાં સુધી એને પોતાનાં પ્રારબ્ધકર્મ ભોગવવાં પડે છે એવું કહેવાનું છે. એટલે હવે મારું કહેવું છે પ્રારબ્ધકર્મ જ ન હોય તો એનું મૃત્યુ પણ ઇચ્છામૃત્યુ જ થવું જોઈએ.

**શ્રીમોટા :** એ કહું. જો આપણે એક વખત એ સ્વીકારીએ કે અનુભવ. એટલે અનુભવને તમે ગમે તે શબ્દ આપો દિવ્યમુક્તિ છે. ફલાણી મુક્તિ છે, જીવન્મુક્તિ કે એવી તમે આપો એની સાથે મને કોઈ નિસ્બત નથી. અનુભવની સાથે નિસ્બત. ત્યારે જો અનુભવ છે તો એને સ્થળ, સંજોગ, કાળ કાંઈ છે નહિ. એ સ્વીકારીએ હકીકત. હવે એ જો નથી— એ જો છે નહિ તો પછી એ કાળાતીત થયેલો છે, જેમ ગુણાતીત છે. ગુણાતીત છે, ભાવાતીત છે, કાળાતીત છે. એ કાળાતીત પણ છે. એટલે એવો માનવી એ જો કદાચ બોલતો હોય તો માત્ર આ કાળ પૂરતું જ છે એમ નથી હોતું. એના વિશે બહુ ઊંડો વિચાર કરવો જોઈએ.

**આ તો ભલેને ગમે તેમ કે આ રમેશ ભટ્ટને મેં બે-ચાર ચોપડાવી દીધી હોય મશ્કરીમાં પણ એની પાછળ પણ રહસ્ય**

**છે. એ કોઈના ખ્યાલમાં નહિ આવે. કે કેમ આમ બોલ્યા ? પણ એનું કાંઈ પણ...કાંઈ પણ બોલવાનું એ રહસ્યવાળું છે. ભેદવાળું છે.** ભેદવાળું એટલે એકબીજાથી છૂટા પાડવાનું એવી હદનું નહિ. પણ ઊંડો મર્મ એનામાં રહેલો છે એનામાં. એ કોઈના ખ્યાલમાં આવી શકે એમ નથી. પણ એનું પ્રત્યેક કર્મ હેતુપૂર્વકનું છે. પણ એ હેતુ વિચારતો નથી. વિચારેલો એણે છે નહિ. આપમેળે છે એ હેતુ એનામાં.

**જીવન્મુક્તનો હેતુ—મળેલાઓને ભગવાનનો સ્પર્શ કરાવવો**

**એનો એક જ હેતુ છે. અનુભવીનો બીજો કોઈ હેતુ નથી. કે સર્વ કોઈને જે કોઈ મળે તેને આ ભગવાનનો...સ્પર્શ થાય એ જ એનો હેતુ છે. એનો હેતુ જ એટલો માત્ર છે. જીવનમાં કોઈ ને કોઈ રીતે એને (અનુભવીના સંપર્કમાં આવનારને) ભગવાનનો સ્પર્શ થાય અને એને (અનુભવીને) અનંત ધીરજ છે.** એ વાત પણ ચોક્કસ છે. અનંત ધીરજ. હમણાં થઈ જાય એવું કદી એના મનમાં જાગતું નથી. અનંત ધીરજ છે એને. કે આજે નહિ તો કાલે. કાલે નહિ તો પરમ દિવસે, ગમે ત્યારે એ જાગવાનો છે. એવું એને નિશ્ચિતપણું છે. એનું જ્ઞાન પણ એને છે. એ સમજે છે કે આજ નહિ ને કાલ ફૂટવાનો છે આ. એટલે એ એના અંતરમાં આવે છે. અને એટલા માટે જ અનંત કાળથી સાહેબ જુઓ તમે કંઈ કેટલા બધા કાળથી સંતસમાગમનો મહિમા ગવાયો છે. તમે કહો આવા કાળમાં પણ સંતસમાગમનો મહિમા ગવાયો છે. ને મેં એના પર બહુ વિચાર કરેલો કે...આ સંતસમાગમનો આટલો બધો મહિમા કેમ ? કંઈ કહેતા-કહેતી છે ? એક tradition ચાલી આવેલું છે ? કે આ છે શું ? એની પાછળનું કોઈ રહસ્ય શું છે ?

## સંતસમાગમનું મહત્ત્વ

એ વિષયમાં મેં ચિંતવન કરેલું અને ત્યારે મને સમજાયેલું કે આ સમાગમ છે. સંતલોકોનો સમાગમ ને એના પડેલા સંસ્કારો જેમ ચિત્તમાં પડેલા કામ-ક્રોધાદિકના સંસ્કારો ઉદય વર્તમાન થાય છે, એવી રીતે આ જે સંસ્કાર એના પડ્યા, એ ઉદય વર્તમાન થાય, ત્યારે એ જ રીતે બમણા જોશથી આપણને એમાં ખેંચી જાય અને જો આપણે ભગવાનની કૃપા હોય અને એમાં વળગી રહીને સાધન કરવા લાગ્યા તો ઝટ. કારણ કે પાછળનો એક force છે. એવો એક force છે. એ force તમારી ઇચ્છાથી કે તમારી જિજ્ઞાસાથી અભ્યાસ કરો તેમાં એ કદી નહિ આવે. આ મેં પોતે અનુભવેલી વાત કહું છું સાહેબ.

એટલે આ સમાગમનો મહિમા બહુ ભારે પણ આજે સમાજમાંથી એ નીકળી ગયું છે. એનું રહસ્ય કોઈ જાણતા નથી. અને ધારો કે મારા જેવો કોઈક આપની પાસે તો બહુ ખુલ્લા દિલથી વાત કરું છું પણ બીજાની સાથે વાત નહિ કરું. નહિ તો એમ જ માને કે પોતાની મહત્તા બતાવવાને માટે *મોટા* આ બધી વાત કરે છે. હું કહું જ નહિ આવી વાત કોઈ દિવસ. પણ જ્યાં ખુલ્લું દિલ હોય તેમ જ જિજ્ઞાસાની ભાવના હોય, સત્સંગની ભાવના હોય ત્યાં હંમેશાં ખુલ્લાં થવું. ગુરુમહારાજનો હુકમ છે. એટલે હવે બીજું કાંઈ પૂછો.

## દીક્ષા જરૂરી નથી.

**જિજ્ઞાસુ :** મેં વાંચ્યું છે કે જીવ અનેક મળરૂપી આવરણોને કારણે સંસારમાં ભ્રમણ કરે છે અને અનંત ક્લેશો અનુભવે છે

અને મળ પાકી જતાં ગુરુસ્વરૂપ ભગવાન પોતાની અનુગ્રહશક્તિ દ્વારા તેના મળરૂપી આવરણને દૂર કરી દે છે. આ અનુગ્રહ-શક્તિને જ દીક્ષા કહેવામાં આવે છે. પોતાનો મળ દૂર કરવાનું સામર્થ્ય જીવમાં નથી. મળ પાકી ગયો ક્યારે કહેવાય ? દીક્ષા વિશે આપનો શો મત છે ? શું દીક્ષા જરૂરી છે ?

**શ્રીમોટા :** દીક્ષા બિલકુલ જરૂરી નથી. તમને પોતાને જિજ્ઞાસા જાગવી જોઈએ. કારણ કે આ કાળમાં એવા ચેતનયુક્ત સદ્‌ગુરુ મળવા દુર્લભ છે. મને શક્ય લાગતા નથી. આ જેટલા જેટલા ગણાય છે કે **સત્ય સાંઈબાબા કે પેલા આચાર્ય અરે ભગવાન રજનીશજી એવા બધાને ઘણા લોકો અનુભવી કહે પણ મને નહિ જણાય.** કહેવાય નહિ મારાથી. હું તો ટૂંકો ગણાઉં. પણ નહિ ગણાય. કારણ કે એને કોઈ જરૂર હોતી નથી. ભગવાન કૃષ્ણ અમારા દેશમાં જન્મ્યા. એણે આવા ચમત્કાર કરી બતાવ્યા નથી. ચમત્કાર કરવાની જરૂર શું ? પોતાની હયાતી પોતાની mere existance on this world એ ચમત્કાર છે. એ બહુ મોટી વાત છે. **એવા પુરુષનું આ જમીન પર આપણી સાથે હોવું, રહેવું, એના જેવો બીજો કોઈ મોટો ચમત્કાર નથી.** એ આપણા દિલમાં સદ્‌ભાવ જાગેલો હોય, ભક્તિ જાગેલી હોય તો એવા સાથે આપણા સહવાસથી આપણો ઘણો ઘણો ઉઠાવ થઈ જાય છે આધ્યાત્મિક પથમાં. ત્યારે એની (દીક્ષાની) કાંઈ જરૂર નથી.

## શ્રીબાળયોગી મહારાજે કરાવેલો અનુભવ

તો કે તમે કરેલાને. મને તો ખેંચી ગયેલા. મૂઢ જેવો. મેં કાંઈ (ગુરુ) કરેલા નથી. એ તો મને જબરજસ્તીથી પકડી

ગયેલા. અને તોયે હું તો ત્યાં કાંઈ એના... હું કાંઈ જાત નહિ. પણ એક અનુભવ એવો કરાવી દીધો. ચોવીસે કલાક એ (પૂજ્ય બાળયોગી મહારાજ) જાગતા રહે. ઊંઘે જ નહિ બિલકુલ અને ઓ... મસ્તી કરે...ઓ મસ્તી કરે. વાંદરાની જેમ કૂદાકૂદ કરે. મને સમજણ પડે નહિ ને આ શું...તોફાન કરે છે ? પછી એણે મને સાહેબ જે ખવડાવ્યું. ચાર દિવસ રહ્યો. તો ચાર દિવસનું મને ભાન નહિ. નીકર તો હું રહું નહિ. એક દિવસની રજા લઈને આવેલો. તે ગમે તે કારણે હું રહું નહિ. એવા disciplineમાં અમે ઊછરેલા. કે અડધા અડધા કલાકે પોણા પોણા કલાકે થાળીઓ આવે. કોઈક કોઈક વખત ચાંદીની થાળીઓ આવે. ને એટલાં બધાં મિષ્ટાન્ન ને **ખા જાવ બચ્ચા. બચ્ચા ખા જાવ.** અહીં (ગળા) સુધી તો આવી ગયું હોય. મહારાજ, હવે તો નહિ ખવાય. હવે મારાથી નહિ ખવાય. **નહિ બચ્ચા ખા જાવ.** તે ઓછામાં ઓછું અતિશયોક્તિ કર્યા વગર કહું તો બાર શેર, તેર શેર ખવાયું હશે મારાથી. અને છેલ્લી મરચાંની ખીચડી આવી. મરચાંની ખીચડી. **અચ્છા બચ્ચા ખા જાવ.** બાપજી આ તો ખવાય એવું જ નથી. જીભે...જીભે લાળા ઊઠે છે. **બચ્ચા ખા જાવ.** પછી આપણે તો ખાઈ ગયા. મરચાંની ખીચડી ખાઈ ગયો. પછી તે રાતે તો મને કાંઈ વિચાર આવ્યા નહિ. હું ગુરુમહારાજની સાથે ફર્યા કર્યો. હુંય પણ ઊંઘું નહિ. એની સાથે ફર્યાં કરું. એય દોટ મૂકે તો હુંય દોટ મૂકું. એ છલાંગ પેલા સાબરમતીના પાણીમાં આમથી આમ પડે ને હાથી જેમ કરે તેવું તોફાન કરે. તો હુંય એમની પાછળ પડું.

## શ્રીબાળયોગી મહારાજ પાસે રજા લીધી

પછી બીજે દિવસે પણ એમ જ ચાલ્યું ખાવાનું. ચાર દિવસ સુધી ચાલ્યું. ત્યાર પછી મને ભાન થયું. અરે ! આટલા બધા દિવસ હું રહ્યો અહીં આગળ ? અરરરરર ! ચાલો ત્યારે. રજા માંગી. હું તો એક જ દિવસની રજા લઈને આવ્યો છું પ્રભુ. આ તો ભયંકર અમારો દોષ ગણાય. આવું થાય જ નહિ મારાથી કદી કાળ. આ તો મેં કંઈ દારૂ પીધો કે શું ? સમયનું મને ભાન સાહેબ ના રહ્યું. કાલે જજે. મને તમે રજા આપો. કહે **કલ જાના, કલ જાના,** એટલે પછી ૧ દિવસ વધારે રહ્યો. પાંચ દિવસ રહ્યો.

## અનુભવી અગ્નિસ્વરૂપ છે

શરીરરૂપી પુરુષ હોય કે સ્ત્રી હોય તેનો કોઈ બાધ નથી. પણ એવાની પાસેથી દીક્ષા જો મળે, એ જો આપણને આપે આપમેળે તો તો બહુ ઉત્તમ અને ધારો કે આપણે લીધી તોપણ ઉત્તમ છે. કારણ કે એ જીવતોજાગતો અંગારો છે. અગ્નિ છે. હું એને અગ્નિસ્વરૂપ કહું છું. એ પુરુષ છે ખરો અથવા સ્ત્રીધારી છે. પણ હાલ દેખાય છે એનું શરીર બધું આપણા તમારા જેવું. એમાં કશો ફરક નથી. પણ **એ પ્રત્યક્ષ અગ્નિસ્વરૂપ છે એ. એના સંપર્કમાં જેટલા આપણે આવીએ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌થી. શરીરથી આવીએ તે નહિ ચાલે. આપણાં મનાદિકરણથી એ એનું ચિંતવન આપણામાં ચાલ્યાં કરે જેટલું વિશેષ ચાલ્યાં કરે, એટલો આપણો ઉદ્ધાર સવિશેષપણે.** એટલે એવા અનુભવી પુરુષોને. પણ આપણને મુશ્કેલી એ છે કે આપણે પારખવા શી રીતે ?

## અનુભવીઓને ઓળખવાની માપપટ્ટી સમાજ પાસે નથી

સમાજ પાસે કોઈ થરમૉમિટર નથી કે એવાને માપીને કહી શકાય. એકે કહ્યું. બીજાએ કહ્યું. ગાડરિયા પ્રવાહ જેવું છે. કે આ બહુ મોટા મહાત્મા છે. બહુ મોટા મહાત્મા છે. ચાલ્યું. પણ ખરી રીતે એવું હોતું નથી કશું. અનુભવી તો બહુ જ થોડા છે. હવે એને હું કહું microscopic creative minority એમ જો કહું તો મને નથી લાગતું કે હું વધારે અતિશયોક્તિ કરું છું. એનાથી થોડા વધારે કદાચ હશે પણ મારા હિસાબે ને અનુભવે એ તો microscopic creative minority આવે છે. અને આ એમ ને એમ નથી કહેતો.

## હિમાલયમાં અનુભવી પુરુષોની શોધમાં

૧૯૩૪ની સાલમાં હું એવા પુરુષોની શોધમાં જ ગયેલો. ગુરુ હતા મારે તો. અને એને માટે મારા મનમાં બહુ સદ્‌ભાવ. કે મારા ગુરુ સમર્થ છે. અને પોતાને અનુભવમાં પણ આવેલું. એટલે મારે કોઈ ગુરુની શોધ કરવા જવું ન હતું. આવા અનુભવી પુરુષો હિમાલયમાં ઘણા છે એવું સાંભળેલું. તે આ વાત સાચી છે કેટલીક ? એટલા જ માટે હું ગયેલો. જાત્રા-બાત્રા કરવા ગયેલો નહિ. આ જ માટે ગયેલો. એક ને બે ત્રણ. એના સિવાય મને કોઈ વધારે મળ્યા નથી. હું તો કહું કે તારું ભાગ્ય નહિ. તારા ભાગ્યમાં હતા એટલા મળવાના હતા એ જે તારા પ્રારબ્ધમાં હતું તે તને મળ્યું. એ બધામાં માનતો નથી.

## પ્રારબ્ધ જીવદશામાં જ છે

પ્રારબ્ધ જીવદશામાં જ છે. જીવદશામાં છીએ, ત્યાં સુધી સ્થળ, કાળ, સંજોગો છે બધું. અનુભવ થયા પછી છે જ નહિ

એ. એટલું બધું ચોક્કસ મને લાગી ગયું છે પણ હવે એને મારાથી પુરવાર કરી આપી શકાતું નથી. કે એવું થવું જોઈએ કે આપણે પુરવાર કરી આપવું જોઈએ. કે જેથી જગતના લોકોને ખાતરી થાય કે આ વાત ખરી. જેમ મેં સ્મરણ ઉપર લખ્યું છે. પાંચ તત્ત્વો ને આ બધાં એ જેમ કે એને કોઈ નકારી શકે નહિ. એવું કોઈએ કહ્યું નથી. અત્યાર સુધી. કોઈ પણ ઠેકાણે. ત્યારે એવું આ માટે મારું ચિંતવન ચાલુ છે ખરું એ વિશેનું કે ખોળી શકાય. જ્યારે ભગવાનની કૃપા થાય અને મળે ત્યારે ખરું. એના વિશે કોઈ મને હર્ષ નથી કે એવું કાંઈ નથી. જ્યારે જડવાનું હશે, ત્યારે જડશે. આપણે આપણું કામ કરવું. ત્રણ જ માણસો મને જડ્યા. એવા જોયા.

## અનુભવીના શરીરનાં વર્તનોને ન જોવાય

જો એમના શરીરના વર્તન સામું જોયું તો ભૂલા પડ્યા. મરી ગયા. તો grip જ નહિ આવે તમારામાં. પણ તમે માટીનાં ખોખાં જ જુઓ છો. તમે આ એનાં મનાદિકરણ અને આંતરિક વલણને જોવાની તમારી તાકાત નથી. તેમ મહાત્માએ કહ્યું મને. **અરે દીકરા ! તારા પર મને બહુ વહાલ છે. એટલે હું તને કહું છું કે જ્યાં જાય સંસારમાં, પણ આ ખોખાંને ના જોઈશ. ખોખાંને જોવાં નહિ તારે. અને અનુભવીને તો ખાસ. શરીરથી ગમે તેવું કરતા હોય. તો એ તરફ લક્ષ ના આપવું. અથવા લક્ષ આપવું હોય તો તો એ પણ જ્ઞાન જ છે. એ પણ જ્ઞાન જ છે પણ તારી બુદ્ધિ ભક્તિવાળી થશે તો એ સમજાશે.** નહિતર તને એ સમજાવાનું નથી. પણ ગમે તેવું આડું સંસાર વહેવારની દૃષ્ટિથી ગમે તેવું આડું કરે એવો એ. તો એ જ્ઞાન જ છે એ. એ કેવી રીતે માને આપણી બુદ્ધિ ? એ તો ભક્તિ

જાગે તો જ. તો સમજાય. એની પાછળનું રહસ્ય સમજાય. બધું સમજણ પડે. એટલે કે તારે ખોખાને ના જોવું. શરીરને ના જોવું. અંદરની વાત જોવી. મેં કહ્યું, 'મહારાજ ! અંદરનું શી રીતે દેખાય મને ? એ કળા કેવી રીતે દેખાય ? તો એ કળા ભલે તને ન દેખાય. તો એ કળા ભલે તને ના દેખાય. નિમિત્ત જાગે છે તો દેખાય છે ખરી. નિમિત્ત જાગે છે તો અનુભવીને દેખાયા સિવાય રહેતું નથી. એક વાત.

**અનુભવીની અંદરની વાતને કેવી રીતે જોવી ?**

અને બીજું એ જે બોલે, ત્યારે એમાં કોઈક વાક્ય એવું નીકળી જાય છે કે જે સમજુ, વિવેચક હોય છે, તે પકડી લે છે એ વાક્યને અને એ વાક્ય કે સામાન્ય માણસ આવું નહિ બોલી શકે. સામાન્ય મોઢામાંથી આ વાત નહિ નીકળી શકે કદાપિ. એ ઉપરથી ક્યાસ નીકળી શકે છે. તમે પા-અડધો કલાક બેસો તો કોઈક વાત એવી નીકળે, એવું કાંઈક બોલી દે તેના પરથી તમને ખબર પડી જશે. હું તો બોલતો નથી જાણી જોઈને. ગુરુમહારાજનો મને હુકમ છે કે આપણે છાના રહેવું. મૂર્ખામાંય ખપવું. ભોટમાં ખપવું. એવા તદ્દન, તદ્દન નીચલી કોટિમાં ખપવું. પણ ખુલ્લાં ના થવું. ભગવાન ખુલ્લો છે ? ભગવાન ખુલ્લો નથી. માટે આપણાથી ખુલ્લું થવાય નહિ. નિમિત્ત વિના. કોઈક એવું કારણ આવી પડે.

આપ જેવા આવ્યા આજે. મેં મારી મેળે બોલાવ્યા. કારણ કે મારું ગળું ચાલતું નથી હવે. ને ભવિષ્યમાં મારાથી બોલાય કે ના બોલાય. માટે પેટ ભરીને સત્સંગ કરી લઉં. ભટ્ટ સાહેબ સાથે (શ્રી અનુપરામભાઈ ભટ્ટ). આમને કહેલું ? તમને

કહેલું ? રમેશભાઈને (શ્રી રમેશભાઈ ભટ્ટ) કહ્યું હતું સાહેબને કહેજો કે જરૂર આવે.

## શ્રીધૂણીવાળા દાદા પાસે દીક્ષા

એટલે આજે સદ્‌ગુરુ આપણે કરવા ખરા પણ આ અનુભવી છે એનું તો આપણી પાસે કોઈ માપ નથી. મને તો બેળેબેળે પકડીને લઈ ગયેલા. હું કાંઈ સદ્‌ગુરુ કરવા ગયો ન હતો. સોમાકાકાએ (પૂજ્ય શ્રીમોટાના અનુજ શ્રી સોમાભાઈ ભાવસાર) જોયેલા ખરા. કે પછી ધૂણીવાળા દાદા પાસે લઈ ગયા. ત્યાં ગુરુએ દીક્ષા આપી કે **અભય, નમ્રતા, મૌન અને એકાંત આ પાળવાં ને ભગવાનનું સ્મરણ કરવું. જુઓ આમાં બહુ ખૂબી છે. અભય અને નમ્રતા introvert અને મૌન અને એકાંત બહિર્મુખપણું ઘટાડે છે. એટલું બધું રહસ્યવાળું આ છે આપેલું. કે આ ચારેય સાધનો એ જ્યાં સુધી કોઈ પણ સાધકના જીવનમાં પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી આગળ એને વિકાસ નહિ થાય. એને બાંધી રાખે. જકડી રાખે. સંસાર એને પકડી રાખે. ને અભય પહેલો જોઈએ.** કે ભય અનેક પ્રકારના છે. સમાજમાં તમે આવી રીતે ના જઈ શકો. ને કાંઈ ગમે તે રીતે. બેચાર વખતે નાગોય ફરેલો છું. સમાજમાં કીર્તન ગાતો ગાતો નાચતો કૂદતો જતો. કોઈની હિંમત ના ચાલે. અને ભગવાનનું નામ તો ચાલ્યાં જ કરે. રસ્તામાં જતાં આવતાં.

## ભણાવતાં ભણાવતાં પણ ધ્યાન

ભણાવતાં પણ મેં એવો કાર્યક્રમ ગોઠવી રાખેલો સાહેબ કે મારી પાસે ચાર ક્લાસ. એ ચારે ક્લાસને જુદું જુદું આપું.

એક આખી ચોપડીમાંથી બધા અઘરા જોડણીના શબ્દો કાઢું. એક પૂંઠા પર લખી નાખું. ચારેય ચોપડીઓનાં. તે એક ધોરણને આપું. કે આ બધું લખો તમે. એમ રોકાઈ રહે. એકને મોનિટરને જેને દાખલા આવડતા હોય તેને કહું કે ભઈ, આ પંદર બધા દાખલા કરો. આજે. તમે બધા ભેગા થઈને. જેને ન આવડતું હોય તેને શિખવાડજે. અને તને ન આવડતું હોય તો મને પૂછજે. એકને આપું ભૂગોળનું કામ. નકશો લઈને. આ રીતે વર્ગ પોતાની મેળે પોતે કામ કર્યા કરે. મને સમય મળ્યા કરે. હું મારું કામ કર્યાં કરું. ભજન અને ક્લાસમાં ધ્યાન પણ કરતો. આ બધું કરતો. જ્યારે ગરજ લાગે છે, ત્યારે રસ્તા સૂઝે છે. જડે છે. પોતાનું કામ પણ થયાં કરે.

## વિઝિટ-બુક

મારા પર ફરિયાદ થયેલી કે આ તો બેસી રહે છે. કદી ભણાવતા નથી. આવ્યા તપાસવા. તો સાહેબ બધું ખરું. હિસાબોય ખરા. ડિક્ટેશન ખરું. શબ્દોય ખરા. કવિતા બધા મોઢે બોલી ગયા. આ તો કહું, સારામાં સારું છે ભઈ. મેં કહ્યું, ‘લખો ત્યારે વિઝિટબુકમાં ભઈ.’

## ભગવાનના માર્ગે બુદ્ધિ સતેજ થાય

એટલે ભગવાનને માર્ગે જેમ જેમ જઈએ છીએ ને તેમ શું થાય છે ? બુદ્ધિનો વિસ્તાર થાય છે. બુદ્ધિ ઓર પ્રકારની થાય છે. આપણા જેવી બુદ્ધિ રહેતી નથી. અત્યારે દા.ત. હું છું. પણ કોઈને એમ લાગે નહિ કે ***મોટા***ની બુદ્ધિ આવી છે. કે બહુ હોશિયાર. બહુ હોશિયારીવાળી છે. એવું કોઈને લાગે નહિ. ને પેલા લોકો લુચ્ચા હોય છે. એ કશું સાધવા જ દે

નહિ તમને. એમનું અનોખાપણું કોઈ કાળે લાગવા ના દે. કોઈ કાળે સાહેબ.

## ૐનું રહસ્ય

ત્યારે આપણે સદ્‌ગુરુ આ કાળમાં તો આપમેળે મળી જાય તો સારી વાત. એ જો કરવા જઈએ તો ધોખા ખઈ જઈએ. એના કરતાં પોતે ૐ લેવો જોઈએ. ૐનું એટલું બધું રહસ્ય છે સાહેબ. કે આગળ ત્રગડો છે. કે જે તે બધું ત્રણ છે. અઢારમો અધ્યાય (ગીતાનો) તમે જુઓ તો ત્રણ છે. એની સાથે આમ  કર્યું છે તે ચેતન એની સાથે સંકળાયેલું છે. ને ઉપર (ઁ અર્ધચંદ્રાકાર) આમ કર્યું છે કે એનાથી નોખું છે. ત્રણ છે જે તે બધું. એની સાથે ચેતન સંકળાયેલું છે અને ઉપર કર્યું (અર્ધચંદ્રાકાર) તે તેનાથી નોખું છે. ઉપર મીંડું કર્યું છે. શૂન્ય છે. આખો ચેતનનો તમને એ ખ્યાલ આપી દે છે. ૐકારમાં એટલે કાંઈ નહિ તો આપણે ૐકાર સામે રાખીએ. પણ સાધના કર્યા કરીએ. સાધના આપણી મેળે કર્યા કરીએ તો થાય છે. ને એમાંથી જ્ઞાન પ્રગટે છે આપણને.

## શ્રીધૂણીવાળા દાદાનાં દર્શને માને લઈ ગયા

હું ગયો નથી. હું નથી ગયો કારણ કે મારી પાસે પૈસા ન મળે. બહુ ગરીબ. એક વખત મને થયું કે મારી માને મારા ગુરુમહારાજનાં દર્શન કરાવું. એને તો કાંઈ પડેલી નહિ પણ મારા મનમાં એવું. લઈ ગયો. તો એ તો કાંઈ ખુશ નહિ બિચારી. કે આવા છે ને નાગો ને આવો. આવાને તેં ગુરુ કર્યા ? માળા, તુંય મૂર્ખો ને અક્કલ વગરનો. ને સોમાકાકાને (પૂજ્ય મોટાના અનુજ) લઈ ગયેલો જોડે. તે એમને થોડો

ઘણો ખ્યાલ ખરો. પણ બહુ ખ્યાલ નહિ. એટલે આપણે ગુરુ કરવા એ પંચાતની વાત છે. કારણ કે ઉત્તમમાં ઉત્તમ અધિકારી છે કે કેમ ? એ નિર્ણય આપણે કરી શકતા નથી. આપમેળે જો મળી જાય એવા તો ઉત્તમ. આપણું ભાગ્ય કહેવાય. પણ એના કરતાં તો ઉત્તમ આપણી મેળે સાધનામાં એકનિષ્ઠાથી, ઉત્સાહથી, ઉદ્યમથી, ખંતથી વળગી રહેવું તે ઉત્તમ છે. એ વધારે ઉત્તમ છે. પેલા કરતાં ઉત્તમ. એવો કોઈ ગુરુ મળી ગયા હોય તો તે સારી વાત છે. પણ **આજે ચેતનાનિષ્ઠ એવો ગુરુ મળવો આ કાળમાં દુર્લભ છે.**

## આધ્યાત્મિક શિબિરો અર્થહીન છે

મેં હમણાં જ મારા લેખકના બે બોલમાં લખ્યું છે— ભાઈ જાણે છે. સોમાકાકા. એટલા બધા મોટા મોટા મહાત્માઓ શિબિર કાઢે છે ને આ કાઢે છે. આપણા દેશના પૈસાનો વ્યય છે હું તો કહું છું. એથી કોઈને જ્ઞાન પ્રાપ્ત થતું નથી. હોય છે તેવા ને તેવા જ. અને જ્ઞાનપ્રાપ્તિ માટે તો એકધારી, એકીટશે અખંડ સાધના થવી જોઈએ. ત્યારે જ એ પ્રાપ્ત થાય. બાકી પ્રાપ્ત નહિ થાય. એવાને પ્રાપ્ત નહિ થાય કદી. કે આ બધા લઈ મંડેલા છે. એમ પણ લખેલું છે. જોકે આ બધાને કહેવાને માટે હું બહુ ટૂંકો પડું માણસ. એમ પણ લખ્યું છે મેં. પણ મેં બહુ સ્પષ્ટ લખ્યું છે કે આ પૈસા ખર્ચવાની રીત છે. બીજું કાંઈ જ નથી. સિવાય લોકો બાકીના અમન-ચમનમાં ફર્યા કરે. હોટલમાં ચા પીવા જાય ને ફલાણે જાય.

## ભક્તિમાર્ગ શ્રેષ્ઠ, તેમાંથી જ્ઞાન પણ જન્મે

એટલે કહ્યું ગુરુ કરવા પણ ગુરુ કરવા તો જ્ઞાનનિષ્ઠ,

એવા અનુભવી હોય તો કરવા. તો આ અનુભવી છે કે કેમ એનું થરમૉમિટર આપણી પાસે નથી. આપણી પાસે છે નહિ. એટલે આપણે આપણી મેળે કોઈ માર્ગ ગ્રહણ કરવો.

**આ કાળમાં મને તો ભક્તિમાર્ગ બહુ જ સરળ ને શ્રેષ્ઠ. ને ભક્તિમાંથી જ્ઞાન જન્મ્યા વગર રહેતું નથી.** હું મારો દાખલો તમને આપું કે હું કોઈ પણ શાસ્ત્ર ભણ્યો નથી. કોઈ હિમાલયની ગુફામાંથી આવીને વાત કરતો હોય તો એની સાબિતી ના મળી શકે. મારી તો તમને સાબિતી મળી શકે એમ છે. ભક્તિ કરી છે. મસ્તીથી. નડિયાદમાં નાચતાં નાચતાં ફરતાં ફરતાં ભજનો ગાતાં ગાતાં ફર્યો છું. હરિસ્મરણ કર્યું છે. અને ગાંધીજીના આશ્રમમાં (સાબરમતી હરિજન આશ્રમ) પણ આ બધું ચાલ્યા કરતું હતું.

### ભગવાન યોગ્ય માણસને મોકલે છે

એવું ગીતા કહે છે મારા ભક્તને હું જ્ઞાનયોગ આપું છું. એટલે એની ભક્તિ પૂરી થઈ જાય, એટલે જ્ઞાનયોગ આપોઆપ આવે જ. એટલે જ્ઞાનયોગ એને મળે જ. જુદો એને પ્રયત્ન કરવાની એને જરૂર નહિ. ભક્તિયોગ પૂરો થતાં એને જ્ઞાનયોગ મળે છે. એટલે મને પોતાને સલાહ લે તો હું તો કહું કે આપણે જાતે મથો. અને મથવાથી કરીને આપણો અભ્યાસ એમાં ને એમાં થતો જશે. ત્યારે ભગવાન એની કૃપા કરીને યોગ્ય માણસ આપણને મોકલી આપવાનો છે. આપણે ચાલ્યાં કરો. અને જ્યાં પંથ પર બરાબર આવ્યા અને જરૂર પડી ત્યારે ભગવાન યોગ્ય માણસ આપણને મોકલી આપશે. એના વિશે હું મારા મનમાં શંકા નથી. જાતે મથ્યા કરો. અને ગુરુની

ચિંતા-ફિંતા છોડી દો. યોગ્ય કાળે ભગવાન કૃપા કરીને એ મોકલશે. અને ઘણાના કિસ્સા એવા મેં જોયેલા છે. મળેલા છે પાછળથી.

**જિજ્ઞાસુ :** કે અનુભવી છે તે દીક્ષા એની મેળે આપે છે. એ કેવી રીતે એની મેળે આપે ?

**શ્રીમોટા :** એ તો એને એવી પ્રેરણા થાયને !

**જિજ્ઞાસુ :** પેલા અનુભવીને ?

**શ્રીમોટા :** હા. એની મેળે આપી દે.

## મળ પાકેલા ક્યારે કહેવાય ?

**જિજ્ઞાસુ :** *મોટા*, પ્રશ્ન એવો હતો કે દીક્ષા એ જ એક અનુગ્રહશક્તિ છે ગુરુની. એવું વાંચવામાં આવેલું અને જીવમાં જે અનેક મળ હોય એ પાકી જાય છે, ત્યાર પછી જેમ મોતિયો પાકી જાય ત્યારે ડૉક્ટર કાઢી નાખે છે. જ્યાં સુધી મળ પાકી જતા નથી, ત્યાં સુધી ગુરુ એ દૂર કરી શકતા નથી. કારણ કે જીવ પોતે એ મળને દૂર કરવા અસમર્થ છે. એ બાબત પૂછતો હતો. મળ પાકી ગયા ક્યારે કહેવાય ?

**શ્રીમોટા :** મળ, વિક્ષેપ ને આવરણ આ ત્રણ જાય તો જ્ઞાન થાય. ત્યારે એ જાય કેવી રીતે ? કે મળ, વિક્ષેપ ને આવરણ જે ક્ષેત્રનાં છે, તે ક્ષેત્રથી ઊર્ધ્વ ગતિમાં સતત continuous જો આપણે રહ્યાં કરીએ તો પેલા નરમ પડી જાય આપમેળે. અને પેલું આપણું ચાલ્યાં જ કરતું હોય, પેલું ઊર્ધ્વગમનની આપણી પરિસ્થિતિ એ તો સતત ચાલ્યાં જ કરતી હોય એ તો સતત, એટલે ધીરેધીરે આ નહિવત્ થઈ જાય.

## ગુરુ મળ મટાડે નહિ, ટટાર કરે

હવે કોઈ એમ કહે કે આ ગુરુ મળ મટાડે છે. એમાં હું માનતો નથી. ગુરુનો grace છે. ગુરુ આપણને મદદ કરે છે. એ વાતેય સાચી. પણ ગુરુ બધું કરી આપે છે. ગુરુ આપણને લૂલો નહિ બનાવી દે. ગુરુ આપણને ટટાર, ખમીરવાળો, ખુમારીવાળો બનાવવા માંગે છે. ગુરુ બધું કરી આપે નહિ એ વાત—માન્યતા ખોટી છે. ગુરુ આપણને ટટારી-ટટાર કરે છે. આપણને પ્રેરણા આપે છે. હિંમત આપે છે. ધીરજ આપે. આ બધું કરે ખરો. ગુરુ આપણને આપણો બરડો થાબડે. ઢીલા થયા હોય તે વખતે આપણને પાછા સાબદા કરે. આ બધું છે ખરું. એ તદ્દન અતિશયોક્તિ વિનાની વાત. પણ એ **મળ, વિક્ષેપ ને આવરણ એ બધાં ધોઈ નાખે છે. એ તો આપણે જ ધોવાં પડશે. એ આપણે જ. અને એ ભક્તિ સિવાય કે જ્ઞાન સિવાય જાય જ નહિ.** એ એક ને એક બે જેવી વાત. ક્યાં તો ભક્તિ સંપૂર્ણ થાય ભગવાનમાં. સંપૂર્ણ થાય તો ક્યારે થાય ? લગાતાર આપણાં મનાદિકરણમાં એની જ સભાનતા awarness રહે અને જ્ઞાનનું પરિણામ પણ એ જ. Awarness આપણા મનમાં રહ્યાં કરે.

ઘણા લોકો કહે *મોટા,* હું તમને બહુ ચાહું છું. તદ્દન ગપ્પું. મનમાં તો હોય નહિ. એમનાં મન, બુદ્ધિ, ચિત્તમાં તો હોય જ નહિ તોપણ છતાં બોલ્યા કરે. કોકને કહું. બધાંને ના કહું. પણ કોકને કહી દઉં ખરો.

## ભક્તિની પરાકાષ્ઠાએ મળ, વિક્ષેપ આપોઆપ જાય

એટલે આપણે આ મળ, વિક્ષેપ ને આવરણ એ આપણે

જ્યાં સુધી ભક્તિની પરાકાષ્ઠા સુધી પહોંચ્યા નથી, ત્યાં સુધી નહિ જાય. ગુરુ પણ નહિ કરી શકે. અને જ્ઞાનની એવી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પરાકાષ્ઠાએ પહોંચીએ ત્યારે એ જાય. અને એને જવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. માણસો એને મળ હોય. જે હોય એને કાઢવાનો જે પ્રયત્ન કરે છે, એ મને બરાબર રસ્તો લાગતો નથી સાચો. એના કરતાં ભક્તિનો રસ્તો સાચો છે. ભક્તિમાં જેટલું ઊંડામાં ઊંડું જવાય. ભક્તિમાં જેટલો વધારેમાં વધારે રસ લેવાય. ભક્તિમાં જેટલી વધારેમાં વધારે મહેનત થાય. એ અખંડ કરી દો. પછી એની મેળે, એની મેળે ખસી ગયા. જેમ ચોર આવ્યા હોય અને પછી બધા જાગી જાય અને લાઈટ થાય એટલે ભાગે. એવી રીતે આ મળ, વિક્ષેપ ને આવરણ એની મેળે હઠી જશે. **ભક્તિ અને જ્ઞાનનું સર્વોચ્ચપણું આપણા જીવનમાં જાગી જવું જોઈએ. ત્યારે જ એ જાય. બાકી મને મારી સમજણ એવી છે કે ગુરુ એ નહિ કરી શકે.** ગુરુ પણ એવા હોય છે ખરા. ગુરુ કરે ખરા. એવા એ ખરેખરા ગુરુ કહેવાય કે જે કામ આપણે કરવાનું છે, તે આપણે જ કરવું જોઈએ. એ ત્યાં ઈશારો આપે, મદદ કરે, પ્રેરણા આપે, સમજાવે, એ બધું કરે ખરા. **પણ એ કામ તમારે જ કરવાનું. એ નહિ કરી આપે**. મારી સમજણ આ જાતની છે.

## અનુભવીનાં નિમિત્ત—બે પ્રકારનાં

**જિજ્ઞાસુ :** હવે બીજો પ્રશ્ન એવો છે કે આપે લખ્યું નિમિત્તમાં કે જ્યાં જ્યાં નિમિત્ત હોય છે, ત્યાં ત્યાં અનુભવી નિરંતર હાજર હોય છે. તે સંબંધમાં આવેલ જીવરૂપી નિમિત્ત

જ્યાં હોય, એ ઉપસ્થિત જ હોય કે નિમિત્ત જ્યારે યાદ કરે, હૃદયથી પોકાર કરે, ત્યારે તે ઉપસ્થિત થાય છે ?

**શ્રીમોટા :** એક તો નિમિત્ત બે પ્રકારનાં. એક અનુભવીને પોતાનાં હોય છે નિમિત્ત. અનેક જન્મોનાં. એની સાથે ગાળ્યા હોય છે એટલે કાળ ભલે એને ના હોય. પણ તેનાથી કરીને નિમિત્ત નથી એવું નથી અનુભવીને. ને અનુભવીને પોતાનાં પણ નિમિત્ત છે. અને તે અનેક ઠેકાણે પ્રસરાયેલાં છે. એક ઠેકાણે નહિ. અને બીજી રીતે જુદાં જુદાં નિમિત્તો માણસો, જીવો, સંબંધમાં આવેલા છે. અને તે પણ નિમિત્ત છે એને. એ નિમિત્ત છે એને. એ નિમિત્ત. એ લોકો પણ પ્રેમભક્તિભાવે એને યાદ કરતાં હોય. ત્યારે એક તો એને પોતાનાં નિમિત્તો. ને બીજી આવી રીતે એની સાથે સંબંધમાં, સોબતમાં આવેલા પ્રેમભક્તિપૂર્વક જે યાદ કરે છે. અમસ્તાં, અમસ્તાં નહિ. લેભાગુ નહિ. પણ પ્રેમભક્તિભાવપૂર્વક યાદ કરે ત્યારે, તેમની સાથે એ હોય છે.

## અનુભવીનાં નિમિત્તનાં લક્ષણો

હવે એ દેખાય નહિ. ત્યારે કોઈ પરિણામ તો જોઈએ. કાંઈ લક્ષણ વિના કેવી રીતે મનાય ? તેવી રીતે આપણને ઓચિંતો ઉત્સાહ આવે કે જે વસ્તુ કરવાની હોય તેનો ઉકેલ આવી જાય. તેમાં કાંઈક સરળતા મળી જાય. આવું કાંઈક ને કાંઈક થયાં જ કરે. દરેકને જુદી જુદી રીતે. પણ પેલા લોકો જાણતા હોતા નથી કે પેલાની (અનુભવી) હાજરીનું આ પરિણામ છે. પેલા સંસારી લોકો જાણતા નથી. તેવી રીતે આ જે અનુભવી છે, તેનાં જે નિમિત્ત છે, એનાં નિમિત્ત છે, એનાં નિમિત્તની વખતે, એ પણ ત્યાં હાજર હોય છે. અને એકીસાથે

ઘણે ઠેકાણે. કે આ તો મનાય એવી વાત નથી. અમસ્તાં બધાં લઈ મંડેલાં. ગપ્પાં મારે છે. આ સૂર્ય છે ને ? એનો પ્રકાશ કેટલે ઠેકાણે ?

## અનુભવી ગમે ત્યાં હાજર થઈ શકે

**જિજ્ઞાસુ :** સર્વત્ર.

**શ્રીમોટા :** એને માનવું પડે કે નહિ ? તેવી રીતે અનુભવી થાય છે. અનુભવી થાય છે એની બુદ્ધિ expand થાય છે. **એની બુદ્ધિને પ્રજ્ઞા કહેલી છે. ત્યારે એની liability એટલી બધી મોટી કે ગમે ત્યાં હાજર થઈ શકે છે. ગમે ત્યાં હાજર થઈ શકે છે. એ તો અનુભવનો વિષય છે. અમે કહીએ છીએ તમે થઈ જુઓ. તમે અનુભવી થઈ જુઓ. ને પછી અનુભવો. તે સિવાય તમને ખબર નહિ પડે. અમારું કહેવું ગપ્પું માનવું હોય તો ગપ્પું માનો. અમને તેનો કોઈ જાતનો વાંધો નથી. કોઈ જાતનો. પણ અમારા મનથી આ વાત સાચી છે. અને તે તમે થાવ તો તમને પણ સાચી સમજાય. એટલે અનુભવીનાં જે નિમિત્તો હોય ત્યાં પણ એ હોય છે.**

## અનુભવી અને સંસારીનાં નિમિત્તના અનુભવોમાં ફરક

પણ ત્યાં સંસારીમાં સંસારના આજકાલના એના સંબંધમાં આવેલા માણસો પ્રેમભક્તિપૂર્વક એને જે ભજે  કે યાદ કરે અને પેલા એના સંબંધમાં આવેલા અનુભવીના સંબંધમાં આવેલા માણસો છે, એ બેની વચ્ચે તફાવત પડે છે. એકને જે થાય છે, તેવું પેલા બીજાને નથી થતું. બીજાને પેલા જેવું નથી થતું હોં... થાય છે તો ખરું પણ એને જે થાય છે, તે કોઈ નોખા પ્રકારનું. એને જે થાય છે, તે સંસાર-સાંસારિક- વ્યાવહારિક જાતનું નહિ. પણ ઈશ્વર—ચેતન પરત્વેનું એનું. સ્થિતિ જેમ

વધારે ને વધારે થાય, વિકાસ થાય, વિકાસ થાય તે પરત્વેનું કર્મ એનામાં થાય. એ જાતની પ્રેરણા પેલા માણસને મળે. પેલા અનુભવી તરફથી. એટલો બે જણ વચ્ચેનો ફરક છે.

## લય પામેલા મુક્તાત્માઓ પ્રેમભક્તિપૂર્વક યાદ કરતાં હાજર થાય છે

**જિજ્ઞાસુ :** આપે કહ્યું કે જીવન્મુક્તો, મુક્તાત્માઓ microscopic minorityમાં ઘણા જ એ પ્રમાણમાં હોય છે પણ ચેતન સાથે એક થયેલા હોય છે, એટલે સર્વત્ર હોય છે. હવે એ વ્યક્તિ જેમ મેં કહ્યું કે ઘટાકાશ ઘટ તૂટી જાય એટલે આકાશ મહાકાશમાં લીન થઈ જાય છે એવું બનતું હોય છે, તો છતાં એનું વિશિષ્ટ વ્યક્તિત્વ હોય છે એવું આપના કહેવાથી ફલિત થાય છે. એ logically બેસતું નથી.

**શ્રીમોટા :** આકાશમાં સૂર્ય એક જ છે. એને પ્રકાશ છે. એક જ સૂર્ય નથી. અનેક સૂર્યો છે. એ તો બુદ્ધિમાં ઊતરે એવી વાત છે. તેવી રીતે આવા જે મહાત્મા પુરુષો છે. તે વિલીન થઈ ગયેલા છે. પછી તેમનું અસ્તિત્વ ચાલ્યું ગયું છે એમ નથી. જે જે ભક્તો એને પ્રેમભક્તિપૂર્વક યાદ કરે છે, ત્યારે એ હાજર હોય છે. ત્યાં હોવા છતાં ત્યાંની સ્થિતિ બદલાતી નથી કોઈ. તેમ છતાં પૃથ્વી પર હાજર છે. શ્રીરામકૃષ્ણ પરમહંસનો દાખલો લઈએ કે એમના શરીર ગુજરી ગયા પછી કેટલાકને એમનાં દર્શન થયેલાં છે. શ્રીરમણ મહર્ષિનું પણ એમ જ છે.

**જિજ્ઞાસુ :** એ તર્કસંગત આપણે શી રીતે સમજાવી શકીએ ?

**શ્રીમોટા :** તે કહું તમને. કે જ્યારે આપણો વિચાર છે.

એ વિચાર ભાવનાની સ્થિતિમાં આવે અને ભાવના એકાકાર થઈ જાય અને અખંડ થાય અને એમાં જ રમમાણ હોય, ત્યારે ભાવ પોતે જ સાકાર થઈ જાય છે. ભાવ પોતે જ સાકાર થઈ જાય છે. તેવી રીતે સદ્‌ગુરુ જ્યારે એનું મનન-ચિંતવન ચાલ્યાં કરે છે અને કોઈ ગરજ પડી છે એને. ગરજ પડે આપણે, સંસારને, કોઈને યાદ કરીએ છીએ. પાંચસો રૂપિયા જોઈતા હોય આપણને તો આપણે ભાઈબંધ હોય. ખરેખરો. એને વાત કરીએ. એને પછી જઈને કહીએ તો આપણું કામ પાર પડી જાય. તેવી રીતે આ સંસાર વહેવારમાં આપણે રહીએ છીએ અને આપણે એવા મહાપુરુષની સાથે સંબંધ છે દિલ દિલનો સંબંધ છે એની સાથેનો.

## હૃદયનો પોકાર

હવે જ્યારે આપણે એને પોકાર પાડીએ છીએ, એને યાદ કરીએ છીએ, આપણાં મનાદિકરણમાં એના સિવાય બીજું કશું અસ્તિત્વ નથી. એ એકલો જ આપણાં મનાદિકરણમાં રમ્યા કરતો હોય છે અને આપણે જે કહેવાનું હોય તે કહીએ છીએ, તે વખતે એ મનાદિકરણમાં ભાવનાથી રમતો એ આત્મનિષ્ઠ પુરુષ આપણી સાથે સાકારરૂપે પણ આવે છે અને સાકારરૂપ ન હોવા છતાં તમારા હૃદયમાં એના બધા પ્રેરણારૂપે બધી તમારી જે મુશ્કેલી હોય એના બધા ઉત્તર અંદર મળી જાય છે. અંદર. અને કેટલીક બાબતમાં સાકાર પણ થાય છે.

## ક્રૉસ પરથી જિસસ પ્રગટ થયા પણ બાળી દીધા હોય તોય પ્રગટ થાય છે

**જિજ્ઞાસુ :** આ જિસસ આવ્યા એમ જે કહે છે તો એ રીતે.

**શ્રીમોટા :** જિસસ !

**જિજ્ઞાસુ :** જિસસ ક્રાઈસ્ટ. એમનું crucification થઈ ગયું અને ત્યાર પછી પાછા પ્રગટ થાય છે અને ઘનિષ્ઠ સ્વરૂપે જ દર્શન આપે છે. કોને આપે છે તે હું ભૂલી ગયો.

**શ્રીમોટા :** હા છે. હા થાય. એ થઈ શકે. બાળેલા હોય તોય થઈ શકેને. એને તો ક્રૉસમાં ચડાવેલા. જીવતા હતા. મરી ન હતા ગયા કાંઈ. પણ એ તો ગમે તે હોય. પણ બાળી નાખેલા હોય તોપણ એ જીવતા કરે. કારણ કે એને body છે એ મહત્ત્વ છે નહિ એને. એ પોતાને ભાવને લીધે body તો છે.

## ભેદ-અભેદ

**જિજ્ઞાસુ :** આ ઉપરથી એક સિદ્ધાંત એવો નીકળી જાય છે કે ભેદ પણ છે ને અભેદ પણ છે. એવું થાય છે.

**શ્રીમોટા :** તે એટલા માટે તો આપણને ત્યાં બધા આટલા બધા સંપ્રદાય નીકળ્યા. માત્ર અભેદ નથી. ભેદ છે. અભેદેય છે ને ભેદ પણ છે. ભેદમાં મઝા પડે છે. બે દોસ્તદાર હોઈએ તો એની સાથે ગમ્મત કરતાં ટોળટપ્પાં કરતાં, ગાળો દઈએ અને ગમે તે પછી બે ભાઈબંધ ખરેખરાં હોઈએ તો સાહેબ એની મઝા કાંઈ ઓર છે. તેવી રીતે દ્વૈતની મઝા ઓર છે. તે તો આની સાથે સરખાવી શકાય જ નહિ. બિલકુલ ના સરખાવી શકાય. મિત્રની સાથે જે સરખામણી કરી. તે તો સરખાવી જ ન શકાય. પણ એની સાથેનું જે દ્વૈત છે. એ તો કોઈ અદ્વિતીય એવું પ્રકારનું છે કે અનુભવ સિવાય એ સમજણ નહિ પડે. બહુ જ આહ્‌લાદક અને અપરંપાર આનંદનો તો કોઈ સુમાર નહિ ત્યાં આગળ. નર્યું ઊછળે. અને છતાં એ જતું ન રહે

આપણી પાસેથી. એવી રીતે...રહે છે તે ભાવના. તારી સાથે જ છું. એવું થાય છે. એવા મને અનુભવ થયેલા છે.

**જિજ્ઞાસુ :** એટલે દ્વૈતાદ્વૈતની...હવે કર્મનાં સારાં સૌ પ્રમાણે મનુષ્ય સુખદુઃખ થાય છે એવો શાસ્ત્રમાં મત દર્શાવ્યો છે. પણ શ્રીઅરવિંદ એવું માનતા નથી. તે એમના મતે તો સારાં કર્મોથી મનુષ્ય ઉન્નત થાય છે અને નરસાં કર્મથી અઉન્નત થાય છે. સારાં કર્મને કારણે મનુષ્યને સમૃદ્ધિ મળે છે, વગેરે થાય છે અથવા તો દુનિયામાં સુખી થાય છે એવું નથી એમ કે અને ખરાબ કર્મને કારણે એને ખરાબ જન્મ મળે છે એવું નથી.....

..................................................

ઉપનિષદ્‌માં પણ છે. એટલે પુણ્ય કર્મથી પુણ્ય એટલે પવિત્ર થાય છે એટલે ઉન્નત થાય છે અને ખરાબ કર્મોથી એ અઉન્નત થાય છે. એવું ભાર દઈને શ્રીઅરવિંદ આ પ્રમાણે વાત કરે છે એવું મને લાગે છે. આપની શી માન્યતા છે ?

**શ્રીમોટા :**........................................

..................................................

..................................................

કારણ કે કર્મ એક કર્યું. સારું કે નરસું. એ કર્મ તો સ્થૂળ છે ને ? પણ એની સાથે વળગેલાં છે મનાદિકરણ. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્. એ જે રીતે વિચારે છે, તે વખતે જો ઉત્તમમાં ઉત્તમ રીતે વિચારતાં હોય અને ખરાબમાં ખરાબ જાતનું કામ કરતાં હોય. એ માણસ તદ્દન નિંદિત પ્રકારનું કર્મ કરતો હોય, તદ્દન નિંદિત, ત્યારે એનાં મનાદિકરણ જો ઉત્તમમાં ઉત્તમ પ્રકારનું મનન-ચિંતવન કરતાં હોય તો પેલાનું

કોઈ ......પરિણામ નથી એને નડતું......નથી એને. એટલે કર્મ મનાદિકરણ સાથે વળગેલાં છે. એટલે કર્મ કરતી વખતે તમારાં મનાદિકરણ કેવા પ્રકારનું વિચારે છે એના ઉપર આધાર છે...

.........................................................

ભક્ત હોય. અને કર્મ સંજોગે એને પાકતું નહિ હોય એને. કર્મના સંજોગે લાકડાં ચોરવા ગયો હતો ને ? મહેમાન ઘરે આવ્યા. લાકડાં હતાં નહિ. રસોઈ કરવી. બધાને નવડાવવા. તો લાકડાં જોઈએ. તો ચોરી કરીને લઈ આવ્યો. ત્યારે એના મનમાં ચોરીનો કાંઈ ભાવ ન હતો. એનો ભાવ તો બહુ ઉત્તમ પ્રકારનો હતો. ત્યારે એને પાપ નહિ લાગે. (સંત કબીરજીના પુત્ર કમાલનો પ્રસંગ) એને પાપ નહિ કહેવાય. મનાદિકરણ કોઈ પણ..........

## આધ્યાત્મિક પ્રયોગ

**જિજ્ઞાસુ :** એનો અર્થ એવો થયો કે motive જોવો જોઈએ.

**શ્રીમોટા :** Motive પણ કોણ જુએ ?

**જિજ્ઞાસુ :** એટલે...

**શ્રીમોટા :** એ પોતે હમજે ત્યારે. ખરાબમાં ખરાબ કર્મ કરતું હોય, ત્યારે એની ભાવના ઉત્તમમાં ઉત્તમ પ્રકારની હોય તે પ્રયોગાત્મક રીતે એ આપણા જીવનમાં બનવું જોઈએ. મારા ગુરુમહારાજ એવા પ્રયોગ કરાવતા. કે તમે તદ્દન. તદ્દન એવી નકારાત્મક દશામાં હો ત્યારે પણ તમારું મનાદિકરણ ઉત્તમમાં ઉત્તમ પ્રકારનું છે ને ત્યારે તમે ભજન લખી શકો ત્યારે તમે ત્યારે ખરું. એવા પ્રયોગો કરાવે અમને. એમ ને એમ નહિ ચાલે.

## સુરતમાં નાડી ૧૫૦ ને તેના સાક્ષી

હમણાં સુરતમાં મારી નાડી ૧૫૦ હતી. ત્યારે ત્રણ ભજનો લખ્યાં મેં. સાક્ષી રાખીને. ઊભા રહો અલ્યા. આજ તો કોઈ આ જગતવાળા મારા બેટા માનશે નહિ કે ૧૫૦ નાડી હોય ત્યારે કોઈ લખતું હશે કહે છે ! તો એવું છે.

## નિમ્નમાં નિમ્ન સ્થિતિમાં પણ ભાવ (પ્રેમ) તૂટતો નથી

ત્યારે પેલા આ જે ભાવના છે ને જેને ભાવ કહીએ છીએ, તે ભાવ ગમે તેવી પ્રકૃતિની દશામાં એ પ્રકૃતિથી પર છે. ભાવમાં પ્રકૃતિ હોતી નથી. એ આપણે બુદ્ધિથી સ્વીકારીએ. એ જો એને ભાવ થયો હોય તો પછી પ્રકૃતિની નિમ્નમાં નિમ્ન ગતિમાં પેલો હોય તો એનો ભાવ છે તે પછી તૂટતો નથી. પછી એ કાયમ જ. કારણ કે એ માણસ કેમ આવો ? આવાં કર્મોમાં પ્રેરાયો ? એમ આપણને થાય. ત્યારે ઘણા લોકો શું કહે છે કે એ તો પ્રારબ્ધકર્મ. એ નહિ ચાલે. મારી એવી માન્યતા નહિ. કોઈક સંજોગોને લીધે એવું બની ગયું. એવું બની જાય છે. કોઈક સંજોગોને લીધે. તો તે વખતે એની ખરી પરીક્ષા થાય છે. તે વખતે એ ચેતનમાં છે કે કેમ અને એ પ્રત્યક્ષ એવું વર્તનથી બતાવે ત્યારે ખરું. ત્યાં સુધી નહિ.

## આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રયોગ જરૂરી છે

મારા ગુરુમહારાજ એવું કહેતા હતા કે આ બધા અત્યારે તો આ બધા મંડલેશ્વરો ને સાધુ-સંન્યાસીઓ એમ કહે, કે **ઈસમેં experiment ક્યા ?** એ નહિ ચાલે. આમાં પણ પ્રયોગ છે. પ્રયોગથી તમારે સાબિત કરી બતાવવું પડશે. અને બીજા કોઈને બતાવવા તમારે જવાનું નથી. તમારે પોતાએ પ્રયોગથી તમે આ પ્રકારના છો, ચેતનાનિષ્ઠ છો, એ તમારે

પ્રયોગ વડે કરીને સાબિત થવું જોઈશે તમને.

## ભગવાનનો ભાવ—પ્રયોગસિદ્ધ

ત્યારે એ બાબત વિશે કોઈએ લક્ષ આપ્યું નથી. આપણા આપણામાં. આ આમાં. કોઈમાં. ચેતાવ્યા સિવાય. કારણ કે ભાવ છે. એ ભગવાનનો ભાવ સર્વોપરી છે. એ પ્રકૃતિથી પર છે. પ્રકૃતિને એને કોઈ બંધન નથી. ત્યારે એ પછી પ્રયોગાત્મક રીતે સિદ્ધ થવું જોઈએ ને ? પ્રયોગાત્મક રીતે સિદ્ધ ન થાય ત્યાં સુધી કેવી રીતે કહેવું ?

## ભગવાનની કૃપા છે

આ જુઓને, મારા શરીરને કેટલાં બધાં દર્દ છે ? તેમાં પાછાં આ પાછો ઉમેરો થયો છે. water loggingનો. એટલો ત્રાસ થાય છે કહ્યે કસર નહિ. કે થવા દો. તોપણ હું ભજન લખ્યાં કરું. અને તેય ભગવાનની કૃપાથી કોઈ ને કોઈ  પૈસા છપાવવાને આપ્યાં કરે છે. હું કોઈ સાહિત્યકાર નથી. જોડકણાંકાર છું. જોડકણાં લખું છું. પણ મને મજા આવે છે. કારણ કે આટલું બધું દર્દ હોવા છતાંયે આપણે પેલામાં મન આપણું રાખીને સતત લખ્યાં કરીએ તો આપણને આપણને એમ સમજણ પડે છે કે ના એ અંદરની મૂડી છે ખરી.  કોડાઈ-કેનાલમાં તો ત્યાં મને બહુ ઊંચાઈ ને બહુ દમ, બહુ દમ અને બે ચોપડી લખી ત્યાં. ‘જીવનઘડતર’ ને શું નામ ભઈ ? .....બંનેના છપાવવાના પૈસાય મળી ગયા. પણ એમ ને એમ નહિ ચાલે. તમે કહો છો અનુભવ—તમારી એના તદ્દન વિરોધાત્મક સંજોગોમાં પણ એકધારો ટકી રહે. ત્યારે ખરી વાત. નહિ તો નહિ ચાલે.

**જિજ્ઞાસુ :** પણ સંસારી સુખદુઃખ તો...

**શ્રીમોટા :** એને હોય. એને હોવાનાં !

**જિજ્ઞાસુ :** એનાં પરિણામ તો ખરાંને ?

**શ્રીમોટા :** એને રહેવાનાં. એનાં પરિણામ આવે એની સાથે એને નિસ્બત નથી. ત્યાં એ નિઃસ્પૃહી છે.

## પાપ અને પુણ્યની સમજૂતી

**જિજ્ઞાસુ :** મારો પ્રશ્ન એવો છે કે પુણ્યનું પરિણામ સુખ અને પાપનું પરિણામ દુઃખ. એ તો આપણે સ્વીકારવું જોઈએ.

**શ્રીમોટા : એ પાપ અને પુણ્યની જે વાત કરો છો એ પાપ-પુણ્ય મનાદિમાં છે. મનાદિકરણને એ. શરીરને કાંઈ કશું નથી એનાથી. મનાદિકરણને. એટલે પાપ ધારો કે એવાં કર્યાં હોય વધારે તો આપણી વક્ર બુદ્ધિ થાય. વક્ર મન થાય. આ બધું મનાદિકરણમાં એની વક્રતા આવે. બાકી નહિ. ને રોગાદિ વગેરે પણ છે તે મનાદિકરણને લીધે જ છે. એને કાંઈ બીજા કશાથી છે એવું નહિ. એટલે શરીરને કશું થાય. દા.ત. ચોરી થઈ કે જે તમારા પાપને લીધે થઈ એ વાત બરાબર નહિ. એ સંજોગ છે. સ્થળ, સંજોગ ને કાળ.**

**જિજ્ઞાસુ :** કોઈ દુઃખ આવી પડ્યું એ પાપને પરિણામે ખરું ?

**શ્રીમોટા :** નહિ, પાપને પરિણામે ન મનાય. એનું જેમ સાયન્સની દૃષ્ટિએ આપણે પૃથક્કરણ કરીએ તો પૃથક્કરણ કરવું જોઈએ એના વિશે. કે ખરેખર સાચી રીતે પાપનું કયું છે ? અને સ્થળ, સંજોગ ને કાળને લીધે કયું છે ? મરકી થઈ તો એ સંજોગોને કારણે લીધે. એમાં તમારું પાપ નથી કશું.

બુદ્ધિથી મનાય એવું . ચેપી રોગ છે. તેની રીતે એ થયું. એટલે એ બધું વિચારવું જોઈએ. **એટલે જે કાંઈ થયું એ બધું પાપને લીધે થયું છે એમ નક્કી નથી હોતું.** એમ આપણા જીવનમાં હોતું નથી.

**જિજ્ઞાસુ :** પુણ્યને લીધે સમૃદ્ધિ થઈ એવું બને ?

**શ્રીમોટા :** ના, એવું પણ નથી. એ પણ વાત સાચી. જાતમહેનત કર્યા સિવાય સમૃદ્ધિ નહિ થાય.

## છોકરાં અમુકને ત્યાં જન્મવાનું કારણ

**જિજ્ઞાસુ :** તો કોઈ વ્યક્તિ કોઈ multi millionerને ત્યાં જન્મે છે એ કેવી રીતે ?

**શ્રીમોટા :** એ વ્યક્તિ એને ઘેર જન્મી, એને તમે પ્રારબ્ધ કહેવું હોય તો કહો એને. એની મારે ના નથી.

**જિજ્ઞાસુ :** એમાં કોઈ કર્મનું કારણ ખરું ?

**શ્રીમોટા :** કર્મનું કારણ ખરું. કર્મનું કારણ ના નહિ. કર્મનું કારણ ખરું. પણ એમાં મૂળ સિદ્ધાંત જોઈએ તો જે માબાપ હોય છે, એને જે છોકરાં થાય છે, એ એની સાથે કોઈ સંબંધવાળા છે. એ છોકરાં છે, જે થાય છે અને તે જીવો વાતાવરણમાં છે. વાતાવરણની બહાર નથી. એ વાતાવરણમાં જીવો હોય છે અને પેલાં માબાપને એ લોકોની સાથે આકર્ષણ છે. એ જાણતા નથી. એ એની ઇચ્છા છે છોકરાં થવાની. છોકરાં થવાની ઇચ્છા છે એ પાકી વાત. પણ અંતરમાંથી એમને પેલા જે આકાશમાં જીવો છે આવા, તેવા લોકોની સાથે સંબંધ થઈ જતો હોય છે અને એ સંબંધ પછી એમને ખેંચી લાવે છે અંદર. માના પેટના ગર્ભાશયમાં એને ખેંચી લાવે છે.

ખરી વાત તો એવી છે. એમાં પાપ-પુણ્યને લીધે એ થતું હોય છે એવું કાંઈ નહિ. સંબંધ મૂળનો ખરો. પેલા જીવ સાથે. તેના લીધે પેલા લોકો છોકરાં થવાને તો સૌ કોઈને મરજી હોય એમાં તો બેમત નથી. પણ એમનું આપણે કહીએ છીએ કે આપણું સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર, કારણ શરીર કે સૂક્ષ્મ શરીર જે છે, તે પેલા લોકોને ઝંખતું હોય છે. પોતાના હોવાથી. અને પોતાના થઈ ગયા છે એ. પોતાના હોવાથી તે પેલાને ઝંખતા હોય છે. એના કારણે પેલા ખેંચાઈને આવે છે માના પેટમાં. એમ કારણ હોય છે. ખરું કારણ તો આ છે. એમાં પાપ-પુણ્યનું કોઈ કારણ કે વાત નથી.

## વિચારવાનું મહત્ત્વ—ઘરેડ છોડવી

મેં એ રીતે વિચાર કરીને આ કર્યું હતું મેં. આ કહ્યું છે તમને એમ ને એમ નથી કહેતો હું. વિચાર કરીને. કારણ કે આપણામાં કેટલી બધી વાતો ઘરેડની રીતે ચાલે છે. એકલી એ ઘરેડની રીતે. એ નહિ ચાલે જ્ઞાનમાં. જ્ઞાનને તો નૂતન કહેલું છે. નૂતન નૂતન હોવું જોઈએ. ત્યારે તે રીતે આપણે બધું વિચારવું જોઈએ. તમે તો જૂની ઘરેડ પ્રમાણે જે તે બધું વિચારો એ નહિ ચાલે આ જમાનામાં. અને એક આપણે તો સમજવું જોઈએ કે આ ઘરેડ પ્રમાણે વિચારવું બરાબર નથી. તે આપણે નવું કાંઈ સૂઝે ને કાંઈ વિચારીએ તે પણ rational તો હોવું જોઈએ. આપણી બુદ્ધિ સ્વીકારે એવું હોવું જોઈએ. મારો એવો મત ખરો. એ પ્રમાણે જ હું કહું છું. કોઈ નકારે એવું નહિ. સ્વીકારે એવું.

## પ્રારબ્ધ કર્મફળ અને ભોગ

**જિજ્ઞાસુ :** અન્યની દષ્ટિએ જ્ઞાનીને પ્રારબ્ધનો ભોગ છે ? આપે જે કહ્યું છે તે પ્રમાણે તેમની દૃષ્ટિએ તો પ્રારબ્ધ ને તેનો ભોગ બંને બ્રહ્મથી ભિન્ન પ્રતીત થતા નથી એમ કહે છે. જ્ઞાનીઓને પણ પ્રારબ્ધ વધારે બળવાળું અવશ્ય ફળ આપનારું છે અને ભોગ વડે નાશ થાય છે અને પૂર્વના સંચિત, ક્રિયમાણ યથાર્થ જ્ઞાનરૂપી અગ્નિ વડે વિનાશ થાય છે. આ સર્વ કથન અન્યની દષ્ટિ વડે છે. બ્રહ્મના ને આત્માના એકપણાનો સાક્ષાત્કાર કરીને જેઓ સર્વદા તે રૂપે જ સ્થિર થયેલા છે, તેમને ત્રણે સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ કદી પણ નથી. કેમ કે તેઓ નિર્ગુણ બ્રહ્મ સ્વરૂપે જ છે. એવો શંકરાચાર્યનો વિવેકચૂડામણિનો આખો મત છે.

મારો પ્રશ્ન પછી આગળ એવો છે કે ક્યાં સુધી કર્મનો ઉપયોગ છે ? To be stop at a particular point એટલે કે અમુક stage આવ્યા પછી...

**શ્રીમોટા :** કર્મનો હવે વિચાર કરી લ્યો. અનુભવી છે સંપૂર્ણ. હવે આટલે સુધી તમને સમજણ પડી ગઈ. કર્મ ત્યાં સુધી ખરાં. એને અનુભવવા સુધી. એમાં શંકા નથી રહીને ? ચાલો એ રહ્યું ને અનુભવ થયો. તો એને શરીર રહ્યું કે નહિ ?

**જિજ્ઞાસુ :** ના. હું જીવદશા માટે વાત કરતો હતો.

**શ્રીમોટા :** જીવદશાને તો કર્મ છે, છે ને છે.

**જિજ્ઞાસુ :** એટલે તે આત્માનુસંધાનને માર્ગે ગયો. એ જતાં જતાં એવી એક સ્ટેજ આવે છે કે જ્યારે એ કર્મ અને ઉપાસના કે જે કાંઈ કરતો હોય તેને મૂકી દેવાની અવસ્થા આવે છે એની વાત કરું છું.

**શ્રીમોટા :** આવે છે, આવે છે.

**જિજ્ઞાસુ :** How far ?

**શ્રીમોટા :** એ આવે છે ખરી, પણ પછીથી એની મેળે automatically થઈ જાય છે. પણ આવે છે ખરી. એને મૂકી દે છે. એટલું જ નહિ સાહેબ, આ તો પહેલી વાર વાત કરું છું કે અનુભવી પુરુષ master of all કહ્યો છે. એને સ્વામી કહેલો છે. ભૂખ, તરસ ઉપર પણ સ્વામી. એને એવા સંજોગો મળી જાય છે. ૮-૧૦ દિવસ સુધી ખાધા સિવાય ચાલે. પાણી સિવાય સાહેબ. મારો અનુભવ છે. છ દિવસ સુધી પાણી બિલકુલ મળે નહિ. ત્યારે ભજન કીર્તનમાં મસ્ત હોય. ટટ્ટી-પેશાબ વગેરેથી મુક્તિ એને. પણ હંમેશને માટે નહિ. એને અનુભવ થઈ જાય છે કે હું આનો સ્વામી, સ્વામી છું, સ્વામી છું. જેમ આપણે ઘર છે. ઘરના આપણે સ્વામી હોઈએ તો એને તાળાં મારી દઈએ છીએને ? ગમે ત્યારે ઉઘાડવું હોય ત્યારે ઉઘાડીએ. એવી રીતે એને અનુભવ થાય છે ખરો. સાધનાની ઉચ્ચતમ કોટિમાં મુક્ત રહી શકાય છે એવો એને અનુભવ થાય છે.

**જિજ્ઞાસુ :** ભગવદ્‌ગીતામાં નૈષ્કર્મ્યસિદ્ધિ શબ્દ વાપર્યો છે. કે નૈષ્કર્મ્યવસ્થાને જ એ મોક્ષ અવસ્થા કહે છે એ સ્પષ્ટ રીતે કહે છે.

**શ્રીમોટા :** બરાબર.

### વાંસ-કૂદકામાં વાંસડો છૂટે તેમ કર્મ ઉપાસના છૂટે

**જિજ્ઞાસુ :** એટલે મને કંઈક એવું સ્ફુરેલું કે માણસ pole

jump કરે છે. પેલો pole લઈને દોડે છે ને પછી અમુક સુધી આવે છે એટલે પછી વાંસડો મૂકી પછી કૂદી પડે છે. કર્મ ને ઉપાસના મારી બુદ્ધિ પ્રમાણે અમુક સુધી ઉપયોગી થતાં હોવા જોઈએ.

**શ્રીમોટા :** છૂટી જાય છે.

**જિજ્ઞાસુ :** હા, એની વાત પૂછું છું.

**શ્રીમોટા :** એને છૂટી જાય છે. એના કોઈ કર્મ પછી પહેલાંના કર્મ તો આત્માના અનુભવના છે. હવે કોઈ એવું છે નહિ એને. એને કર્મ ફરજિયાત નથી. પણ એને કર્મ છે ખરાં. એને કર્મ છે. પળેપળ સક્રિય છે પણ નિષ્કામની ભૂમિકા પર સકામ છે. બ્રહ્મ પણ. અથવા આત્માની વાત કરીએ તોપણ એ સ્થિતિ એની થાય છે. કારણ કે એ સંપૂર્ણ નિષ્કામ હોવા છતાં એ કામ કરે કે ના કરે બધું સરખું જ છે એને.

**જિજ્ઞાસુ :** તો એવું ખરું ?

**શ્રીમોટા :** કેટલાક પડી રહે છે સાહેબ. કેટલાક એવા હોય છે, કર્મ વિના એમ ને એમ પડ્યા રહે છે. તેમ છતાં મહાન જ્ઞાની એવા હોય છે ખરા. મને એક પ્રસંગ. આ બધાને પણ સમજણ પડશે.

## ડાકોરનો મગરમચ્છ—મુક્તાત્મા

ડાકોરમાં ગોમતીના કિનારે બજારમાં જતાં એક કૂવો આવે છે. એની પાછળ પડી રહેતા. તદ્દન ગાંડો જ બધા કહેતા. ઘણા વખત સુધી.

મારા ગુરુમહારાજ કહેતા મગરમચ્છ પાસે લઈ જા. મારી પાસે પૈસા તો મળે નહિ. હું તો પગે લાગ્યો ને કહ્યું હુકમ

ઉઠાવવાને તૈયાર છું. મારી પાસે પૈસા નથી.

**ગુરુમહારાજ :** બિલકુલ નથી ?

**શ્રીમોટા :** ના.

**ગુરુમહારાજ :** તો માગી લાવ.

**મગરમચ્છ પાસે જવા પૈસા કેવી રીતે મળ્યા ?**

**શ્રીમોટા :** ગરીબને સાહેબ, કોઈ નહિ આપે.

**ગુરુમહારાજ :** તે એટલી બધી ગરીબ અવસ્થા ?

**શ્રીમોટા :** મારે ઘેર આવો તો બતાવું. મફત આવું તમારી સાથે. તમે બેસો ને હુંય બેસું.

**ગુરુમહારાજ :** *નહિ. પૈસા ચાહિયે.*

**શ્રીમોટા :** મારી પાસે પૈસા નથી. તમારી સાથે આવવાની તૈયારી છે. મારી પાસે ઘરેણું-ગાંઠું મળે નહિ કે વેચીને તમને લઈ જઉં.

**ગુરુમહારાજ :** *પૈસા ચાહિયે.* લઈ આવ.

**શ્રીમોટા :** જગા બતાવો મને આપે એવી. પૈસા મારી પાસે નથી.

**ગુરુમહારાજ :** *અચ્છા બચ્ચા.*

તો તે દિવસે ૮-૧૦ માણસો આવ્યા. રૂ.૯૫-૯૬ થઈ ગયા. કોઈ દિવસ આવે નહિ માણસો. કારણ કે હું ને એ બે જણ એકલા જ રહેતા હતા. ગામ બહાર બંગલો રાખીને. બીજા કોઈ આવતા જ ન હતા. ના જ પાડેલી. કોઈને આવવા જ નહિ દેવાનું. બે જ જણ અમે. ત્યારે તે દિવસે ઓચિંતા માણસો આવ્યા. રૂ. ૯૫-૯૬ મૂક્યા. *લ્યો બચ્ચા, દેખો પૈસા આ ગયા. અબી તુમ લે ચલો.* મગરમચ્છ જોવા લઈ જા. હું

તો પંચાતમાં પડ્યો. મગરમચ્છ જોવા ક્યાં લઈ જાઉં ? વડોદરામાં કમાટીબાગમાં મોટા મગરમચ્છો છે અને ખંભાત દરિયો છે. ત્યાં કદાચ હોય. તો ત્યાં લઈ જાઉં. એ કહે નહિ બીજું. વારંવાર સો વાર બોલ્યા હશે. બાળકની માફક. હવે મને ચીડ ત્યારે ચડેલી. બાપજી, તમે બોલ્યા કરો છો પણ જગાનું નામ તો દેતા નથી. ક્યાં મારે લઈ જવા ? *નહિ, બસ લે ચલો અભી.* એટલી બધી રઢ લીધી કે મેં કહ્યું, 'મૂઉં હેંડો, ચાલો.' સ્ટેશને આવીને આણંદ સુધીની ટિકિટ લીધી.

## મગરમચ્છની શોધ અને ગુરુમહારાજનું વર્તન

પછી આણંદ આવ્યું એટલે મેં મહારાજને કહ્યું કે અહીંથી મોટો દરિયો આવે છે. દરિયામાં તો મગરમચ્છ હોય જ. આ બાજુ મુંબઈ જાય છે. વડોદરા છે. ત્યાં મોટા મોટા પાણીના કુંડ છે. તેમાં મોટા મોટા જબરજસ્ત મગરો છે. ને આ બાજુ રણછોડજીનું મંદિર છે. તે રણછોડજીને મગરમચ્છ કહેતા હોય તો એ ત્યાં છે. તોય જવાબ ના આપે. અહીં લઈ જા એમ કહે જ નહિ એ તો. બહુ મુશ્કેલ છે આવા લોકો સાથે કામ પાડવું હોં સાહેબ.

મને તો ગુરુમહારાજે શિખવાડેલું એવી રીતે આપણે રહીએ છીએ. એટલે લોકોને વાંધો નથી આવતો. જો અસલ અમારી રીત પ્રમાણે રહું તો ઘડીભર લોક સંઘરે નહિ સાહેબ મને. સાચું કહું છું. આપણને ખબર નહિ શેને મગરમચ્છ કહે છે તેય મને ખબર નહિ. પછી ફરતાં ફરતાં અમે ગોમતીના કિનારા પર કૂવો છે. તેની પાસે એના પર એક માણસ મેલા-ઘેલા જેવો પડી રહેલો. બરાબર ત્યાં જ. વરસાદમાં, ટાઢમાં,

તડકામાં. ત્યાં જ રહે એ. વરસાદમાં સુદ્ધાં. તેમની સાથે મારા ગુરુમહારાજે અલક-મલકની વાતો કરી. આપણને સમજણ નહિ પડે હોં સાહેબ કંઈ આકાશની ને એવી બધી વાતો કરે. તમે ક્યાં સૂવો છો ? મારા ગુરુમહારાજ કહે હું તો આકાશમાં સૂવું છું. કે તમે ક્યાં સૂવો છો ? કહે કે કદીક વા ઉપર, તેજ ઉપર, કદીક પૃથ્વી ઉપર, જળ ઉપર. હંમેશનું આકાશમાં સૂવાનું હજુ થયું નથી. આવી બધી વાત કરે. આજે તો હું સમજું. ત્યારે નહિ સમજું. પછી મને કહે, જો આ મગરમચ્છ છે. મેં કહ્યું આ તો માણસ છે. પણ અનુભવની દૃષ્ટિથી મગરમચ્છ. હવે એને કોણ ઓળખે ? કેટલાં બધાં વર્ષ સુધી એ ડાકોરમાં હતો.

## મગરમચ્છને ગુરુમહારાજની ભલામણ

એ કર્મ કરે છે ખરો. એને પછી કહી ગયા. મારી ભલામણ કરી ગયા. આ છોકરાને એટલા માટે તમારી પાસે લાવ્યો છું કે અમારી પાસે આવી શકે એવી સ્થિતિ એની નથી. પૈસા ન મળે. અહીં ડાકોર પાસે છે. એટલે તમને પૂછવા કરવા આવે તો સીધો જવાબ દેજો. આડી-તેડી ભાષામાં જવાબ ન આપશો. તો કહે આપીશ. ત્રણેક વાર ગયેલો. બહુ સરસ જવાબ આપેલા. પણ હવે એને કોણ જાણે ? આવો અનુભવી છે કોણ જાણે ? કોણ માને આ ? ભણેલા-ગણેલાની તો બુદ્ધિ જ પહોંચે નહિ ત્યાં આગળ. હવે એવું બધું કરતાં. પણ એ છે. એવાને કર્મ દેખીતાં નથી લાગતાં. કર્મ દેખાતાં નથી. પણ એને કર્મ છે ખરાં. એને કર્મ છે. મનાદિકરણ દ્વારા એ કર્મ કરતો હોય છે. એને અનેકની સાથે

સંબંધ છે. નિમિત્તને કારણે. એટલે ભેદ રહે છે. જીવદશામાં કર્મ essential એમાં કોઈને ભેદ નથી. બધાંને કર્મ કરવું જ પડે. ઓછાવત્તા પ્રમાણથી. પણ અનુભવની સ્થિતિમાં categoriesમાં ફેર. કોઈ સતત કર્મમાં પરોવાયેલા હોય. કોઈ ન પણ હોય. તો કે એને આવાં જ કર્મ જોઈએ એમ પણ નહિ.

**જિજ્ઞાસુ :** અનુભવીને માટે કર્મ compulsory નથી.

**શ્રીમોટા :** કર્મ છે ખરું. પણ અમુક જ કર્મ. મનાદિકરણ આવ્યાં. નિમિત્ત આવ્યું એટલે કર્મ આવ્યું. નિમિત્તની વાત આપણે સ્વીકારીએ એટલે કર્મ તો આવ્યું એને. પણ કેટલાક માણસ દ્વારા કરતા હોય. કેટલાક પ્રત્યક્ષ રીતે કરે અને કેટલાક એની મેળે કરે. સૂક્ષ્મ ભાવથી. માત્ર ભાવથી. મનાદિકરણેય ઊડી જાય. માત્ર એક ભાવ રહે એનામાં. એવી રીતે પણ એ કરે છે કર્મ. આ અનુભવી પુરુષ. ત્યારે કર્મ રહે છે ખરું. કોઈ ને કોઈ પ્રકારે કર્મ રહે છે. **પણ essential નહિ એને. બિલકુલ essential નહિ. એને લૂગડાં પહેરવાં essential નહિ. એ તો પહેરે એ લૂગડાં. લોકોને પસંદ ના પડે એટલે. બાકી એને કપડાં પહેરવાં જોઈએ એવું કાંઈ નહિ.**

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્‌લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કર્મઉપાસના (પદ્ય)
૪૯. કૃપા (પદ્ય)
૫૦. સ્વાર્થ (પદ્ય)
૫૧. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૨. જીવનકથની (પદ્ય)
૫૩. પ્રેમ (પદ્ય)
૫૪. જીવનસ્પંદન (પદ્ય)
૫૫. મોહ (પદ્ય)
૫૬. શ્રીમોટા (ગદ્ય)
૫૭. ગુણવિમર્શ (પદ્ય)
૫૮. જીવનપગદંડી (પદ્ય)
૫૯. જીવનકેડી (પદ્ય)
૬૦. જીવનચણતર (પદ્ય)
૬૧. ભાવકણિકા (પદ્ય)
૬૨. ભાવરેણુ (પદ્ય)
૬૩. ભાવજ્યોતિ (પદ્ય)
૬૪. ભાવપુષ્પ (પદ્ય)
૬૫. ભાવહર્ષા (પદ્ય)
૬૬. જીવનઘડતર (પદ્ય)
૬૭. જીવનપ્રવાહ (પદ્ય)
૬૮. જીવનપ્રભાત (પદ્ય)
૬૯. પૂ.શ્રીમોટા—જીવન અને કાર્ય
(જીવનચરિત્ર)
૭૦. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૭૧. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૨. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૩. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૪. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૫. શેષ-વિશેષ (સત્સંગ)
૭૬. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૭. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૮. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૯. જોડાજોડ (સત્સંગ)
૮૦. અન્વય-સમન્વય (સત્સંગ)
૮૧. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૨. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૩. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૪. કેન્સરની સામે (પત્રો)
૮૫. ધનનો યોગ
૮૬. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૭. સંતહૃદય (પત્રો)
૮૮. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.